# ગિનાને શરીફ

## ૧૦૫ ગિનાનો
## ભાગ પહેલો

ઇતરેબ ઇન્ડિયા

# ગિનાને શરીફ

૧૦૫ ગિનાનો

ભાગ પહેલો

# પ્રસ્તાવના

દા'વત ઇસ્માઈલી તરીકાનું અગત્યનું પાસું રહ્યું છે. ઝમાનાના ઇમામની સમય પ્રમાણેની હિદાયત અને સ્થાનિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખી ઇસ્માઈલી પીરો, સૈયદો અને દાઈઓ સદીઓથી લોકોને ઇસ્લામ અને ઇસ્માઈલી તરીકાનું જ્ઞાન આપતા રહ્યા છે.

ઇસ્માઈલી તરીકાની એ ખૂબી રહી છે કે તેના સત્ત્વ અને સિદ્ધાંતોનું શિક્ષણ દરેક સમયમાં લોકો સુધી વિવિધ રીતે પહોંચતું રહ્યું છે અને તે માટે જરૂરત પ્રમાણે દા'વતની યોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સમય અનુસાર દા'વત પદ્ધતિના બાહ્ય સ્વરૂપો બદલાયા પરંતુ ઇસ્માઈલી મુસ્લિમો નિરંતર એક તાંતણે બંધાએલા રહ્યાં છે; પછી ભલે તેઓ કોઇપણ સમય, સ્થળ, સંજોગ કે સંસ્કૃત્તિના પ્રભાવ હેઠળ દીનનું પાલન કરતા હોય.

ગિનાન સાહિત્ય, હિંદ-પાક ઉપખંડમાં સ્થાનિક સંજોગો, લોકો, સમય અને સંસ્કૃતિ અનુસાર ઉપયોગમાં લેવાએલ દા'વત પદ્ધતિનું એક અનેરું દૃષ્ટાંત છે જે આજે મુખ્યત્ત્વે હિંદ-પાક ઉપખંડમાંથી ઉદ્ભવેલી જમાતો માટે એક અગત્યની પ્રણાલિકા બની રહી છે.

સમયની પ્રગતિ સાથે જેમ જેમ જગતના જુદા જુદા ભાગોમાં વસતી ઇસ્માઈલી જમાતોમાં પ્રચલિત આવું જ બોધસભર ધાર્મિક સાહિત્ય જુદા જુદા સ્વરૂપે જાણમાં આવતું થયું છે તેમ તેમ જમાતોમાં તેને સમજવાની ઉત્કંઠા જાગતી જાય છે. મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું છે કે : **"જ્યારે ભારતીય ઉપખંડની જમાતો, તમે જેને 'ગિનાન' કહો**

**છો તે ધરાવે છે તો ઈરાન કે અફઘાનિસ્તાનની જમાતો, તમે જેને 'કસીદા' કહો છો તે ધરાવી શકે છે. પરંતુ આજે અમે તમને જે ભારપૂર્વક જણાવીએ છીએ તે એ છે કે જ્યારે જગતના એ ભાગોમાંથી આ પ્રણાલિકાઓ વધુ વ્યાપકપણે જાણમાં આવતી જાય છે.... તો આ પ્રણાલિકાઓનું સમર્થન થવું જોઈએ, તેને સમજવી જોઈએ અને ઇમામની દોરવણી હેઠળ જમાતે તેમાં વધુ ને વધુ ભાગ લેવો જોઈએ."**

ગિનાનોની જેમ વિવિધ કર્ણપ્રિય રાગો અને ઢાળો સહિત બોલાતી આવી કાવ્યમય કૃત્તિઓ સિરીયા, ઈરાન, હુંઝા-ચિત્રાલ, રશિયા, મધ્ય એશિયા વગેરે દેશોમાં વસતી આપણી જમાતોમાં પણ અસ્તિત્વ ધરાવે છે, જેને અનાશીદ, કસીદા, મન્કબત, મદોહ વગેરે નામોથી સંબોધવામાં આવે છે. આ જુદી જુદી સાહિત્ય પરંપરા, ઐતિહાસિક, ભૌગોલિક, ભાષાકીય અને સ્થાનિક પરિસ્થિતિના પ્રવાહોમાં વિકાસ પામી, પરંતુ આ વિવિધતા આપણા તરીકાના મૂળભૂત સિદ્ધાંતોની એકસૂત્રતામાં અવિભક્તપણે વણાયેલી છે. હિંદ-પાક ઉપખંડમાં આપણાં પીરો અને દાઈઓએ રચેલ ગિનાનો એ આવા જ કાવ્યમય સાહિત્યોમાંનું એક છે.

આપણા મહાન પીરો તેમ જ સૈયદો રચિત પવિત્ર ગિનાનો આપણો અમૂલ્ય વારસો છે, જેને મૌલાના હાઝર ઇમામે **'આપણી અદ્‌ભૂત પ્રણાલિકા'** તરીકે સંબોધી આ વારસાને જાળવી રાખવા અમૂલ્ય દોરવણી આપી છે.

આપણી જમાત વર્ષોથી પવિત્ર ગિનાનો બોલતી રહી છે અને તે દ્વારા પોતાના નૈતિક, ભૌતિક અને આધ્યાત્મિક જીવનની ઉન્નતિ માટેનું શિક્ષણ મેળવતી રહી છે.

વર્ષ ૧૯૭૫માં પેરિસ ખાતે યોજાએલ જગતભરના ઇસ્માઈલીઆ એસોસિયેશન (હાલનું તરીકા બોર્ડ)ની કૉન્ફરન્સમાં, મૌલાના હાઝર ઇમામ તરફથી મળેલ હિદાયત અનુસાર, જુદા જુદા દેશોમાં છપાએલ ગિનાને શરીફના પુસ્તકો અને તેને લગતી જૂની હસ્તપ્રતો તપાસવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ કામગીરી ભારત, પાકિસ્તાન અને ટાન્ઝાનિયાના ઇસ્માઈલીઆ એસોસિએશનોને સુપરત કરવામાં આવી, જેણે મહિનાઓ સુધી પ્રયાસો કરીને જેટલા જૂના પુસ્તકો મળી શક્યા તેને આધારે એક એક ગિનાન તપાસ્યું અને તે પછી વર્ષ ૧૯૭૭ અને ૧૯૮૧ માં કરાચી ખાતે યોજાએલ વર્કશોપોના આધારે ક્રમે ક્રમે ૧૦૫ ગિનાન ભાગ-૧ અને ભાગ-૨ પ્રકાશિત કરવામાં આવ્યા.

જમાતની માંગને ધ્યાનમાં લઈ ૧૦૫ ગિનાનોના ભાગ પહેલાનું પુન:પ્રકાશન કરતાં આનંદ થાય છે.

આપણા ગિનાનોમાંથી કેટલાક ગિનાનો એવા છે કે જે ખાસ અવસરે, જુદી જુદી મજલિસ પ્રસંગે, વેનતીના રૂપમાં, આબેશફાની ક્રિયા, વગેરે પ્રસંગે બોલવામાં આવે છે. આ બાબતને નજર સામે રાખી સાંકળિયામાં તેને જુદા જુદા શિર્ષક હેઠળ મૂકવામાં આવ્યા છે, પરંતુ સઘળા ગિનાનો જમાતમાં બોલવા માટે હોઈ તેવા ગિનાનો સામાન્ય રીતે દરરોજ પણ બોલી શકાય છે.

**૨૯મી નવેમ્બર ૧૯૯૯**

**ધી શીઆ ઇમામી ઇસ્માઈલી તરીકા ઍન્ડ રિલીજિયસ એજ્યુકેશન બોર્ડ ફૉર ઇન્ડિયા**

# સાંકળિયું


| ક્રમ | ગિનાન | પાનું |
| --- | --- | --- |
| | **હમ્દ** | |
| ૧. | હક તું પાક તું બાદશાહ | ૧ |
| ૨. | પહેલોરે નામ ખુદાજીકો લીજે | ૨ |
| | **વેનતી** | |
| ૩. | અબ તેરી મહોબત લાગી | ૩ |
| ૪. | કાયમ દાયમ તું મોરો સામી | ૫ |
| ૫. | કચી કાયા મિટકી, બંદે ભીંજે (સવાબે આખિરત) | ૬ |
| ૬. | હુંરે પિયાસી પિયા તેરે દરશનકી | ૭ |
| ૭. | વેનતી કરું છું સાહેબ મોરાને | ૧૧ |
| | **સુબુહ સાદિક** | |
| ૮. | આહીં કરેઓ મોમન મન ધીરારે | ૧૩ |
| ૯. | યારા અનત કરોડીએ વધાઇઉ | ૧૪ |
| ૧૦. | દીવડા બતી માંહે જીઉ તેલ | ૧૬ |
| ૧૧. | ઉથી અલ્લાહ ન ઘુરેં બંદા | ૧૭ |
| ૧૨. | ઊઠ બએઠ બંદા તું કાંય સૂતો | ૧૮ |
| ૧૩. | કાંયરે મોમનભાઇ તમે સોવોરે નચિંતા | ૨૨ |
| ૧૪. | નિંદ કરતા નિંદ ગઇરે | ૨૩ |
| ૧૫. | જાગો જાગો હો મ સૂમીયો | ૨૪ |
| ૧૬. | ખડિયા પડિયા લેટિયા બેઠિયા | ૨૫ |

| ક્રમ | ગિનાન | પાનું |
| --- | --- | --- |
| | **સાંજના ગિનાન** | |
| ૧૭. | કાએમ આયા શાહાજીઉ | ૨૭ |
| ૧૮. | ભાઇ તિની વીરેજીઉ ઉમેદું | ૨૮ |
| | **આબેશફા** | |
| ૧૯. | સતના સરોવર સરાસર ભરિઆ | ૩૦ |
| ૨૦. | ગત લોકાંજીએ ઉમાયો શાહ | ૩૧ |
| ૨૧. | નૂર વેળા નૂર પીયો | ૩૩ |
| ૨૨. | તારીએ તું તારણહાર ખુદાવંદ | ૩૪ |
| ૨૩. | આવો મારા સામી રાજા | ૩૫ |
| ૨૪. | સતના ઘટ વીરા શ્રેવીએ | ૩૭ |
| | **ખુશાલી** | |
| ૨૫. | આનંદ આનંદ કરિયો રિખીસરો | ૩૯ |
| ૨૬. | યા અલી ખૂબ મજાલીસ | ૪૦ |
| ૨૭. | નવરોજના દિન સોહામણા (નવરોઝ) | ૪૨ |
| | **રૂહાની ખયાલ** | |
| ૨૮. | સાઇં સિરેવો મ ઢીલ કર | ૪૪ |
| ૨૯. | સખી માહાપદ કેરી વાત | ૪૮ |
| ૩૦. | સખી મારી આતમના ઓધાર | ૫૦ |
| ૩૧. | હો જીરે મારા હંસા કરણી કમાવો તો | ૫૧ |
| ૩૨. | બીંદ્રારે વનમાં સુખ ચરેરે ગાવંત્રી | ૫૩ |
| ૩૩. | ઊંચથી આયો બંદે નીચ કીયું ધિયાવે | ૫૫ |
| ૩૪. | જુગત જોલ સંતોષ પાત્ર કરો | ૫૬ |
| ૩૫. | કેસરી સિંહ સરૂપ ભુલાયો | ૫૭ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| | **સવાબે આખિરત** | |
| ૩૬. | સમુદર બહોતણ બાનું વણજણ | ૫૯ |
| ૩૭. | તિલભાર તુલણા ખનેકી ધાર ચલણા | ૬૧ |
| ૩૮. | અલખ સિરેવો બાના આપણું | ૬૨ |
| ૩૯. | જૂઠીરે દુનિયા તમે કાંઇ ભૂલો | ૬૪ |
| ૪૦. | સામી રાજો આવશે વીરાભાઇ તંબલ | ૬૬ |
| ૪૧. | શેઠ કહે તમે સાંભળો વાણોતર | ૬૭ |
| ૪૨. | જ્યારે તું ગિરભાસ્થાન વસંતો | ૭૦ |
| ૪૩. | દુનિયા ચલીત્ર દેખકે બંદે મત તું | ૭૨ |
| ૪૪. | તારે પુઠીઅડે છે પાંચ, સાચલો સમર | ૭૪ |
| ૪૫. | યા અલ્લાહરે તમને શ્રેવું મારા હંસાજીના | ૭૫ |
| ૪૬. | ચેત ચેત બાના મન ચંચલ કરી | ૭૮ |
| ૪૭. | ગટ ગુરૂજી ગટ ગુરૂજી, ધરમ સંચ | ૭૯ |
| ૪૮. | અજબ શહેર મેડે ખાલક સીરજ્યા | ૮૧ |
| | **અન્ય ગિનાન** | |
| ૪૯. | પરતક વીલોણીને ફાંસ માંડી | ૮૪ |
| ૫૦. | શ્રી ઇસ્લામશાહ અમને મલિયા | ૮૭ |
| ૫૧. | સાહેબ બડા જેણે સબ જુગ સિરજિયા | ૮૯ |
| ૫૨. | હું બલિહારી ગુર આપણે | ૯૦ |
| ૫૩. | ટાઢું ટાઢું મીઠડું બોલિયે | ૯૩ |
| ૫૪. | દુનિયા સીરજીને શાહ મોરે | ૯૫ |
| ૫૫. | સાચલો મારગ સામીજીએ સીરજીઆ | ૯૭ |
| ૫૬. | પહેલો રે નામ સાંહેબજો વડો લીજ | ૧૦૦ |
| ૫૭. | સત હો સુકરીત ગુરનર ગતસું આરાધો | ૧૦૨ |
| ૫૮. | ધીરો ધીરો મોમનો તમે થરજ રેજો | ૧૦૪ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૫૯. | પડે ને બૂજે તેને શું શું કહીએ | ૧૦૫ |
| ૬૦. | યારા શફાયત મહમદ કરશે | ૧૦૭ |
| ૬૧. | સંસાર સાગર મધે વાણ | ૧૧૦ |
| ૬૨. | સામી રાજો આવે જંગી ઢોલ વજાવે | ૧૧૨ |
| ૬૩. | ગત માંહે આવીને વીરાભાઇ કર જોડી | ૧૧૪ |
| ૬૪. | ગુન તેરા સામી રાજા, બક્ષીએ દોષ હમારા | ૧૧૫ |
| ૬૫. | તમકું સધારે સો દિન બહોતજ | ૧૧૭ |
| ૬૬. | હેત ગુરનરસું કીજીયે | ૧૧૯ |
| ૬૭. | બાના તું સચોથી સચે શાહખે સિરેવે | ૧૨૧ |
| ૬૮. | ખેડો ખેડો જેમાની નાવડી | ૧૨૩ |
| ૬૯. | પર ઘર પ્રીત ન કીજિયે | ૧૨૫ |
| ૭૦. | ગુરે આપનડેલા, પગે લાગી મનાવો | ૧૨૭ |
| ૭૧. | સાહેબ કેરો ભેદ ન બૂજેરે કોઇ | ૧૩૦ |
| ૭૨. | પીરને પૂછી તમે પંથ સરેવો | ૧૩૨ |
| ૭૩. | તારેંગો મેડો શ્રીરંગ સામી રાજો | ૧૩૪ |
| ૭૪. | કાં બાંધો માયા પૂરવસે હો કાયા પૂર | ૧૩૫ |
| ૭૫. | જોગકા પેંડા દોહેલા, સૂનો જોગી | ૧૩૬ |
| ૭૬. | ભરપૂર રાજા તખતે બેઠા | ૧૩૮ |
| ૭૭. | મોમન મન ચંચલ કરી મન માંહે ધરો | ૧૪૦ |
| ૭૮. | સેવા કારણ સબ જુગ સરજિયા | ૧૪૨ |
| ૭૯. | અબુજ ન બૂજે તેને કેમ કહીયે | ૧૪૪ |
| ૮૦. | જમીન આસમાન સાહેબે જુગતે | ૧૪૫ |
| ૮૧. | અવિચલ અલ્લાહ અવિચલ ખાલક | ૧૪૭ |
| ૮૨. | હમદિલ ખાલક અલ્લાહ સોહી વસેજી | ૧૪૯ |
| ૮૩. | લાઓ તો આંહી લોણિયો | ૧૫૧ |

| ક્રમ | ગિનાન | પાનું |
| --- | --- | --- |
| ૮૪. | મીઠડું આંઇ બોલો, વીરા નમી ખમી | ૧૫૩ |
| ૮૫. | અછડા ખોજો આંહી અછડા ખોજો | ૧૫૫ |
| ૮૬. | સાહેબ દેઆકુ દે ગુસાઇયાં મોરો | ૧૫૬ |
| ૮૭. | તમે જપજો દિનને રાત કે | ૧૫૭ |
| ૮૮. | ભૂલો ભૂલો તે ભૂલો ભમરડોરે લોલ | ૧૫૯ |
| ૮૯. | તારે વાગા તે ગિનાનના વાજારે મા | ૧૬૧ |
| ૯૦. | ગુરે કાઢી છે પાવલ હાથે | ૧૬૪ |
| ૯૧. | શાહજી ચડે ગજ ગેમર ગુરજે | ૧૬૬ |
| ૯૨. | ઇસ દુનિયામેં તું ભૂલી કેમ જાવે | ૧૬૮ |
| ૯૩. | નૂરે તે ખાક નીપાયા | ૧૭૦ |
| ૯૪. | વીરા પરબ સરેવો, નિત લોણીને લીજે | ૧૭૧ |
| ૯૫. | હેતે મિલીને સતે ચાલજો | ૧૭૩ |
| ૯૬. | પિયું પિયું કીજીએ | ૧૭૫ |
| ૯૭. | કલજુગ પુરણ પરવરિયો | ૧૭૭ |
| ૯૮. | કલજુગના જીવ કઠણ છે | ૧૭૯ |
| ૯૯. | અમરાપૂરી માંહે અનંત છે સુખ | ૧૮૦ |
| ૧૦૦. | માના માના માના માંહે રહેણા | ૧૮૨ |
| ૧૦૧. | આદ ન હોતા અનાદ ન હોતા | ૧૮૪ |
| ૧૦૨. | પ્રાણ સરજી સામી પિંડ નીપાયા | ૧૮૬ |
| ૧૦૩. | પરથમ જોગ કેરા મૂલ વખાણું | ૧૮૭ |
| ૧૦૪. | આદ ઉણાદે અહુંકાર ઉપના | ૧૮૯ |
| ૧૦૫. | ઇંડ મધે જ્યારે ધિયાન ધરીને | ૧૯૦ |
| | **સાંકળિયું** | |
| ● | ગુજરાતી મૂળાક્ષર પ્રમાણે | ૧૯૧ |
| ● | જુદા જુદા પીરો અને સૈયદોના રચૈલા ગિનાનો પ્રમાણે | ૧૯૬ |

## ગિનાન : ૧

# પીર શમ્સ (રહ.)

હક તું પાક તું બાદશાહ,
મહેરબાન ભી અલી તુંહી તું. ૧.

રબ તું રહેમાન તું,
અલી અવલ આખર કાઝી તુંહી તું. ૨.

તેં ઉપાયા તેં નિપાયા,
સીરજણહાર ભી અલી તુંહી તું. ૩.

જલ થલ મૂલ મંડણહારના,
અલી હુકમ તેરા ભી તુંહી તું. ૪.

તેરી દોસ્તીમેં બોલ્યા પીર શમ્સ,
મએં બંદા તેરા યા અલી તુંહી તું. ૫.

✶

# ગિનાન : ૨

## પીર હસન કબીરદીન (રહ.)

એજી પહેલોરે નામ ખુદાજીકો લીજે,
બાવા નામ ગીડે જીવ છૂટે. ૧.

એજી નામ ગીડે શાહ તેરા મોલ અડાયા,
ઉસ માંહે સોનેકા ચૂના જડાયા. ૨.

એજી મોલ અડાયા શાહ તેરા જરૂખા જડાયા,
ઉસ માંહે મોમન મુનિવર જુલે. ૩.

એજી શાહ પીર દોય મિલિ કરી બેઠા,
મોમન કોલ તમારા સંભારોજી. ૪.

એજી નવ પાંતિયું તમે નિરતસું રાખો,
ભાઇ દસોંદ સાહેબજીને આલો. ૫.

એજી શા[illegible] પરસાદે પીર બોલ્યા હસનશાહ,
[illegible]મી રાજા અસવારી વેલડી કરજોજી. ૬.

✶

## ગિનાન : ૩

# પીર શમ્સ (રહ.)

એજી અબ તેરી મહોબત લાગી,
દિલ મેરે મહોબત લાગી,
નેનુંસે નેન મિલાવો મેરે સાહેબ... ૧.

એજી ખોલો પરદા સનમુખ દેખો,
હસ હસ મુખ દીખલાવો મેરે સાહેબ... ૨.

એજી તેરી સુરતકા પીર શમસ પિયાસા,
દરશન દાન દીલાવો મેરે સાહેબ... ૩.

એજી હમસું રીસ ન કરીએ ઓ પિયારા,
હમકુ સંગ ચલાવો મેરે સાહેબ... ૪.

એજી જુવાની દીવાની સો કુછ ન નીભેગી,
જ્યું નદીયુંકા નીર ચલાવો મેરે સાહેબ... ૫.

એજી આશક તેરા તેરે સાથ ચલેગા,
દોસ્તી દિલ બીચ લાવો મેરે સાહેબ... ૬.

એજી છેલ છબીલા એ સુનો અલબેલા,
મયા તું મન બીચ લાવો મેરે સાહેબ... ૭.

એજી ચંચલ ચાલા એ જોબન મતવાલા,
મહોબત મનમેં લાવો મેરે સાહેબ... ૮.

એજી તેરી રમ્ઝકા પિયા મૈં હુ દીવાના,
ઇશ્ક અકલ ભૂલાયા મેરે સાહેબ... ૯.

એજી મુખડા દેખિયા તબ મન હરખ્યા,
પીર શમસ કંથી સુણાયા મેરે સાહેબ... ૧૦.

✶

## ગિનાન : ૪

# પીર શમ્સ (રહ.)

એજી કાયમ દાયમ તું મોરો સામી,
તેરે નામે ભી કોઇ કોઇ. ૧.

એજી સચા કોલ પતીજણા,
અજ સચો મુહમ્મદ સોહી સોહી. ૨.

એજી પીરન બંદા તોલણા,
ગુર વચન આધા ભી ઢોઇ ઢોઇ. ૩.

એજી સાધુ લંઘે સાધ થીયા,
ત્યાં ગાફલ બેઠા રોઇ રોઇ. ૪.

એજી સો વરસ લગી જીવણાં,
બંદા આખર મરણા ભી હોઇ હોઇ. ૫.

પીર શમસ કહે દિલ દરિયા ચાંદરૂણા,
જે કરે કિરતાર સો હોઇ હોઇ. ૬.

✶

## ગિનાન : ૫

## સૈયદ ફાઝલશાહ (રહ.)

એજી કાચી કાયા મિટકી,
બંદે ભીંજે તો જાયરે પ્રાણ,
કાંયરે કાચી કાયા મિટકી,
બંદે સાહેબ નામ સદાય

મીઠા શાહ મેં સમરૂં તેરો નામ,
યા શાહ સમરૂં મેં તેરો નામ,
ખુદાવંદ સમરૂં મેં તેરો નામ. ૧.

એજી કયારે ઓલિયા કયા અંબિયા,
બંદે કયા સો પયગમ્બર પીર,
કૂવેકી ઘટમાલ હય,
બંદે ચલ ગયો સરવે નીર મીઠા શાહ... ૨.

એજી મેર પરબત ગઢ ચાલણા,
બંદે ચાલેગો હીઅરે સંસાર,
હાથેસું કરણા સો કર લીઓ,
જઇ ઉતરો પએલે પાર મીઠા શાહ... ૩.

એજી ચલંતે ચલંતે હમ થાકિયા,
બંદે સમરો સાહેબજીકો નામ,
સૈયદ ફાઝલશાહકી વેનતી,
મુંસે મહેર કરો મહેરબાન મીઠા શાહ... ૪.

★

## ગિનાન : ૬

# મીરા સૈયદખાન (રહ.)

એજી હુંરે પિયાસી પિયા તેરે દરશનકી,
આશ પૂરો પિયા મોરે મનકી,
હુંરે પિયાસી આશ તોરી,
તું ચિંતા મોરી કયું ન કરો,
ખિદમત ખાસ ખવાસ તોરી,
રૂઠા સાજન કયું ફીરોજી. ૧.

એજી સુનો મેરે કંથ કહ્યા મેરા કીજે,
મુજ નારીસું અબોલા ઇયું ન રહીજે,
કરો કરો કંથ કહ્યા હમેરા,
હમ દુ:ખીરે દોએલીઆ,
સુરિજન મનની આશ પૂરો,
તો હમ સુખીરે સોહેલીઆજી. ૨.

એજી જલ બીન મછલી સો પિયા બીન ક્યું રહેવે,
પિયાજીકે કારણે સો જીવડા દેવે,
જલ બીના મછલી હુઇ અકેલી,
દેખો કયું તરફડ મરે,
તરફડ ફૂદે કછુ ન ચાલે,
મેહેર માછી ન કરેજી. ૩.

એજી જૂઠીરે પ્રીત ભમરકી કહીએ,
પિયુજીકા દરશન ઇયું નવ લઇએ,
જૂઠીરે પ્રીત ભમરકી કહીએ,
જો કલિયાં કલિયાં રસ લેત હય,
તેમ કિરીયાના હીણા ગાફલ અંધા,
સો પિયા પર જીવ ન દેત હયજી. ૪.

એજી સાચીરે પ્રીત પતંગકી કહીએ,
પિયુજીકા દરશન ઇયું કર લઇએ,
સાચીરે પ્રીત પતંગકી કહીએ,
જો ઉલટ ઉલટ અંગ દેત હય,
એક દીપક કેરે કારણે,
સો કઇ પતંગ જીવ દેત હયજી. ૫.

એજી હમરે પિયા પર સબહી વારિયા,
પિયા મુખ દીજે વસત પિયારિયા,
એવા વાર ફેર ઉતાર ડાલો,
કુછુક બોલણા મન ધરો,
દયા કરીને સામી રાખો અમને,
એવા વેણ મારા ચિંત ધરોજી. ૬.

એજી દીદારી હોવે સો એસા ચહાવે,
સાહેબજીકું છોડ કર ઓરકું ન ધિઆવે,
દીદારી હોય સો દિલ બાંધે,
નિત નિત અદકા નેહ ધરે,
એક મન હોકર નામ લેવે,
પિયુકા દરશન સો કરેજી. ૭.

એજી યતીમ દાસીસું એસા ન કીજે,
મારા અવગુણ હોય સો ગુણ કરી લીજે,
હુંરે અપરાધણ દાસી તોરી,
તું ચિંતા મોરી કીયું ન કરો,
મારા અવગુણ હોય તો ગુણ કરો સામી,
એવા વેણ મારા ચિંત ધરોજી. ૮

એજી નહીં કુછ હોવે સો દાસી કહાવે,
અપને સાહેબજીકું એસા ભાવે,
નહીં કુછ હોવે સો દાસી કહાવે,
નિત ઊઠ અદકા નેહ ધરે,
એક મન હોકર નામ લેવે,
ઇયું કરી જાલો દેહરેજી. ૯.

એજી એક મન થઇ સાહેબજીસું રહીએ,
હેતેસું રંગ એસા લહીએ,
હેક મન થઇ રહીએ સાહેબજીસું,
ચાહો ઘણેરો કીજીએ,
પ્રેમ ઉપર શીશ દેવે,
તો પિયાકા દરશન સો કરેજી. ૧૦.

એજી પ્રેમ તંતવ જેસા ન દેખું કોઇ,
સાહેબ રીજે કરીએ ભ્મી સોંહી,
પ્રેમે મોહિયા જે મૂવા,
તેનો ભલો જીવિયો સંસારરે,
કરતવ આછા કીજીએ,
તો સાહેબ લંઘાવે પારજી. ૧૧.

એજી હમ ગુનેહગાર બંદા ભી તેરા,
સાર કરો સાહેબ મોરી સવેરા,
સાર કીધી સાહેબજીએ મોરી,
રંગ રલિયા કરો સહેલિયા,
નરને પરસાદે મીરા ભણે સૈયદખાન,
ભાગા તે દુઃખ દોહેલીઆજી. ૧૨.

*

## ગિનાન : ૭

# સૈયદ અબ્દુલ નબી (રહ.)

એજી વેનતી કરૂં છું સાહેબ મોરાને,
હસીને સામું જુઓજી,
હસી બોલાવો મારા હંસાજીના રાજા,
શરમ હમારી યા અલી તોએજી. ૧.

એજી કર જોડીને એમ માંગુ હો સાહેબ,
આશ હમારી યા અલી પૂરોજી,
હમે ગુનેહગારી બંદો દોસારી,
મારો જીવડો છે તમારે હજુરજી. ૨.

એજી વાચા પાળો મોરા કાયમ સામી,
અમે આવ્યા છીએ તમારે શરણેજી,
અતિ આધિન થઇ પાય જ લાગું,
તો પાપ હમારા યા અલી પરહરો. ૩.

એજી પાપ પરહરી સાહેબ ભેટયા,
ને હેતેસું હઇડો મારો હરખ્યોજી,
મોરો મન બાંધો આપણા અલખ સાથે,
અમી મહારસ ભીરખીઆજી. ૪.

એજી ભાઇરે મોમન તમે ભાવે આરાધો,
ને હેતેસું અલીને આજજી,
જેણે હેક મનથી આપણા સાહેબ શ્રેવિયા,
તે પામિયા અવિચલ રાજજી. ૫.

એજી કાયમ સામી શાહ કહેક માંહે બેઠા,
ને અલી રૂપે અવતારજી,
પાત્ર સીતોતેર ઇમામ ચાલીસ,
પરતક શાહ નિઝારજી. ૬.

એજી શાહ નિઝાર જેને ભેટિયા,
તેની કાયા અવિચલ થાયજી,
પાપ જાવે સરવે ભવ તણા,
પછે દેહી તેની નિરમલ થાયજી. ૭.

એજી પોપ પરમલ દેહી છે નિરમલ,
સહેજેથી સતપંથ ધિયાવોજી,
હીરાને વીરા તમે પરખીને લેજો,
નહીંકા ફોકટ ખાયસો ફેરાજી. ૮.

એજી આશ પૂરી સાહેબે ઉણીઆચારીની,
શાહા નિઝારશાહની વારજી,
ઉમેદ ધરતા આશ જ પોહોતી,
ને ભેટિયા તંતવ દીદારજી. ૯.

એજી આપ પીરસાદે સાહેબે અરદાસ સાંભળી,
અમને કીધા તે જુગા જુગના દાસજી,
ભણે સૈયદ અબ્દલ નબી હાથીડું દેજો,
આશા કલજુગ વીખડો સોંસારજી. ૧૦.

✶

## ગિનાન : ૮

# પીર સદરદીન (રહ.)

આંહી કરેઓ મોમન મન ધીરારે હુસીઆરીજ હુઓ,
યારા એમહી વિચારો વીરારે. ૧.
પાછમે લિખાયો, સો કાંએ ન પતીજે મોરા ભાઇરે. ૨.
શાહા પધરો થીઓ, આંહી સચ પતીજે મોરા ભાઇરે. ૩.
સોંસારે મ રાચો, યારા કૂડી સો હી દુનિયા આઇરે. ૪.
મન માંહે સિરેવો, માલ મ સંચો મોરા ભાઇરે. ૫.
દીપ જંપુઅ દીપમેં, તીતે શાહા રહેમત લાઇરે. ૬.
બેડા ભરપૂર ભરેઆ, સે સાધ સહી ચળંદારે. ૭.
જે કે પૂર ન પૂનડા, સે ગાફલ હથ હણંદારે. ૮.
જીની શાહ ધર સિરેવીઆ, સે ભાઇડા મોખ લહંદારે. ૯.
હું બલિહારી તિનિ મોમને, જે ગુરજે વાયકે વોહંદારે.૧૦.
સચેકે કૂડ ન ગમેઓ, યારા દીયાણી નિત જેડારે.૧૧.
પાછમે લિખાયો સો, કલમાંહે કરે શાહ નિવેડારે. ૧૨.
પીર બોલેઆ સદરદીન, ભાઇરે શાહ ધર મેડારે. ૧૩.

★

## ગિનાન : ૯

# પીર સદરદીન (રહ.)

યારા અનત કરોડીએ વધાઇઉ,
વર જંપુઅમે આયો શાહા. ૧.

યારા ઘર રીખીએં જે વધાઇયુ,
શાહ દીંધો દઇતેં દુહાગ. ૨.

યારા દુહાગ દઇતેં મૂર ન સિરવીઓ,
વાએક ન મનેઓ જીન. ૩.

યારા વચન વોહોન ગુર પીરજે,
એ સહીઅ દીદાર પસન. ૪.

યારા જીની સિરેવીઓ શાહ હેક મન,
અમરાપૂરી પામી તિન. ૫.

*(અહીંથી રાગ ફરે છે.)*

યારા ધન ધન વર દેલમ દેશ,
એ સોહામણો શાહા જો વેશ,
જેણે થાને શાહા નૂર પાયા આંઇ જીઓ. ૬.

એજી લધો હમ યારા સીલ એ પિયાર,
રિખીઅનજે ઘરે રાજ,
વધામણા ગુર ગતીઅનજે ઘરે આંઇ જીઓ. ૭.

એ જીઓ મોમન મિલી પાવલ પીઅન,
લધીરે જીની યારે સુધ,
સાધ સે થઇ હલેઆ આંઇ જીઓ. ૮.

એ જીઓ જીતે હમ શાહા કેરી રીત,
શાહા ઘણી ઘણી આંસે પ્રીત,
દેલમ રાહા ભલે આયા આંઇ જીઓ. ૯.

એજી જીતે હમ શાહા નૂર કેડો ચાહો,
શાહા દેલમ ઘણી રાહો,
દિલ તખત એ રચાયા આંઇ જીઓ. ૧૦.

એ જીઓ આવશે દાતાર ગઢ મુલસતાન,
પૂરે શાહા પરીઆણ,
નગારા સાહેબી વજંદા આંઇ જીઓ. ૧૧.

એ જીઓ બાલી બાલી સાહેબ વર કંથ,
સદાએ શાહા વસંત,
સબ દેહીઅનજો ઘણી રાજા આંઇ જીઓ. ૧૨.

એ જીઓ બોલ્યા બોલ્યા પીર સદરદીન,
સચો શાહા તોજો દીન,
ગતીઉ શાહા પીરજી સિરેવા કરીયો આંઇ જીઓ. ૧૩.

✶

# ગિનાન : ૧૦

## પીર સદરદીન (રહ.)

દીવડા બતી માંહે જીઉ તેલ સમાણા. ૧.
વાંકો રૂપ તમે કાંએ લીઓ કાંણા. ૨.
અશટ પખારી અલી તીસ માંહે સમાણા. ૩.
એ મન અપરમપરસું વિંધાણા. ૪.
દહીં દૂધ માંહે જીઉ ગિરથ સમાણા. ૫.
એ મન અપરમપર જ્યું લપટાણા. ૬.
ફૂલ સુગંધ માંહે ગંધજ સોહી. ૭.
ગિનાન સહીત બુજે વીરલા કોઇ. ૮.
સમજ જીવ આદે શાહા કિયા. ૯.
કબુક નામ લે તો હએ તુજ માંહે પિયા. ૧૦.
અકલ ખેલ પિયા કા કહીએ ધારા. ૧૧.
રાહો રંક એક મારગ લાયા. ૧૨.
અકલ ખેલ ખેલો મેરે ભાઇ તો લોણો. ૧૩.
પહેલી આસ જીવકી છોડો. ૧૪.
જીસકું વેદના પિયાસુ લાઇ. ૧૫.
સો પિયા બીના કયું જીવે ભાઇ. ૧૬.
એ તો મંએ દો કેમ કરી રાખું. ૧૭.
એજી સોહી મેં આપ સમાણી. ૧૮.
ભણે પીર સદરદીન મેં શાહકી બાની. ૧૯.

✶

## ગિનાન : ૧૧

# પીર સદરદીન (રહ.)

એજી ઉથી અલ્લાહ ન ઘુરેં બંદા, તું સૂતેં સજી રાત,
નકા જોરી જીવજી બાના નકો સમર સાથ,

શાહજો મન્ચીડો તિનિખે જેકે સુભુડે જાગન,
સુભુડે ન જાગીઆ તેંખે હુરૂં ન ઇંદીયું હથ,
સે હાય હાય કંદા હથ હણીંદા,
જીંઅ હારી વીન્યાઇ વટ શાહજો...૧.

એજી બાના તોજો તકીઓ યારા, કંડનમેં કૂડ,
પસી રતા ગુલડા યાર, મ વીન્યાઇજ મૂડ શાહજો...૨.

એજી બાના તોજો તકીઓ યારા, કંડનમેં કીઓ,
જડેં સીંચાણું સૂર કંઇ યાર, તડેં સમરિયો શાહજો...૩.

એજી કપાતીએ કતીઉ યારા, જડેં સૂતા લોક,
તેનની પાંહજે કતે વીધો, ગીચી ગાડો થોક શાહજો...૪.

એજી જેડોની તેડો અગીઓ યારા, હુંધ કતેઆઇ,
પોય સુભાણી સરતીએ, વીચ મીલી મરકેઆઇ શાહજો...૫.

એજી કોઠા મંડપ માંડીઉ, ઘર ઘોડા ને ભંડાર,
કેં ન નેઆ પાણસેં યારા, જીવ ચલંતે વાર શાહજો...૬.

એજી ભણે પીર સદરદીન, આંહી સુણો મોમન વીર,
અલખ ત્રુઠો તિનિખે, જીની સુન્યાતો શાહા પીર શાહજો...૭.

★

# ગિનાન : ૧૨

## પીર સદરદીન (રહ.)

એજી ઊઠ બએઠ બંદા તું કાંય સૂતો,
સોવણ ભલા નવ હોય,
જાગતણા સાહેબ સબ કોઇ પાવે બંદા,
સૂતા ન પામે કોઇ. ૧.

એજી વસમો વેરી બંદા હય તુજ કેડે,
દેખ ચલાવે કેસા,
અલખસુ મન રાખો આપણું,
ઘડીએ ઘડીએ સંભારો. ૨.

એજી સાહેબ જેસો બંદા હય તેરો સાંહિયા,
કરીઓ અહોરંગ કુછ પામો,
તેરો સાહેબ કબહી ન સોવે બંદા,
તુજે સોવણ ક્યું ભાવે. ૩.

એજી બહોત નિંદ્રા ભલી ન હોય,
એ કોઇ કામ ન સીજે,
એસા કામ કરો તમે બંદા,
જીસથી સાહેબ રીજે. ૪.

એજી આપણી આપણી અહોરંગ માટે,
વારા તે આપણા લેશો,
સાહેબ કેરી સેવા કરતા,
નચિંત થઇ મત રહેશો. ૫.

એજી જો તમે જાગો બંદા તો સુખ પામો,
સુતા સોહી વીગુતા,
ગઇ વેળા તુજે ફેર નહીં આવે બંદા,
કેસી તું નિંદભર સૂતા. ૬.

એજી આપણું આપ વિચારી તમે ચાલો,
ન સમજ્યા સો ભૂલા,
સાહેબ કેરી જો સેવા કરતા બંદા,
તિસથી નહીં કોઇ રૂડા. ૭.

એજી ઉરંગ ઉરંગ જીયાં લગી રચના,
એસી તે સુધ ગુમાઇ,
ત્રણ પોર સૂતો એક પોર ન જાગેઓ,
બંદા સીર ઉપર હરણી આઇ. ૮.

એજી એ વિમાસણ હય તુજ ભારી,
ન જાણા કિયા હોઇશે,
ગોડ અંધારી માંહે જ રહેણા બંદે,
એકલડા ત્યાં રહેશો. ૯.

એજી ગોડ અંધારી માંહે વસમુ છે દાઢો,
એકલડા ત્યાં રહેશો,
દોય જણા ત્યાં પૂછવાને આવે બંદા,
શિયા ઉત્તર તેને દેશો. ૧૦.

એજી માઇ ન બાપ કુટુંબ ન કોઇ,
એકલડા ત્યાં રહેશો,
સગા તણાં ત્યાં મિત્ર ન કોઇ,
સીર ઉપર ત્યાં સહેશો. ૧૧.

એજી સહેસ્ત્ર પચાસનો એક દિન થાશે,
આખર કિયામત પૂછાણું,
સો સો કરણીએ ત્યાં સૂરજ તપશે,
એક દિન એસો આવે. ૧૨.

એજી ત્રાંબા વરણી ત્યાં ધરતી તપશે,
સો દિન નેહણે આવે,
તિસ વેળા માંહે કરતવ જોઇએ,
બંદા પૂછાણેકું બોલાવે. ૧૩.

એજી તે વેળા તુંને દોયલી થાયસે,
નહીં કોઇ આવે તેરે પાસે,
સહસ્ત્ર પચાસ માંહે મહિયર મળશે,
મીલી મીલી પૂછાવે. ૧૪.

એજી ખાન મલેક રૂહ ભી કાલબ,
સબ કોઇ એકઠા મલશે,
તે વેળા તમે સાચી કરી જાણો,
નફ્સા નફ્સી કરશે. ૧૫.

એજી નફ્સા નફ્સી સબ કોઇ કરશે,
તમે સાચો શાહ આરાધો,
જો હોવેંગો તેરો પ્યાર ઘણેરો,
તો મયા કરેંગો મોરો સાંઇયા. ૧૬.

એજી ભલે ભલાઇ આખર બૂરે બૂરાઇ,
કિયા સો આપણા લેશો,
એ ગિનાન મહારસ ભણે પીર સદરદીન,
તમે સાચા તે સાહેબ આરાધો. ૧૭.

✶

## ગિનાન : ૧૩

# પીર સદરદીન (રહ.)

એજી કાંયરે મોમનભાઇ તમે સોવોરે નચિંતા,
ઝિકર કરતાં વિલંબ ન કીજે. ૧.

એજી મોમન હોકર નચિંત સોવે,
સો કેમ દીદાર અલીના જોવે. ૨.

એજી ખાવે પીવે આપ મુરાદા,
સો જીવ દોઝખે જાવણહારા. ૩.

એજી મોહ માયા કારણ ફંદરે કિયા,
ગાફલ થા તાકુ દોઝખ દિયા. ૪.

એજી ભણે પીર સદરદીન તમે સુણો મોમનભાઇ,
આવે નકલંકી તમે લીઓરે વાધાઇ. ૫.

✶

## ગિનાન : ૧૪

# પીર હસન કબીરદીન (રહ.)

નિંદ કરતા નિંદ ગઇરે, નિદ્રાએ ગઇ સારી રાતજી. ૧.

નિંદ કરતા દિન વહી ગયોરે, તો પ્રાણી પડયો જમને હાથજી. ૨.

પાછમ બેઠા બાદશાહ, તો ગઢ મેદની ચોમારજી. ૩.

રિખીસર તારન સામીજી આવ્યા, તો દંઇતોનો ખંકાલજી. ૪.

સુકરીત હોય તો સંચલોરે વીરા, તો કાહે કરો છો વારજી. ૫.

કાલ કરો તો પ્રાણી આજ કરોરે, તો કાલ આડો છે કાળજી. ૬.

જેવા મંછા તેવા માનવી, તો પ્રાણી ઓચિંતા પડશે જાલજી. ૭.

સામી સરોવર અમે વાયેલા, તો સામી તમ ત્રુઠે ભરી આશજી. ૮.

વોહોરત વોહોરો વોરલોરે, તો ખરચો તે વીર દલાલજી. ૯.

બાહુ તે આગલ અવલ શાહરે, તો જંપુદીપનો સુલતાનજી. ૧૦.

એમ બોલિયા પીર હસન કબીરદીન,
તો સામી ગુનાહ ફજલ કરાવોજી. ૧૧.

★

# ગિનાન : ૧૫

## પીર સદરદીન (રહ.)

જાગો જાગો હો મ સૂમીયો, હી નર શાહ પ્રગટ હુઆ. ૧.

જેણે સરજ્યા જીવ પીંડ હો, સો શાહ રચ્યો મઉલા. ૨.

રહેણ અંધેરી મેહ જ બરશે, નક્ષત્ર રોહોણ ગાજશે. ૩.

ચો દીશ ચમકે વીજળી, નદીએ નીર પૂરેસે. ૪.

નીર તપે સીર તેલ જીંઅ, જીંઅ ભાઇ કડા ચડેસે. ૫.

મન હઠી જે કિરીયાંદા હીણા, સો સાહેર ડૂબ મરેસે. ૬.

સચા યારા શીલવંત, તે ચડી પાર લંઘેસે. ૭.

મેર પરબત ડૂંગર, તે સીર મચ્છ તરેસે. ૮.

ગિનાન મહારસ ગોફ્તે હસનશાહ, સાચા યારા પાર લંઘેસે. ૯.

✶

## ગિનાન : ૧૬

# પીર હસન કબીરદીન (રહ.)

એજી ખડિયા પડિયા લેટિયા બેઠિયા મેડે ભાઇવે,
હરદમ સામી રાજો સંભારીયે. ૧.

એજી જરમે ભલમે મેડે ભાઇવે,
ઘટ પદ સામી રાજો સંભારીયે. ૨.

એજી દેશથી પરદેશ આવ્યા મેડે ભાઇવે,
પરદેશથી દેશ સધારશો. ૩.

એજી ક્યિા લઇ આવ્યા ઇસ દુનિયા દે વીચ મેડે ભાઇવે,
તુસા જઇ તો ક્યા લઇ જાયસી. ૪.

એજી ઘુમના ફીરના ઇસ દુનિયા દે વીચ મેડે ભાઇવે,
ફીર એસા લતુ ન પાયસી. ૫.

એજી અજબ અજાયબ રાહ લઇ આયેયા ઇસ દુનિયા દે વીચ
મેડે ભાઇવે, તુસા રાઘેદા ફલ પાયસી. ૬.

એજી અકાંઅંબા દ્રાખા રૂહીયા મેડે ભાઇવે,
તુસા સવાદ ફલેદા પાયસી. ૭.

એજી તોબા સારી બંદેનું લોણિયે મેડે ભાઇવે,
હી કાયા કાચી કામ ન આયસી. ૮.

એજી  હથ વીચ કામ મુખ વીચ નામ સામી રાજો સંભારીયે
મેડે ભાઇવે, માંગ ફઝલ બાના  ફલ પાયસી.  ૯.

એજી  ગોફતે  પીર હસન કબીરદીન  મેડે  ભાઇવે,
યા  શાહ  ભુલણાકું  મારગ  લગાયસી.૧૦.

✶

## ગિનાન : ૧૭

# પીર સદરદીન (રહ.)

જીરેભાઇ કાએમ આયા શાહાજીઉ અનંત એ વધાયું,
યારા ચઉ દિસે ચાંદ્રુણા હુઆ. ૧.

જીરેભાઇ સૂતડારે ગાફલ આંઇ જાગો મોરા ભાઇ,
અજ નૂર શાહ અલી પરગટ હુઆ. ૨.

જીરેભાઇ જીસ કેરે મોમને આછી કરણી એ કમાઇ,
યારા આગલ તીસ ફલ ઢોયા. ૩.

જીરેભાઇ જીસ કેરે ભાઇડે હિતે સાંખ એ ભલેરી,
યારા આગલ તીસ ફલ તએસા. ૪.

જીરેભાઇ માટી સો મિટડી મિટી માંહે રિડી ભિડી જાએસે,
યારા કંકુ વરણી હી દેહ. ૫.

જીરેભાઇ જીવડો ને પિંડીઅડો સચે સાહેબ દર વહીણાં,
તેંજા બાના તો ગિરભ જ કયસા. ૬.

જીરેભાઇ ગિનાન અમીરસ પીર ભણાવે સદરદીન,
યારા હીઅ સોંસાર સૂનેડો. ૭.

★

# ગિનાન : ૧૮

## પીર સદરદીન (રહ.)

ભાઇ તિની વીરેજીઉ ઉમેદું આસુ પુનીઉ,
જીઓ જીઓ જે મન જે મન ચિંદેયું. ૧.

યારા ઘર રિખીઅનજે વધાઇયું,
જુગ મેડો જીઓ મેડો તેત્રીઅ સાણ. ૨.

યારા વીંધીયો સો ગિનાન મુશાએદો,
વીરા મન જીઓ મનમાં લાયો ભિરાંત. ૩.

આગા હુંતા તોઇડે તોડા તોડ,
સામી અરજ અરજ તુંહી અંતરજાણ. ૪.

યારા તિથ સતઇમા રોહોણ નખત્ર,
સંજ થાવર થીંદો શાહજો વીઆં. ૫.

યારા જાની શાહજા વીરા હેકાંધા,
શાહા પરણે જીઓ પરણે ત્રિભોવર રાય. ૬.

યારા ગુરસો બાર ગુર આયો,
મન સિરેવો જીઓ સિરેવો દ્રઢ વિસવાસ. ૭.

યારા  નૂર શાહજો ગતીઅમે વરસેઓ,
વરસેઓ જલ થલ જલ થલ મયરલો. ૮.

યારા  મતા કોઇ આંખે તિસ દિન,
વીરા તામું જીઓ મુંતા સઇઅ ન સોહો. ૯.

યારા  ફૂલ સુગંધ સુચંદ વણે,
વીરા લાધી જીઓ લાધી રાહા ભમરડે. ૧૦.

યારા  નરજે પરસાદે શાહાખે વીનોવે,
પીર બોલેઆ જીઓ બોલેઆ પીર સદરદીન. ૧૧.

સચે  શાહજે પીરસાદે શાહખે વીનોવે,
પીર બોલેઆ જીઓ બોલેઆ પીર સદરદીન. ૧૨.

સચે  શાહાજા દીદારી સે જુગા જુગ,
જસ મોમનેકે જીની લધડો હી ભેદ. ૧૩.

✶

## ગિનાન : ૧૯

# પીર સદરદીન (રહ.)

એજી સતના સરોવર સરાસર ભરિઆ,
એવા અમીજલ ભરિયા સો આછા,

એણે સરોવરીએ હો સતને સરોવરીએ,
હેતા રસ પાર વીરાભાઇ બાંધોજી. ૧.

એજી હંસાજીના રાજા જ્યારે જીલવાને બેઠા,
ત્યારે બગલા તડોતડ નાઠા જીરે એણે... ૨.

એજી ધરમની લહેર કાંઇ ઝરમર વરસે,
એવા અમીજલ વરસે સો આછા જીરે એણે... ૩.

એજી સાર પીઓને વીખે રસ ઢોળો,
એવા અમીજલ અદકા પીઆસા જીરે એણે... ૪.

એજી ચાર પાળીને તમે પાંચ જ વારો,
એવી આછી આછી કરણી કમાવો જીરે એણે... ૫.

એજી કામ ક્રોધ જેના ઘટમાંહે જાહેર જાગ્યા,
તેણે જીત્યા જીત્યા દાવ સરવે હાર્યા જીરે એણે... ૬.

એજી ભણે પીર સદરદીન સાંભળો ગતીઉ મોમનો,
તો તમે બાર કરોડ માંહે ઝીલશો જીરે એણે... ૭.

✶

## ગિનાન : ૨૦

# પીર સદરદીન (રહ.)

એજી ગત લોકાંજીએ ઉમાયો શાહ વેલો,
જીરે શાહા તું આયો. ૧.

હિતે વિસવ એ કુંવારડીયા,
મન ચોગણે નિત ચાહો. ૨.

મેરૂં કંદો મુંજો હંસેજો રાજા,
જંપુઅમેં શાહા તું આયો. ૩.

કલ છેદીંધો છેદ દાણવેખે,
રખીયાં મન ધરેઓ સોહી સુહાગ. ૪.

દસ મીલોજી એ મીલાવો યારા મોમના,
જાહાં લોણીયો નીરવાણ. ૫.

ઘર મઉલાજે યારા લીણા લીણા લાડસે,
રહેમતું તિની પાઇઉ. ૬.

ગુરજે વાયકે વોહોન હેજે લગડા શાહસે,
પૂરા તિનીજા પરીયાણ. ૭.

જીવંતા સે યારા જાગેઆ જુગમેં,
મરણાં ફેરા તેંખે નાહી. ૮.

દીદારીસે યારા ધન પીર સદરદીન,
જોત આગા શાહ પીરજી જોત વખાણો. ૯.

★

## ગિનાન : ૨૧

# પીર સદરદીન (રહ.)

એજી નૂર વેળા નૂર પીયો,
કરીઓ મન આનંદજી,
પોપ વેળા રાખો શાહ પીરસું સંબંધજી,

તમે જાગો જાગો ભાઇડા રયણ વિયાણિયાજી,
તમે ચેતો મોમનભાઇજી રયણ વિયાણિયાજી. ૧.

એજી ઉત્તમ હોઇ નાહી ધોઇ,
આપણા અલંખને આરાધો,
ખોટા રે નાણાં તમે દૂર ચૂકાવો તમે જાગો... ૨.

એજી ઉત્તમ અભિયાગત અલખને,
આરાધો મોરા ભાઇજી,
ઓર સરવે ભૂત કેરા વાસા જાણોજી તમે જાગો... ૩.

એજી ખટ ઘડી પાછલી રહેણી રહે,
તારે તમે જાગો મોમનભાઇજી,
જાગી જાગી આપણા અલખને આરાધો તમે જાગો... ૪.

એજી ભણે પીર સદરદીન,
હી જુગ પાછલી રહેણી,
સત કેરી વાટ કેણે વીરલે જાણી તમે જાગો... ૫.

★

## ગિનાન : ૨૨

# પીર સદરદીન (રહ.)

ારીએ તું તારણહાર ખુદાવંદ,
અવર ન તારે દુજા કોઇ અલી તુંહી તુંહી તુંહી. ૧.

ખણમેં કીના રવિરસ ભાણાં,
ધંધુકાર ન હોય અલી તુંહી તુંહી તુંહી. ૨.

એજી માઇ કીસીકી ને બાપ કીસીકા,
જીવડે સંગ ન કોઇ અલી તુંહી તુંહી તુંહી. ૩.

એજી ધીઅ કીસીકી ને પુત્ર કીસીકા,
માયા મોખ ન હોય અલી તુંહી તુંહી તુંહી. ૪.

એજી સચેજો સમરથ આગો સામી,
હથે દીનુ ફલ સોહી અલી તુંહી તુંહી તુંહી. ૫.

દુલ દુલ ઘોડે સચો સામી રાજો ચડશે,
પાગડે રતન જડાએ અલી તુંહી તુંહી તુંહી. ૬.

ભણે પીર સદરદીન સાહેબ તેરે શરણે,
મૌલા વીના મોખ ન હોય અલી તુંહી તુંહી તુંહી. ૭.

★

## ગિનાન : ૨૩

# પીર સદરદીન (રહ.)

આવો મારા સામી રાજા, ધરમી રાજા,
તેરે નામસું મોરો મનડો બાંધો. ૧.

જીરે વીરા કેડિયું અડાઇએ ગઢ માડીયુંરે,
કેડા રોપાઇએ બાગ. ૨.

જીરે વીરા ધનરે જોબનકો ગીરભ ન કીજીએરે,
રૂડા મોમનભાઇ. ૩.

જીરે વીરા કાચારે ગડુઆ જેસા તમે આદમીરે,
હથે પડિયા સો ભાંગા. ૪.

જીરે વીરા તેંજો શબદ રહિયો ઇસ દુનિયા માંહેરે,
હંસા ઊડનેકું લાગા. ૫.

જીરે વીરા ખટણહારા વીરાભાઇ ખટી ગયા રે,
દુજા ખટણેકું લાગા. ૬.

જીરે વીરા પુરખ સુંજાણી શાહાની સરેવા કરીયો,
રાતીએ કરીઓ સુજાગા. ૭.

જીરે વીરા સત કેરી પાવડીએ વીરાભાઇ ઇયું ચલોરે,
જીયું સૂઇ કેડે ધાગા. ૮.

જીરે વીરા પીર સદરદીન ગુર બોલીઆરે,
એ ગિનાન મીઠડા સો લાગા. ૯.

*

## ગિનાન : ૨૪

## સૈયદ ઇમામશાહ (રહ.)

એજી સતના ઘટ વીરા શ્રેવીએ,
અને ઘટપાટની વાર,
સત સબુરી રાખીએ,
ભાઇ ઘટપાટને પાસ. ૧.

એજી એણે ઘટે પામીએ,
અને પામીએ અવિચલ રાજ,
અવિચલ રાજ તો પામીએ,
જો હોવે ઘટ વિશ્વાસ. ૨.

એજી નિરમલ થઇને નૂર પીજીએ,
અને નિરંતર સુરત રાખ,
નીમનું ફલ તો પામીએ,
જો હોવે ઘટ વિશ્વાસ. ૩.

એજી ઘટપાટ માહે ધીયાન જ રાખીએ,
અને સાચે મને વિશ્વાસ,
એણે ઘટે સ્ત્રી પુરુષ સરવે આવશે,
તમે નિરમલ રાખો નેહ. ૪.

એજી સ્ત્રી પુરુષ સરવે બંધવા,
અને બેન ભાઇનું નેહ,
નજર નિરમલ જે નહીં રાખશે,
તેની જાશે નરગમાં દેહ. ૫.

એજી દોજખે જાશેરે જીવડા,
જેને ઘટપાટનું નહીં વિશ્વાસ,
તારે ઘટપાટનું ધરમ સરવે જાયશે,
અને દેહી જાશે અગન જ માંહે. ૬.

એજી પીર શાહ કહેતા ફલ પામીએ,
અને ફરમાન કહેતા દાન,
હેજંદા કહેતા હરખ આવશે,
કાએમ કહેતા સાહેબ જાણ. ૭.

એજી સૈયદ ઇમામશાહ બોલિયા,
અને તમે એવા રે ફલ કાંઇ ગમાવો,
પર સ્ત્રીથી જો ચેતશો,
તો ઘટ સુઘટ હોય જાણ. ૮.

✶

# ગિનાન : ૨૫

## પીર સદરદીન (રહ.)

એજી આનંદ આનંદ કરિયો રિખીસરો,
અવલ શાહ તમે પાયા. ૧.

એજી મિલો ને મિલાવો રિખીસરો,
મિલી કરી કરિયો કમાઇ. ૨.

એજી જંપુદિપ માંહે શાહ મારો પરવરિયો,
કે રિખીસરને ઘેર વધાયું. ૩.

એજી રીખીસરોને શાહ મારો ઉગારશે,
ને કરણી તણા ફળ દેશે. ૪.

એજી દિયો દસોંદ અવતાર ધિયાવો,
તો એણે કરતવે જીવડો છૂટે. ૫.

એજી વિખડી વેળા માંહે પંથ કઠણ છે,
કે આવિયા આગમ એંધાણ. ૬.

એજી ભણે પીર સદરદીન સતગુર સાહેબ,
તમે ચેતો તે ચેતણહાર. ૭.

★

# ગિનાન : ૨૬

## મુનાજાત

યા અલી ખૂબ મજાલિસ ઝીનત કરકે,
ફરશ બીછાઇ ગાલી,
આન બયઠે હંય તખ્ત કે ઉપર,
શાહ કરીમ શાહ વાલી,

આજ રાજ મુબારક હોવે,
નૂર અએન અલીકું રાજ મુબારક હોવે,
શાહ આલે નબીકું રાજ મુબારક હોવે,
હોવે હોવે આજ રાજ મુબારક હોવે. ૧.

યા અલી દીદાર લેનેકું આયે શાહ તેરી,
હિંદી જમાએત સારી,
સિજદા બજાકર નજરાં દેવે,
જાન અપનીકું વારી આજ... ૨.

યા અલી તેરા નસીબા રોઝે અવ્વલસે,
દેતા હયરે કમાલી,
શાહ સુલતાન શાહકે મુખમેંસે નીકલા,
શાહ કરીમ શાહ વાલી આજ... ૩.

યા અલી શાહ કહું તો તુજકું બજા હય,
બખ્ત બુલંદ પેશાની,
છોટી ઉમરમેં આલી મરતબા,
તાલુકી હય નિશાની આજ... ૪.

યા અલી તખ્ત ને છત્ર તુજકું મુબારક,
ઝહેરાજી કે પિયારે,
અબૂલ હસનશાહ કરણી સો તેરી,
જન્નત આપ સંવારે આજ... ૫.

યા અલી તખ્ત ને છત્ર સુનકે તેરે,
ફલકસે બરસે નૂરાં,
મોતી તબાકા હાથુંમેં લેકર,
શાહકું વધાવે હુરાં આજ... ૬.

યા અલી મહેમાનખાનેમેં મોમનકું જબ,
લાએ ઇદ મુસલ્લે,
શમ્સી જો સલવાત પડ કર,
મારફતકી ખુશિયાલી આજ... ૭.

યા અલી તેરી મુબારકબાદીકે ખાતર,
સૈયદ કરતે મુનાજાત,
શાહા નજફ તેરે પુશતપનાહ,
તેરે દુશ્મન હોવે ફનાહ આજ... ૮.

✶

## ગિનાન : ૨૭

## સૈયદ ફતેહઅલીશાહ (રહ.)

એજી નવરોજના દિન સોહામણા,
શ્રી અલી કાયમ શિકાર રમવા વન ગયા,
સેવકના મન થયા ઉદાસી,
પ્રાણ અલી ચરણે રહ્યા. ૧.

એજી શ્રી કાયમ પ્રીતે જો ચિંત બાંધી,
નરને પ્રીતે અમે વન ગયા,
એવા વન સોહામણા નર કાયમ દીઠા,
ડેલા દઇ દેવંતા રહ્યા. ૨.

એજી ભલું થયું સાહેબે સુમત આલી,
શ્રી અલી કાયમ સાથે રમવા અમે વન ગયા,
અનંત આશા પૂરી અમારી,
શાહ દિલ ભાવે ગમ્યા. ૩.

એજી હેતે અલીસું હીરખ બાંધ્યો,
અવિચલ રંગ સાહેબસે ગીરહિયા,
એવી ચિત બાંધી નર કાયમ સાથે,
સત ભંડાર મોતીએ ભરિયા. ૪.

એજી અમે સાહેબ સાથે સહેલ કીધા,
રિધ સિધજ પામીઆ,
એક મન ગિનાન જે સાંભળે,
આ જીવ તેના ઓધરિયા. ૫.

એજી જીવ જ્યારે જુગત પામે,
પ્રાણ પોપે રમ રહયા,
અગર ચંદન પ્રેમ રસિયા,
હેતે હંસ સરોવર ઝિલિયા. ૬.

એજી ગઢ ચકવાને કિલ્લે શાહ ખલીલુલ્લાહ રમે,
ત્યાં ફતેહઅલીને મયા કરીને બોલાવીયા,
અનંત આશા પૂરી અમારી,
નિત અલી નૂરે ઊઠીયા. ૭.

એજી ભાઇરે મોમન તમે ભાવે આરાધો,
ભણે શમસી તમે સાંભળો રૂખી,
સાહેબના ગુણ નહિ વિસારે,
તેના પ્રાણ નહિ થાશે દુ:ખી. ૮.

✶

## ગિનાન : ૨૮

# પીર સદરદીન (રહ.)

એજી સાઇં સિરેવો મ ઢીલ કર,
બાના જાં જીંએ ડીંઅ કોઇ,
જીંઅ વીરખા તીંઅ માનખા,
તેંજી છાયા ફીરનતી હોય,
હલણહારો સભે જુગ,
અવિચલ ન રહેંદો કોઇ,

સાઇંયાજી ભી એ મિલાઇએ,
ભી મિલાયે તિની સજણેખે સાઇંયાજી ભી એ મિલાઇએ,
મૂંજા સાહેબ જો તું રિદેમેં પિયારિયા એમુ અલા,
જો તું બહોત ગુન ગાઇએ એમુ અલા,
સાઇંયાજી ભી એ મિલાઇએ. ૧.

એજી સાઇં સિરેવો મ ઢીલ કર,
બાના જાં જીંએ ડીંઅ ચાર,
હી પરાયો દેહડો,
તેમેં સમર વખર સાર,
એક ચલંતે દોએ ચલેઆ,
હીઅ થીર ન રહેંદો સંસાર સાઇંયાજી... ૨.

એજી સિરેવા કારણે આયો,
બાના સજો હી સંસાર,
જીની સિરેવીઓ શાહાકે હેક મન,
સેતા પામીંદા મોખ દીદાર,
પૂરી કરણી જા સચા યાર,
ભવનીસ લંઘીદા પાર સાઇંયાજી... ૩.

એજી સાઇંસે સજણ મેડીએ,
અલ્લાહ જે મુંજે મનમેં વસન,
સે મુખે બોલીન અમરત,
સીર કેવડે જીં થા વાસન,
કેંજો અવગુણ એક ન સંભરે,
ગુણ કરન દોષ ખમન સાઇંયાજી... ૪.

એજી સાઇં વીછોડા મ દીએ,
અલા ભી મેડાવો હોએ,
જે વસન સોહો કોસડે,
મૂંજે હઇડે અંદર સોએ,
અલા જીંનીખે મોખ પિયારો મૌલા,
તિની મેડાવો હોએ સાઇંયાજી... ૫.

એજી રંગ કસુંબો બાના કો ઘુરેં,
ઘુર ઊંચી ચોડ મજીઠ,
જ્યું કમલ તે ભમરલો,
તીંઅ શાહ રિદેમેં વેઠો,
સો સાહેબ કીંઅ થો વિસારીએ,
જો ઘટ અંદર અખીયે દીઠો સાઇંયાજી... ૬.

એજી અલમ ભેરીઉ છત્ર સીર,
બાના ન નીભાયો કેં,
હીતે જીવંતા જે કંદા,
યારા માંધા લોહંદા સે,
અલા ધરમ તોરો હથમેં,
સાહેબ કસીંદો સબખે સાઇંયાજી... ૭.

એજી કોઠા મંડપ મેડિયું,
ઘર ઘોડા ને ભંડાર,
હી કેહં ન નેહડા પાણસે,
બાના જીવ ચલંતે વાર,
વારા નીકી વાટડી,
સેતા લંઘીદા સચા યાર સાઇંયાજી... ૮.

એજી દોય જણે મીડી જાયો,
બાનુ ચંઇ ઊઠાયો યાર,
તિતે માઇ ન બાપ કો,
યારા તિતે કેં આધાર,
તિતે દાદ સુણીંદો મું ધણી,
સાહેબ ખરા ખોટા નિયાર સાઇંયાજી...૯.

એજી હી પીંડી સોવન તણી,
નેઇ રાખીંદે કલર માંહે,
તિતે ન મહેરી ન મિત્ર કો,
બાના તિતે ન સાથી કોઇ,
હીઅજાં પીંડ નીપાયો સુખસે,
સેતા જુરી જુરી મિટડી હોએ સાઇંયાજી...૧૦.

એજી પીર સદરદીન બોલિયા વેનતી,
સચા સાહેબ તો આધાર,
હીઅ જુગ ઇંઅ કરી જાણીયે,
જીંઅ નાઠી માંહે સંસાર,
ઉણા પૂણા આસવંતા,
મૌલા સભે લંઘાઇએ તું પાર સાઇંયાજી...૧૧.

✶

## ગિનાન : ૨૯

# પીર સદરદીન (રહ.)

સખી માહાપદ કેરી વાત, કે કોઇક જાણેરે,
જેને સતગુર મલિયા સાર કે સોહી પીછાણેરે. ૧.

સખી નાભ કમળ ઘટમાંહે કે સોહંગ ઊઠેરે,
ત્યાં જાપ જપે છે હંસ કે તાર ન ત્રુટેરે. ૨.

સખી ઇંગલા પીંગલા સાર કે સુખમના નાડીરે,
ત્યાં ચંદ્ર સૂરજ મળી બે, કે મનછા મારીરે. ૩.

સખી ત્રવેણી ઘટમાંહે કે અખંડ જોતીરે,
ત્યાં ઝગમગ ઝગમગ થાય કે વરસે છે મોતીરે. ૪.

સખી વંક નાડ મુકામ કે સાચો કહીએરે,
ત્યાં નિરત સુરત મીલી બે કે પરચો લઇએરે. ૫.

સખી પાંચ કોષ પર ધામ કે નિશાન ધારીરે,
ત્યાં ધરી સુરતનું ધ્યાન કે શ્વાસો મારીરે. ૬.

સખી એટલા સરવે નિશાન કે મેલ્યા નીચારે,
ભાઇ તેથી ઊંચોરે દેશ, કે ચડવા ઊંચારે. ૭.

સખી સઘળા રોમે રોમ, કે લાગા જપવારે,
તારે સઘળા તે ઘટના ચોર કે લાગા છુપવારે. ૮.

સખી પિંડ તણી ખબર કે સઘળી વિસરીરે,
જ્યારે સુરતી ચડી ભરમંડ, કે ફૂટી નીસરીરે. ૯.

સખી અરસ કુરસના કોટ કે જોયા નીરખીરે,
એવા સપ્ત દ્વીપ નવખંડ કે જોયા પરખીરે. ૧૦.

સખી વેદ કિતાબ માંહે, કે એ ગમ નાહીરે,
ત્યાં નહીં દિવસ નહીં રાત, કે ધૂપ ન છાંઇરે. ૧૧.

સખી કેવા સરીખો નથી, કે મારો સામીરે,
એ તો જોયા સરીખો છે, કે અલખ અનામીરે. ૧૨.

સખી અલખ અનામી સાહેબ, કે લાગા મીઠારે,
ભણે પીર સદરદીન સાર, મેં નજરે દીઠારે. ૧૩.

✶

## ગિનાન : ૩૦

# પીર સદરદીન (રહ.)

સખી મારી આતમના ઓધાર કે અલગા મ જાજોરે,
એવો સરૂપ મીંદરીયો સાર ત્યાં તમે બિરાજોરે. ૧.

સખી સેજ અનુપમ સાર પલંગ પર વારીરે,
હું તો પ્રેમે પિયાજીને પાસ કે દુખડા વિસારીરે. ૨.

સખી હીંચે હીંડોળા ખાટ કે સાસ ઉસાસેરે,
મારા અંગડામાં ઉઠી લહેર પિયાજીકે પાસેરે. ૩.

સખી વાલમ વિરેહની વાત કેની આગળ કહીયેરે,
કોઇ સંત મિલે સુધીર, તો સમજીને રહીયેરે. ૪.

સખી ખાલક ખલકણહાર તેણે લઇ તાર્યારે,
પીર સદરદીને પકડી બાંય ભવસાગર ઊતાર્યારે. ૫.

✶

## ગિનાન : ૩૧

# પીર સદરદીન (ર૯.)

હો જીરે મારા હંસા કરણી કમાવો તો રબજીસું રાચો,
તો આ તિરથ ત્રવેણી આપ ચલણાંજી. ૧.

હો જીરે મારા હંસા બુધની બંદૂક ને સુરતીનો દારૂ,
તો આ ગિનાન ગોલી બીચ ભરનાજી. ૨.

હો જીરે મારા હંસા પ્રેમનો પલીતો દિલસું દાગીજે,
તો શબદ ભડાકેસું લડનાજી. ૩.

હો જીરે મારા હંસા ઢાલ ધણીની ધીરપસું બાંધીજે,
તો સતકી તલવારેસું લડનાજી. ૪.

હો જીરે મારા હંસા નવ બાર નગરીમાં બાવન બજાર,
તે માંહે કોઇ જણ સૂતા ને કોઇ જણ જાગેજી. ૫.

હો જીરે મારા હંસા ઇસરે નગરીમાંહે એક કુંવારી છે કન્યા,
તે તો કુંવારી સબ રસ માણેજી. ૬.

હો જીરે મારા હંસા ઇસરે નગરીમાં એક વીખીયાનો વેલો,
તે તો વેલે કીધો વિસ્તારજી. ૭.

હો જીરે મારા હંસા ઇસરે વેલે ઇંદરા ફલ લાગા,
તે તો જેમરે વધે તેમ કડવાજી. ૮.

હો જીરે મારા હંસા તેડાવો ગુણવંતા માલીને,
તે તો જડ મૂળથી કાઢી નાંખેજી. ૯.

હો જીરે મારા હંસા પાળે ઊભા પાંચે પાખંડિયા,
તે તો ધણીનો હુકમ નવ માનેજી. ૧૦.

હો જીરે મારા હંસા એસો ગિનાન પીર ભણાવે સદરદીન,
મારા મોમનભાઇ તમે રહેજો હુશિયારજી. ૧૧.

✶

## ગિનાન : ૩૨

# પીર સદરદીન (રહ.)

એજી બીંદ્રારે વનમાં સુખ ચરેરે ગાવંત્રી,
ચરંતે ચરંતે સિંહલે વશ પડયા. ૧.

એજી રહો રહો સિંહલા તુમ મત નાંખો હાથ,
હું તો વાછડે કેરી ચૂસણીજી. ૨.

ખમો ખમો સિંહલા તમે ધામ કરી બેસો,
વચન આલીને ગવરી ચાલિયા. ૩.

પહેલે હીંચોલે ગવરી સીમ શેઢે આવી,
બીજે હીંચોલે ગવરી વાડીયે. ૪.

ત્રીજે હીંચોલે ગવરી ઝાંપલે આવી,
ચોથે હીંચોલે ગવરી કોઢમાં. ૫.

ઊઠો ઊઠો વછડા તુમ દૂધ મેરા પિયો,
મેં વાચાકી બાંધી આઇ. ૬.

વાચાકી બાંધી માતા દૂધ નાંહી પિયું,
મેં ચલું તુમારે સાથ. ૭.

આગે આગે વછડા ને પીછે ગાવંત્રી,
ભાઇ સિંહલે ઘેર સધારિયા. ૮.

એકકુ બુલાયા તો દો ચલકર આયા,
ભાઇ સિંહલે ઘેર વધામણા. ૯.

ઊઠો ઊઠો સિંહલાજી માંસ મેરા ભરખો,
પીછે ભરખો મોરી માઇ. ૧૦.

એટલી રે સુધ બુધ કોણે તમને દીધી,
કેણે તે તમને બોધિયા. ૧૧.

એટલી રે સુધ બુધ ચંદે સૂરજે દીધી,
પીર સદરદીને બોધિયા. ૧૨.

એજી જાઓ જાઓ ગાવંત્રી તુમ મેરી બહેના,
વછડા મેરારે ભાણેજડા. ૧૩.

જાઓ જાઓ ગાવંત્રી ડૂંગરને કોરે મોરે,
ખડ રે ખાઓ પાણી મોકળા. ૧૪.

ભણે પીર સદરદીન તુમ સુણો મોમન ભાઇ,
આપણો સતપંથ સુધો કરી જાણો. ૧૫.

✶

## ગિનાન : ૩૩

# પીર શમ્સ (રહ.)

એજી ઊંચથી આયો બંદે નીચ કીયું ધિયાવે,
ચાર દિન રહેણાં બંદે જૂઠ કીયું કમાવે,
ઇસરે ગુને બંદે કિયા ફલ પાવે,

ભરમે મત ભૂલોરે ભાઇ નમી ચાલો મરણા,
શફાયત રસુલકી શફાયત પયગમ્બરકી,
જૂઠસુ ડરણાં ભાઇ જૂઠસુ ડરણા,
ભરમે મત ભૂલો રે ભાઇ નમી ચાલો મરણા. ૧.

એજી નાગો તું આયો બંદે ઢકીયો તું લોણે,
હલત્ર કમાવે સો પલત્ર કીંયું ખોવે,
પાપ કરી સત ધરમકું છોડે ભરમે... ૨.

એજી દીન છોડી જે કોઇ દાવે પડિયા,
રાહ ચૂક [illegible]ી સાથેસું ખડિયા,
આપ મુરાદા જીવ દોઝખે પડિયા ભરમે... ૩.

એજી હી પંથ પૂરો સૂરો કોઇક ધિયાવે,
નબી મુહમ્મદ જો વે કહાવે,
સાચો ઇલમ પીર શમસ ભણાવે ભરમે... ૪.

✶

## ગિનાન : ૩૪

## પીર શમ્સ (રહ.)

અબધૂ જુગત જોલ સંતોષ પાત્ર કરો,
અને ડંડા કરો વિચાર,
ખમિયા દયાકી દોય મુદ્રા પહેરો,
ગિનાન કરજો આહાર,

અબધૂ તે જોગી જુગમાંહે,
જાકો મન દુજારે નાહી,
અબધૂ તે જોગી જુગમાંહે. ૧.

અબધૂ ગુર મેરા ગિનાન વેરાગકી ઇંદ્રી,
અને સંગમ કરો ભભૂતા,
સાચ ધરમ સચ કરી ધિયાવો,
તો જોગી હય અબધૂતા અબધૂ તે જોગી...૨.

અબધૂ ચાંદો સુરજ દોય રોકી રાખો,
અને મન ચિત ધરો ઇસ ડંડી,
સુખમણા તંતી વાજણ લાગી,
એ ભેદ કીસે જ ખંડી અબધૂ તે જોગી...૩.

અબધૂ સબ અવગુણ તજો ત્રિવેણી નહાવો,
અને અનહદ નાદ બજાઓ,
કહે પીર શમસ જીવંત મરીયે,
તો અવરથ જનમ ન પાઓ અબધૂ તે જોગી...૪.

✶

## ગિનાન : ૩૫

## પીર શમ્સ (રહ.)

એજી કેસરી સિંહ સરૂપ ભુલાયો,
અજા કેરે સંગે અજા હોઇ રહ્યો,
એસે ભરમમેં જીવનકું ભૂલાયો,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના.

હયબી અલી ને હોયશે બી અલી,
એસા વચન તમે દિલ માંહે ધરના,
એસા વચન તમે દિલ માંહે ધરના,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના. ૧.

એજી ભરમને વારો તો સિંહ સુધ હોવે,
અજા કેરો ભાવ સો દિલસું ખોવે,
એસે ભરમમેં ફીર નહીં સોવે,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના હયબી...૨.

એજી અવિધામાં આવી પડયો સબ જીવ,
આપ પણામાં ખોયો હાથે પીવ,
ઓચીંતો આવીને કરેરે ગીરભ,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના હયબી...૩.

એજી મુરશીદ કામીલકો સંગ કરીયે,
આવે અવિધા સબ જાય વિસરીયે,
તબતો સૂજે દિલકી ગાલી,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના હયબી...૪.

એજી ભરમને ટાળો તો સાંહીને પીછાણો,
આપણો આપ મોમન પીછાણો,
પીર શમસ કહે સોહી તમે પાળો,
ભરમ સબ છોડી ભાઇ અલી અલી કરના હયબી...૫.

✶

## ગિનાન : ૩૬

# પીર સદરદીન (રહ.)

જીરેભાઇરે સમુદર બહોતણ બાનું વણજણ ભલે આવીયો,
વણજ કરી ફીરી ફીરી દેશ સધારીયોજી. ૧.

જીરેભાઇરે અમરત ભોજન ખાઇ જીવડે પીંડ નીપાયા,
ચલ ગયો હંસ પીંડ કુછ કામ ન આયાજી. ૨.

જીરેભાઇરે હીત જુગ જીવંતા બાને કીધી છે આશ,
સુકા સરોવર ચલ ગયા હંસજી. ૩.

જીરેભાઇરે ચલ ગયા હંસ બાને દીધા છે પ્રાણ,
અરથ ગરથ માલ ધન હુઆ બીરાનાજી. ૪.

જીરેભાઇરે સાત સરોવર નદીયું નવસો નવાણું,
જીવડો ચલંતે સરવે રસ સુકાજી. ૫.

જીરેભાઇરે ભરિયા સરોવર બાને ચિતસુ ન લાયા,
કીધા કરતવ બાનુ દુખ ભર ચલિયોજી. ૬.

જીરેભાઇરે પડીયો સીચાણું જીવડો ઝડપીને ઝાલીયો,
જીવની વારે તે કોઇ નવ ચડિયાજી. ૭.

જીરેભાઇરે કાયા નગરીમાંહે એક ચોરજ પેઠો,
જાગતા કેણે નવ દીઠાજી. ૮.

જીરેભાઇરે નગર સોહામણું બાને કાયા ગઢ ભેલીઆ,
નવહી દરવાજા શાહા મોરે રૂંધિયાજી. ૯.

જીરેભાઇરે ભાંગિયા કોટ કમાડ તેના ચોરાસી ચોવટા
મીંજ બોતેર કોઠા,
ફિરતે ફિરતે જીવડો ઝાલિયો. ૧૦.

જીરેભાઇરે માથાનો ભેજો ત્યાં કાને નીસરશે,
તિલ તિલકા લેખા સાહેબ લેશેજી. ૧૧.

જીરેભાઇરે કોલ કરી જીવડે શાહાને વિસાર્યો,
તે મતનો બાંધિયો જીવ ઘણું રોશેજી. ૧૨.

જીરેભાઇરે આવંતા બી દેખીયા બાને જાવંતા બી દેખીયા,
થીર રહેણાં કેને નહીં પાયાજી. ૧૩.

જીરેભાઇરે નવ નાટ કરી જીવડો રમી જમી ચાલિયો,
સપના સોણા હી જુગ ધંધાજી. ૧૪.

જીરેભાઇરે આગલ હાટ નકો પાટ નકો વણજ વેપાર,
સાચલો સમર સાથે લીણાજી. ૧૫

જીરેભાઇરે ગિનાન અમી મહારસ પીર ભણાવે સદરદીન,
ગુરે ગિનાન સુણાયા, સાચલો મારગ પીરે દીખલાયાજી.૧૬.

✶

# ગિનાન : ૩૭

## પીર સદરદીન (રહ.)

એજી તિલભાર તુલણા ખનેકી ધાર ચલણા,
યાશા તિલ તિલકા લેખા દીઅણા મેરે જીવકું,

તો મેં કિયા કરૂં જીવ આપણા,
આપ સવારથ ભાઇ રાતકા સપના,
પિંડ સવારથ ભાઇ રઇયણકા સપના,
તો મેં કિયા કરૂં જીવ આપણા. ૧.

એજી આગલ હાટ ન પાટ ન વોરા,
તિયાં સતકા સમર સાથે લીઅણા મેરે જીવકું તો મેં...૨.

એજી તિયાં સો સો કરણી સૂરજ તપશે,
તિયાં કિયા છીપના કિયા ઢુંઢણા મેરે જીવકું તો મેં...૩.

એજી એસો ગિનાન પીર ભણાવે સદરદીન,
યા શાહ ફજલ કરો તો જીવ છુટણા મેરે જીવકું તો મેં...૪.

✶

## ગિનાન : ૩૮

# પીર સદરદીન (રહ.)

એજી અલખ સિરેવો બાના આપણું,
બાના સચથી કરિયો કમાઇ,
અલ્લાહ યાદ કરિયોજી. ૧.

એજી દુનિયા ફાની જાણીએ
બાના હી લાદાણું સાથ
અલ્લાહ યાદ કરિયોજી. ૨.

એજી પુરખ પાછમથી સામી રાજો આવશે,
શાહ મારો દુલ દુલ ઘોડે અસવાર
અલ્લાહ યાદ કરિયોજી. ૩.

એજી જંપુમેં શાહા તખત રચાવે,
શાહાના મુનિવર મેડામેડ
અલ્લાહ યાદ કરિયોજી. ૪.

એજી કોટ ઘટા ઘટ લુંટીયા,
તારો ભમર ચલિયો મોકલાય
અલ્લાહ યાદ કરિયોજી. ૫.

એજી કાયા હીઅસા દેહડી,
તેનું હંસ ઉડાણું જાય
અલ્લાહ યાદ કરિયોજી. ૬.

એજી કાયાસેંથી હંસ વીછુટા,
તેનું મુશકીલ હોય કરાર
અલ્લાહ યાદ કરિયોજી. ૭.

એજી ગોડ અંધારી માંહે ચાલણાં,
તેનું અજરાઇલ જલાદ જીવડો કબજ કરશે
અલ્લાહ યાદ કરિયોજી. ૮.

એજી છોડ વસંતા ઝૂંપડા,
તમે ઉજડ જાય વસાય પાંધી પંથરે શ્રેવો
અલ્લાહ યાદ કરિયોજી. ૯.

એજી પીર ભણે સદરદીન મોમનો,
બાના હી કૂડો સંસાર
અલ્લાહ યાદ કરિયોજી. ૧૦.

✶

## ગિનાન : ૩૯

# પીર સદરદીન (રહ.)

જીરેભાઇરે જૂઠીરે દુનિયા તમે કાંઇ ભૂલો,
અને છોડો તે મનદા અંધેરાજી,
ઇસ દુનિયાસું જેણે ચિત ન લાયા,
તીસે નહી દુજા ફેરાજી,

આશ તો એક અલખકી કીજે અને અવર તે આશ નિરાશજી,
સાચે રે મને સામીજીને સરેવો તો હોવે અમરાપૂરી વાસજી
આશ તો...૧.

જીરેભાઇરે ગિરભાવાસકી વાચા સંભારો,
અને કોલ કાયમજીના પાળોજી,
સાચો સિદક મન રાખો આપણું,
ને પંજભુને તમે વારોજી આશ તો...૨.

જીરેભાઇરે ચેતણહારા તમે ચેતો મોરા ભાઇ,
અને કરો તે આછી કમાઇજી,
અંતકાળે તો એકલડા ચલણા,
સાથે કોઇ બાપ ન માઇજી આશ તો...૩.

જીરેભાઇરે હાથ ઘસેને ધુસાસા મેલે,
અને જીભ તે હોયશે બંધજી,
અંતકાળ વેળા એવી ઓંજી રે જાણો,
ને કુછ ન સૂજે સંધજી આશ તો...૪.

જીરેભાઇરે આંખલડીએ પાણી એમ રે ચાલે,
જેમ નદીએ વહે નીરજી,
તીસ વેળામાંહે પ્રાણી સેંસા માંહે પડશે,
અને ન રહે મન માંહે ધીરજી આશ તો...૫.

જીરેભાઇરે કાચીરે કાયા તુજે કામ ન આવે,
ને મિટી તે મિટીમાંહે મળી જાવેજી,
ઉત્તમ કરણીએ જો તમે ચાલો,
તો ફરી ફેરો નહીં આવેજી આશ તો...૬.

જીરેભાઇરે આલ ઇમામ આરાધો મોરાભાઇ,
તો હોવે બહોત કમાઇજી,
ઇસરે આલકું તમે સાચી કરી જાણો,
તો હોવે અનંત ભલાઇજી આશ તો...૭.

જીરેભાઇરે વચન હમારા તમે સાચા કરી જાણો,
અને મન માંહે શક ન આણોજી,
પીર સદરદીન કહે તમે સુણો મારા મુનિવરો,
સાચો તે સાહેબ પીછાણોજી આશ તો...૮.

✶

## ગિનાન : ૪૦

# પીર સદરદીન (રહ.)

એજી સામી રાજો આવશે વીરાભાઇ,
તંબલ એ વાજશે એમુઅલ્લા,
ચઉદીસે ચાંદ્રુણા હુઅડા હો જીઓજી હોજી. ૧.

એજી સૂતડારે ગાફલ આંહી જાગો વીરાભાઇ એમુઅલ્લા,
હી નર શાહા પ્રગટ હુઅડા હો જીઓજી હોજી. ૨.

એજી માટીરે મીટડી વીરાભાઇ રિડી ભિડી જાયશે એમુઅલ્લા,
કલર ખાયશે હી દેહડી હો જીઓજી હોજી. ૩.

એજી હાડકા ઉપર વીરાભાઇ પવન એ જરેશે એમુઅલ્લા,
ઝાઝા વરશે ત્યાં મેહ હો જીઓજી હોજી. ૪.

એજી અરથ ગીરથ માલ ધન સોણે કેરી બાજી એમુઅલ્લા,
હી ઘર સાથ એ ન ચલણા હો જીઓજી હોજી. ૫.

એજી નંમણી ને ખમણી વીરાભાઇ હસી હસી મીલણા એમુઅલ્લા,
કાળ ક્રોધ દોય તજણા હો જીઓજી હોજી. ૬.

એજી એ ગિનાન મહારસ ભણાવે પીર સદરદીન એમુઅલ્લા,
બ્રહોત સમર સાથે લીઅણા હો જીઓજી હોજી. ૭.

✶

# પીર સદરદીન (રહ.)

એજી શેઠ કહે તમે સાંભળો વાણોતર,
વણજ રૂડો કરી લાવોજી. ૧.

એજી ડાહ્યા થાજો તમને શી દઉ શિખામણ,
લાભ ઘણેરો કરી લાવોજી. ૨.

એજી પીર ને પૂછી તમે પંથ કમાવો,
નબી મહમદની શિખામણ હઇડે રાખોજી. ૩.

એજી ઘોર અઘોરમાં તું બહુ દિન હોતા,
તુંને ઘણીયે ઘણીયે વિઘને ઉગારિયાજી. ૪.

એજી અણ ચીંતવ્યા તુંને ભોજન પૂરિયા,
માતા પિતા વીના પાળ્યાજી. ૫.

એજી નવરે માસ તુંને પેટ માંહે રાખીયો,
નબી મહમદે બંધ છુડાયાજી. ૬.

એજી કોલ કરી જીવડો બાર નીસર્યો,
માયા દેખીને જીવડો ભૂલોજી. ૭.

એજી મોટેરા હાટ તારા બહુરે વાણોતર,
તું આપે આપે શેઠ થઇને બેઠોજી. ૮.

એજી ખોટા તારા ત્રાજવાને દાંડી માંહે કાનેતર,
કાટલા ખોટા તારા ભારીજી. ૯.

એજી ઓછું દીધું જીવડે અદકેરૂં લીધું,
જીવની ચિંતા ન કીધીજી. ૧૦.

એજી ખીર ખાંડ ગ્રત અમૃત ભોજન,
ઉપર પીયો છો શીતલ પાણીજી. ૧૧.

એજી ઢોલિયા તળાઇ ઉપર ઓછાડ પથરાવ્યા,
ઉપર ઝીણાં ઝીણાં વાહો ઢોળાયાજી. ૧૨.

એજી શેઠના તેડા તુંને તેડવાને આવ્યા,
ચાલો વાણોતર વેગેજી. ૧૩.

એજી તાળા કુંચીઉં તારી રહીયું રે વખારે,
તું કેમ ચાલ્યો ઠાલે હાથેજી. ૧૪.

એજી સગા કુટુંબ જીવના મલી કરી બેઠા,
કોઇ ન ચાલે જીવને સાથેજી. ૧૫.

એજી સગા કુટુંબ જીવને વોળાવીને વળીયા,
પાપને પુન દોય સાથેજી. ૧૬.

એજી શેઠ કહે તમે સાંભળો ફિરસ્તા,
જીવડાના ખાતા કાઢોજી. ૧૭.

એજી શેઠ ને વાણોતર બેઇ નામું કરવા બેઠા,
ત્યાં જીવડો ઘણો ધ્રુજેજી. ૧૮.

એજી પાને પાને જીવના પાપ લખાણા,
માંહે ધરમનું અખર ન સૂજેજી. ૧૯.

એજી ભણે પીર સદરદીન,
સામી અમે તમારૂં સરવે કુછ ખાધું,
મયા કરો તો જીવડો છૂટેજી. ૨૦.

✶

## ગિનાન : ૪૨

# પીર સદરદીન (રહ.)

હો જીરેપ્રાણી જ્યારે તું ગિરભાસ્થાન વસંતો,
તઇંયે તું હતો ગિનાનવંતો,
ઉંધે ઉંધે મસ્તક ઉપર ચરણ,
એવી એવી કસટી ભોગવતો રે,

ધન મારૂં મારૂં તું મ કરીશ પ્રાણિયા,
તું મરીશ માયા મન બાંધો લોભે જીવ લાગો,
અંતકાળે સરવે ઊભા મેલી,
નિરવાણ જાઇશ તું નાગો રે
ધન મારૂં મારૂં તું...૧.

જીરેપ્રાણી કોલ દઇને તું કલજુગ માંહે આવીયો,
જીવ જાણે હું છૂટો,
લોભ સવારથ કરવાને લાગો,
ને શાહજીસું ચાલિયો ખોટો રે
ધન મારૂં મારૂં તું...૨.

જીરેપ્રાણી કલરે વાડીમાં ફલ કાચા ને પાકા,
સારા સઘળા લઇ વીણે,
નાના મોટાની શાહ મારો વિગત જાણે,
પણ મનગમતા ફલ વીણે રે
ધન મારૂં મારૂં તું... ૩.

જીરેપ્રાણી હાથ ઘસે ને ધુસાસા મેલે,
જીભલડીયે તાળું દીધું,
ઘણેરો ઘણેરો પ્રાણી રોવાને લાગો,
પણ શાહજીનું નામ ન લીધું રે
ધન મારૂં મારૂં તું...૪.

જીરેપ્રાણી ધાહો પાડે ને ધુસાસા મેલે,
જીવની વારે તે કોઇ નહીં આવે,
સગારે કુટમ સરવે મલી કરી બેઠા,
પણ જીવ એકલડો જાવે રે
ધન મારૂં મારૂં તું...૫.

જીરેપ્રાણી આવિયો તું નાગો ને જાઇશ તું નાગો,
પ્રાણી તું કેટલાક નાટક નાચ્યો,
ભણે પીર સદરદીન સુણો ગતિયું મોમનો,
નામ સાહેબજીકો સાચો રે
ધન મારૂં મારૂં તું...૬.

✶

# ગિનાન : ૪૩

## પીર સદરદીન (રહ.)

એજી દુનિયા ચલીત્ર દેખકે બંદે મત તું જાયરે ભૂલાય,
સપનાતરનું પેખણું બંદા તેસો આરે સંસાર,

મોમનભાઇ કર લિયો ખુદાસે પ્યાર,
આશા સિરેવો તે સીરજણહાર,
મોમનભાઇ કર લિયો ખુદાસે પ્યાર. ૧.

એજી કાચી કાયા જૂઠી માયા,
બંદે નહીં ચાલે તેરે સાથ,
અંતકાળે જઇશ એકલો,
બંદા જાઇશ ઠાલે હાથ મોમનભાઇ...૨.

એજી પુતર ધીયર ભાઇ બંધવા,
બંદા નહીં ચાલે તેરે સંગાત,
સમરી લીયો સચે સાહીકું,
તો હોયશે અમરાપૂરી વાસ મોમનભાઇ...૩.

એજી મદ અહંકાર ન કીજીયે,
બંદા વિચારો આપણે મન,
વજર ભીંતે અમને રોકીયા,
બંદા છ માસ છ દિન મોમનભાઇ...૪.

એજી મહેરબાન હુવા શાહા આપણાં,
બંદા ભીંત હુઇરે ખલાસ,
ઉનકું સમરો સચે સીધકસું,
બંદા જા લગી ઘટ માંહે સાસ મોમનભાઇ...૫.

એજી પીર સદરદીન બોલિયા,
બંદા કીજે સાહેબજીકી આશ,
ઉનકુ સરેવો સાચે સીધકસું,
બંદા જપો સાસ ઉસાસ મોમનભાઇ...૬.

✶

## ગિનાન : ૪૪

# પીર શમ્સ (રહ.)

તારે પુઠીઅડે છે પાંચ,
સાચલો સમર લેજો સાથ, જીરે વણજારાજી,
જુગમાંહે લેજો ઘણેરો લાભ,
કલમાંહે લેજો ઘણેરો લાભ,
આગળ સામી રાજો લેખા માંગસે જીરે વણજારાજી. ૧.

એજી ખોખરી ભરી છે તોલ આગ,
પાંચ પોઠીઅડા ભરે છે લાકડા જીરે વણજારાજી. ૨.

એજી તારે પાણીનો પોટડીઓ લેજો સાથ,
આગલ કોઇ કેને પાણી નહીં આલસે જીરે વણજારાજી. ૩.

એજી તારે ખાવાનું સમર લેજો સાથ,
આગલ હાટ નહીં વાણિયા જીરે વણજારાજી. ૪.

એજી તારે ખાવા મળ્યો કુટુંબ પરિવાર,
આગલ કોઇ કેનું નહીં થાયશે જીરે વણજારાજી. ૫.

એજી એ તારી ખોટી છે ઘરડાની નાર,
જે તુને વોરાવીને પાછી વરે જીરે વણજારાજી. ૬.

એજી એ ગિનાન બોલ્યા પીર શમ્સ ચોટ,
સાચલો સમર લેજો સાથ જીરે વણજારાજી. ૭.

★

## ગિનાન : ૪૫

# પીર સદરદીન (રહ.)

યા અલ્લાહરે તમને શ્રેવું મારા હંસાજીના રાજા,
કાયમ કરોને અસવારી. ૧.

યા અલ્લાહરે ભાઇજી માટી પાણી,
માટી પાણી લે કર,
કાયા રતન એ બનાઇ. ૨.

યા અલ્લાહરે ભાઇજી ઊડ ગયા હંસ પડી રહી માટી,
મુસ્તક પડી સીર ભારી. ૩.

યા અલ્લાહરે ભાઇજી આછા આછા નીર,
નીર મંગાય કર,
કાયા રતન એ પખારો. ૪.

યા અલ્લાહરે ભાઇજી ઝીણા ઝીણા કપડા,
કપડા મંગાય કર,
કાયા વસ્તર એ ઓઢાયો. ૫.

યા અલ્લાહરે ભાઇજી દોએ મિલો દોએ મિલો,
મિલો મેરે ભાઇજી,
મિલ કર મંજલી એ ઊઠાવો. ૬.

યા અલ્લાહરે ભાઇજી ચાર પાઇએ ચારભાઇ,
ચારભાઇ આપણે,
લે જાઓ જંગલ એ મીંજાર. ૭.

યા અલ્લાહરે ભાઇજી પહેલી મેજલ પહેલી મેજલ,
મિલો મેરે ભાઇજી,
પહેલી સો નીમાઝ એ ગુજારો. ૮.

યા અલ્લાહરે ભાઇજી દુજી મેજલ દુજી મેજલ,
મિલો મેરે ભાઇજી,
લઇ રાખો ગોર એ કીનારે. ૯.

યા અલ્લાહરે ભાઇજી ગોર ખોદિયો
ગોર ખોદિયો મેરે ભાઇ,
આયા બંદા એ દોસારી. ૧૦.

યા અલ્લાહરે ભાઇજી અંબર ને ધરતી,
ધરતી વીછાયે કર,
તે વીચ રાખો મેરે ભાઇ. ૧૧.

યા અલ્લાહરે ભાઇજી લતીઆરે ગુતીઆ,
લતીઆ ગુતીઆ દે કર,
અજબકી સુરત એ બનાઇ. ૧૨.

યા અલ્લાહરે ભાઇજી કીસકા મંડપ કીસકી મેડીઆ,
કીસકા રાજ એ દુઆર. ૧૩.

યા અલ્લાહરે ભાઇજી તમે વરો
તમે વરો જાઓ ઘર આપણે,
હમકું તો જંગલ રૂખસું યારી. ૧૪.

યા અલ્લાહરે ભાઇજી ભણે પીર સદરદીન
સુણો ગતીઉ મોમનો,
ગુર મુખે દીજે વસત એ પિયારી. ૧૫.

✶

## ગિનાન : ૪૬

# પીર સદરદીન (રહ.)

હો જીરેભાઇરે ચેત ચેત બાના મન ચંચલ કરી ચેતો,
અને જબ લગ ઘટ માંહે સાસજી,
ભાવ હુવા પણ ભગતી ન હુઇ,
જીવડો ઊઠી ચાલિયો નિરાશજી,

પીરના બોધ ગિનાન સુણી જેણે ભેદ ન પાયા,
એણે ગાફલે જનમ હરાયાજી,
તેણે પાપીએ ફોકટ ફેરા ખાયાજી પીરના...૧.

હો જીરેભાઇરે હી જુગ હાટ પાટ બજાર કરી જાણો,
અને સબ જુગ વણજણ આયાજી,
વણજી સકો તો વણજો મોરાભાઇ,
નહીંકા ખાસો ફોકટ ફેરાજી પીરના...૨.

હો જીરેભાઇરે નયણભી થાકી ને બયણભી થાકી,
અને થાકી તે સુંદર કાયાજી,
જનમ ભોમ સઘળી થાકી,
પણ એક ન થાકી કૂડી માયાજી પીરના...૩.

હો જીરેભાઇરે આપણા સામીજીને સાચું કરી શ્રેવો,
અને દિલ માંહે વિસવાસ આણોજી,
ભણે પીર સદરદીન કબહી ન હારો,
જો જોઇ જોઇ પાસા ઢાળોજી પીરના...૪.

✶

## ગિનાન : ૪૭

# પીર શમ્સ (રહ.)

ગટ ગુરૂજી ગટ ગુરૂજી, ધરમ સંચ રહ્યા. ૧.

દિન પૂને દિન પૂને મધે જનમ લિયા, હારે જનમ લિયા. ૨.

ગુર ગોલ ગુર ગોલ કંચોલડે મુખ ધરિયા, હારે મુખ ધરિયા. ૩.

મુખ મામે મુખ મામેરો નુજરે હથ ધરિયા, હારે હથ ધરિયા. ૪.

દસવંદ દસવંદ સાહેબજીએ સીર ધરિયા, હારે સીર ધરિયા. ૫.

સાહેબ દેવે સાહેબ દેવે, બદો દે ન સગંદા, હારે દે ન સગંદા
લોભે પડિયા. ૬.

એ ભૂલાવણે એ ભૂલાવણે ચિત ન ઘતિયા,
હારે ચિત ન ઘતિયા. ૭.

મત હાથ મત હાથ મલ મલ વતદે, મલ મલ વતદે. ૮.

દશમણિયા દશમણિયા, બંદો કરધણા હારે કરધણા. ૯.

હુણ કીઓવે હુણ કીઓવે, પએકણા હારે પએકણા. ૧૦.

એ બહોતેડા એ બહોતેડા, લધડે બનિયા, હારે લધડે બનિયા. ૧૧.

એ તેરી  વે એ તેરી, ઉમર વિયાણિયા એ વિયાણિયા. ૧૨.

જીવ ચલ દિયા પિંડ ભંજ દિયા, હુણ કીઉ પછટાવણા,
એ પછટાવણા. ૧૩.

પીર બોલિયા શમસ જાધે છૂએ તા ધરમ,
પીછાણણા એ પીછાણણા. ૧૪.

✶

## ગિનાન : ૪૮

# પીર શમ્સ (રહ.)

એજી અજબ શહેર મેડે ખાલક સીરજ્યા,
શહેર સમાયા નામ એજી. ૧.

એજી લુણ પાણી સાહેબે સહેજે નિપાયા,
અન કિયા ત્યાં તેસા એજી. ૨.

એજી સતર ગજ ભીંતરકા પાયા,
એસા તે કોટ રચાયા એજી. ૩.

એજી મરદ ને ઓરત નજરે મિલંતા,
પાક હુવા સરવે પાણી એજી. ૪.

એજી ઓરતને જબ બેટા જાયા,
સો તા ખબર ન જાણી એજી. ૫.

એજી સો બેટા જામાસું ભયા,
દીન વેલે ફરમાન એજી. ૬.

એજી જબસો જામા મએલા હોવે,
અગન મેં પખારે સો જામા એજી. ૭.

એજી એક એક આંગણે દો દો ચશ્મા,
ખારા ફીકા નવ જાણે એજી. ૮.

એજી દો દો રોટી એક એક મુરઘી,
શકર જેસા પાની એજી. ૯.

એજી હઝરતથી જબ કાસે ઉતરે,
મન ભાવે સો ચીજ ખાવે એજી. ૧૦.

એજી પીર શમસ દીવો પરતક દેખો,
નૂર ચાંદરૂડા હુઆ એજી. ૧૧.

એજી જલરે મેઘ જઇ ત્યાં વરસે,
જ્યાં ડૂંગર ખેતર સમારે એજી. ૧૨.

એજી સાપ ને વીછુ ત્યાં નહીં કોઇ,
વાઘ ને સિંહ ન હોય એજી. ૧૩.

એજી બોડા ને બેરિયા ત્યાં નહીં કોઇ,
લૂલા ને પાંગળા ન હોય એજી. ૧૪.

એજી ઉનુંકે ઘર પછવાડે દો દો બાગા,
મન ભાવે સો મેવા ખાવે એજી. ૧૫.

એજી નૂર નબી ખાલક ભેજિયા,
ઉમ્મત માનિયા નાહીં એજી. ૧૬.

એજી પીરને ન માને શાહને ન પીછાણે,
હમ હમારે પાટણ રહ્યા એજી. ૧૭.

એજી ઇનુંને કિયા ઇનુંને પાયા,
એસા શેર કહેર રચાયા એજી. ૧૮.

એજી જે જીવ મેરા ઇલમ નહીં માને,
તે ગરક ગયા શયતાની એજી. ૧૯.

એજી હમકુ શાહ ફરમાન જ કિયા,
સારા કોટ લે ગરક જ કિયા એજી. ૨૦.

એજી હમ હમારે પાટણ માંહે રાખું,
જો માને મેરા સાહેબ એજી. ૨૧.

એજી જીનકું જીનકા સાહેબ રાખે,
સો બંદા કિયું ડૂબે એજી. ૨૨.

એજી ઉનકી ખિયાનત ઉનકી અમાનત,
ગરક ગયા શયતાની એજી. ૨૩.

એજી પીર શમસ દીવો પડદે હુઆ,
હુઆ ઘોર અંધારા એજી. ૨૪.

એજી નૂર નબી ડૂંગરે ચડિયા,
દેવલ પાણી ચડિયા એજી. ૨૫.

એજી પીર શમસ ગુર ગિનાન સુણાયા,
મોમન બોલીને કરજો વિચાર એજી. ૨૬.

★

## ગિનાન : ૪૯

# પીર સદરદીન (રહ.)

એજી પરતક વીલોણીને ફાંસ માંડી,
ત્યાં પંખીડા બેસવાને જાયરે,
એક પોતાને સેંસો પડયો,
બીજાને ભારે ટંગાયરે,

મુગતા તો ફલ ત્યારે લઇએ,
જયારે ગુર કીજે નિરવાણ રે,
દેહીના પાંજર તો ટળે,
જો સતગુરની માનો આણ રે,
ભરમ તો ભાંગે ફેરા તો ટળે,
જો જઇ પૂછો સતગુરજીનું ગિનાન. ૧.

એજી એક વાંઝ સૂતી ને સપનું લાધું,
સપનામાં પ્રસવ્યો બાળ રે,
તેને જાચક જોતક અતિ ઘણાં,
નાટક જોગણીયું ગુણ ગાય રે,
તેને કંકુ કેરા છાપા દેવરાવે,
માલણ લાવે હાર રે,
એટલે સપનુંતર વહી ગયો,
કેનું રમાડિયો બાળ રે મુગતા...૨.

એજી એક રાંક સૂતો ને સપનું લાધું,
જાણે સપનામાં પામ્યો રાજરે,
હસ્તી ઘોડા અતિ ઘણાં,
પાલખી પોતાને કાજ રે,
તેને ચારે કોરે ચમર ઢળાવે,
પ્રાણી પોતે કરે તે થાય રે,
એટલે સપનુંતર વહી ગયો,
સેંસો પડિયો મન માંહે રે મુગતા...૩.

એજી એક ધોરીને કાંધે ધોસરૂં,
જાણે જાવું તે કોઇક ગામ રે,
તેના પાટા છૂટા દ્રષ્ટના,
જાં જુએ તાં ઠામોઇ ઠામરે મુગતા...૪.

એજી એક વન કેરો મિરગલો,
તરસ્યો ન પામે નીર રે,
તેને આંખે આવે ઝાંઝવા,
સામા તે વરસે તીર રે મુગતા...૫.

એજી મનછા સરોવર માક મોટી,
જાણે તે આવે પૂર રે,
અણવાણે પગે દાઝણાં,
માથે તે આવ્યો સૂર રે મુગતા...૬.

એજી ભગવા તે પહેરે શું થાય,
જેના મન માંહે મોટી હોંસ રે,
જાણે તે મીંદર મહાલશું,
પેસવા લાગો ઊંટ રે મુગતા...૭.

એજી પાંચના પચવીસ લક્ષણ,
શેસ્ત્ર રૂપ પચાસરે,
સતગુર સદરદીન એમ ભણે,
મારા સામીસું રાખો હેત રે મુગતા...૮.

✶

## ગિનાન : ૫૦

# પીર સદરદીન (રહ.)

એજી શ્રી ઇસ્લામશાહ અમને મલિયા,
અને દીધા તે દીનના રાજજી,
અલખ રૂપે ઓળખ્યા,
તેણે સારિયા અમારા કાજ. ૧.

એજી નારી થઇને અમે વિનવીયા,
અને ઓળખ્યા તે સાહેબ એહ,
દસવંદી સીરબંદી જાણજો,
જો પૂરા હોવે સ્નેહ. ૨.

એજી પ્રીત જાણીને ગિનાન જોડિયા,
અને દિલમાં રાખી સુધીર,
ગુરના ગિનાન તો મિલે,
જો નિરમલ થઇ રહીએ નીર. ૩.

એજી નિરમલ મન તો રહે,
જો પુરવ હોવે સ્નેહ,
દયા પ્રગટ ઉપજે,
સતગુરથી અમર દેહ. ૪.

એજી પીર સદરદીન બોલિયા,
તમે સાહેબ જાણજો હજુર,
એ અમર પદમી તો મિલે,
જો અંતર ભેટિયે નૂર. ૫.

✶

## ગિનાન : ૫૧

## પીર સદરદીન (રહ.)

એજી સાહેબ બડા જેણે સબ જુગ સિરજિયા,
અલ્લાહ સબ જુગ તેરે આધારજી. ૧.

એજી કાચી કાયા ને કોટ મીટીઅદા,
મિટડી માંહે રિડી ભિડી જાયશેજી. ૨.

એજી ગોર અંધારી માંહે વાસ જ રેણા,
કીડે ખાધા માંસાજી. ૩.

એજી સૂતે સૂતે કેતે બરસ ગુજર ગયે,
ફેર ન સધિયા પાસાજી. ૪.

એજી સતકા બેડલા સામી મારે નેડેસુ ઢોયા,
મોમન તીસ ચડી પાર લંઘેશેજી. ૫.

એજી પીર બડા જેણે શાહા દીખલાયા,
આંઇ મોમન કરી લીઓ કમાઇજી. ૬.

એજી કરીઓ કમાઇ ને દસોંદ દીઅણા,
તે મોમન સાચા યારાજી. ૭.

એજી એસો ગિનાન પીર ભણાવે સદરદીન,
ભાઇ ફલ સચા યારા મોમન લેશોજી. ૮.

✶

## ગિનાન : ૫૨

# પીર સદરદીન (રહ.)

જીરેવીરા હું બલિહારી ગુર આપણે
પીર આપણે,
જેણે દેખાડિયા આવા સત ધરમ - સત ધરમ. ૧.

જીરેવીરા નહીંરે વીછોડો આગલ મુમનો
ભાઇ મુમનો,
તારા જુગની પોતી છે સંઘ - વીરા સંઘ. ૨.

જીરેવીરા તું રે વણજારો મોમન મેદની
મોમન મેદની,
તારા દિલમાં કરજે વિચાર - એ વિચાર. ૩.

જીરેવીરા બાલપણમાં સામી રાજો સિરેવીએ
જેણે સિરેવીઆ,
તેનો જીવ સાહેબસું મેડા મિલે - એ મેડા મિલે. ૪.

જીરેવીરા જેણે જીવે આ જુગ સંધેઆ
જેણે સંધેઆ,
તેણે લોણીઓ આરે સંસાર - એ સંસાર. ૫.

જીરેવીરા લુણીઓ ખેત્ર ન ટોઇએ
એ ન ટોઇએ,
તે પર લોક હસે સબ કોઇ - એ સબ કોઇ. ૬.

જીરેવીરા લોભ તું મેલી ન સગિયો
એ ન સગિયો,
તુંને મીઠો તે લાગો આરે સંસાર - એ સંસાર. ૭.

જીરેવીરા જેમ રૂએ બાલા પુંબડા
એ પુંબડા,
તેમ રોવેંગો આરે સંસાર - એ સંસાર. ૮.

જીરેવીરા સાયર વોહણા રૂવે માછલા
રૂવે માછલા,
તેનો આવ્યો છે કાળ - વીરા કાળ. ૯.

જીરેવીરા પાન વીના સીઆ રૂખડા
સીઆ રૂખડા,
તેની છાંએ ન બેસે કોઇ - એ ન કોઇ. ૧૦.

જીરેવીરા ગિનાન વીના સીઆ મોમના
સીઆ મોમના,
તેને મૂઆ પછી મોખ ન હોય - એ ન હોય. ૧૧

જીરેવીરા કાંય ન રૂઓ આપણા જીવને
આપણા જીવને,
તમે મૂવા પછે કાહે કરશો - એ કરશો. ૧૨.

જીરેવીરા ફીરે હલકારા સચા કાયમી
સચા કાયમી,
તમે ચેતો ચેતણહાર - ચેતણહાર. ૧૩.

જીરેવીરા દીપજંપુમેં એક બુટિયાં
એક બુટિયાં,
તેને હય કોઇ રાખણહાર - રાખણહાર. ૧૪.

જીરેવીરા રાખણહારો ધણી આવશે
ધણી આવશે,
તમે પરખો તે પરખણહાર - પરખણહાર. ૧૫.

જીરેવીરા પીર સદરદીન બોલીયા વેનતી
એ વેનતી,
તમે જપજો સાહેબજીનું નામ - સાહેબજીનું નામ. ૧૬.

✶

## ગિનાન : ૫૩

# પીર સદરદીન (રહ.)

એજી ટાઢું ટાઢું મીઠડું બોલિયે,
ગુરગત ગંગાને ભાવે,
સરવે સાચેરૂં થઇને ચાલિયે,
તો સાહેબ દિલ ભાવે,

જેને રિદે સચો શાહ વસે,
તાકું અન્ન ન ભાવે,
જેને રિદે આપણો ગુર વસે,
તાકું નિંદરા ન આવે,
નિંદરા તજો વીરાભાઇ,
ગિનાન વિચારો મોરાભાઇ. ૧.

એજી દાદા મ દેજોરે લોકને,
તેથી રહીશ કુંવારી,
દીઓ તો દેજો સચા સાધને,
જે ઊતારે પએલે પાર જેને રિદે...૨.

એજી સાકડી શેરી માંહે મુને ગુર મલીઆ,
મારે લોકસું વેવાર,
કાંટાની મીસે ગુરને નમું,
હાથે કરૂં રે પરણામ જેને રિદે...૩.

એજી વન વન અગર ન નીપજે,
જલ જલ કમલ ન હોય,
પીર સદરદીન બોલિયા,
ગુરકા ભાંખીયા સો જૂઠડા ન હોય જેને રિદે...૪.

✶

## ગિનાન : ૫૪

# પીર સદરદીન (રહ.)

એજી દુનિયા સીરજીને શાહ મોરે અન્ન ઉપાયાજી,
પવન પાણી પયદા કીધાજી. ૧.

એજી કહોરે જીવ તમે કીસ કારણ આયાજી,
ન કીધી સાહેબજીની શ્રેવાજી. ૨.

એજી દુનિયાનો લોભ જીવડો કરવાને લાગોજી,
દુનિયાને લોભે ભરમે ભૂલોજી. ૩.

એજી ભૂલો તે માથાનો ભેજો કાને નીસરસેજી,
તિલ તિલના લેખા સાહેબ લેશેજી. ૪.

એજી સોહો સોહો કરણીએ તિયાં સૂરજ તપશેજી,
માઇ ન કહેવે પુત્ર મેરાજી. ૫.

એજી જુમલોજી પૂછે આપણા જીવુના પીરનેજી,
અમરાપૂરીના ઘર છે કેવાજી. ૬.

એજી સોનાની ઇંટડિયું ને રૂપાના થંભજી,
સાવ કસ્તુરી કેરા ગારાજી. ૭.

એજી એવા એવા મોહોલ આપણે સાહેબે ઉપાયાજી,
કરણી કમાવો તો એ ઘર પામોજી. ૮.

એજી ભણે પીર સદરદીન સુણો ગતીઉ મોમનોજી,
કરણી કમાવો તો એવા ફલ પામોજી. ૯.

✶

## ગિનાન : ૫૫

# પીર સદરદીન (રહ.)

એક જીરેભાઇરે સાચલો મારગ સામીજીએ સીરજીઆ,
તમે કૂડ કાં ચાલો મોરા વીરાજી. ૧.

એક જીરેભાઇરે કૂડા તે કલ માંહે ખોટા પડશે,
ફલ લેશે સચા યારા. ૨.

એક જીરેભાઇરે કૂડ મત કરો નહીં કા જાયશો બીએણે,
નીર તે લોચન વયશે. ૩.

એક જીરેભાઇરે સૂતક પાતક ઘટડે મ રાખો,
તમે કાંય ચાલો આપ મુરાદા. ૪.

એક જીરેભાઇરે આપ મુરાદા જીવ દોઝખે પડિયા,
તમે સત મ છોડો મોરા ભાઇ. ૫.

એક જીરેભાઇરે મીઠડે ખાધે હોયશે કડવાઇ,
સામી રાજો કાગળ લખશે. ૬.

એક જીરેભાઇરે લુણ પાણીના સાહેબ લેખા લેશે,
સામી રાજો હિસાબ પૂછશે. ૭.

એક જીરેભાઇરે કાસકા મંડપ માળિયા,
ભાઇ કીસકા રાજ દુઆર. ૮.

એક જીરેભાઇરે સાહેબજીકા મંડપ માળિયા,
ભાઇ અલીજીકા રાજ દુઆર. ૯.

એક જીરેભાઇરે સાહેબજીકે હાટે આયા વણજારા,
ભાઇ કિયા લીજે ને કિયા દિજે. ૧૦.

એક જીરેભાઇરે સાહેબજીકે હાટે સબ કુછ સોદા,
વણજ કરી કરી લીજે. ૧૧.

એક જીરેભાઇરે માણક છોડી જે કંચ વણજણ,
ખોટેસુ વણજ ન કીજે. ૧૨.

એક જીરેભાઇરે દેખી પર ઘર ઓચર્યા,
ભાઇ મન માંહે ભીરાંત ન કીજે. ૧૩.

એક જીરેભાઇરે બાંધી મોટ ઊઠાવી ન શકશો,
કાંય લીઓ ભાર અનહદા. ૧૪.

એક જીરેભાઇરે કાંયરે લુહાર કે વશ પડો છો,
ઘડાએશો દુજી વાર. ૧૫.

એક જીરેભાઇરે આગલ ભવસાગર પારજ લંગણા,
સો કેમ કરી પાર લંગેશો. ૧૬.

એક જીરેભાઇરે તન કરિયો બેડલા અને સાહેબની સરેવા,
તો સામી રાજો પાર ઉતારે. ૧૭.

એક જીરેભાઇરે દુઆરે થકી અભિયાગત આવે,
તેની શ્રેવા કરીઓ મન ધીર. ૧૮.

એક જીરેભાઇરે નીચો નમી નમી તેને કંથ લેખીજે,
આપણા સતગુરને પાયે પડીજે. ૧૯.

એક જીરેભાઇરે એસો ગિનાન પીર ભણાવે સદરદીન,
સામી રાજો સીદક પતીજે. ૨૦.

✶

## ગિનાન : ૫૬

# પીર સદરદીન (રહ.)

જીરેભાઇરે પહેલો રે નામ સાહેબજો વડો લીજે,
ભાઇ ધન ધન રઇયણ વિઆણી હો જીરેભાઇ. ૧.

જીરેભાઇરે અંબરને ધરતી શાહા મોરો
ત્રિભોવન સરજિયા,
ભાઇરે વણરે થંભે આસમાન હો જીરેભાઇ. ૨.

જીરેભાઇરે ચંદ્ર સૂરજ શાહા મોરે દીપક સરજિયા,
તે લઇને ધરિયા આસમાન હો જીરેભાઇ. ૩.

જીરેભાઇરે એક અનોપમ શાહા મોરે
ધમલા ધોરી સરજિયા,
તે ધરતીકો થંભણહાર હો જીરેભાઇ. ૪.

જીરેભાઇરે એક ઇંડજમેં શાહા મોરે મેદની સરજી,
તેમાં હિંદુ હિંદુ મુસલમાન હો જીરેભાઇ. ૫.

જીરેભાઇરે ઘરરે ઇમામજે આંહી દીઓરે દસોંદ,
ભાઇ મ કરીઓ હીન દુનિયાસે પ્યાર હો જીરેભાઇ. ૬.

જીરેભાઇરે તમારા દીંઆ શાહા મોરે હજરત લિખીઆ,
તે હજુર સાહેબજે દરબાર હો જીરેભાઇ. ૭.

જીરેભાઇરે તિલરે તફાવતકા શાહા મોરો લેખો લેશે,
તેની સતગુર પૂરે છે સાંખ હો જીરેભાઇ. ૮.

જીરેભાઇરે ચોર ને સાધકા તિયાં હોયસે નિવેડા,
આગલ તુલસી એ મીજાન હો જીરેભાઇ. ૯.

જીરેભાઇરે પાછમથી આપણો ખુદાવંદ આવશે,
ભાઇ સેતારે રથ એ પલાણ હો જીરેભાઇ. ૧૦.

જીરેભાઇરે સેતારે સેન શાહાજા સેતારે નિશાન,
શાહાજા તંબલ વજન શાહા ફરમાન હો જીરેભાઇ. ૧૧.

જીરેભાઇરે ગઢ આલમોતમેં શાહા મોરે તખત
એ રચાયા,
આપણો સામી રાજો બેઠો ખીમા ખોડી હો જીરેભાઇ. ૧૨.

જીરેભાઇરે પાછમથી આપણો ખુદાવંદ આવશે,
તે જંપુદિપ મીંજાર હો જીરેભાઇ. ૧૩.

જીરેભાઇરે બોલિયા પીર સદરદીન તમે સાચું
સહી કરી જાણો,
આપણો સામી રાજો આવશે નિરવાણ હો જીરેભાઇ. ૧૪.

✶

## ગિનાન : ૫૭

# પીર સદરદીન (રહ.)

જીરેભાઇરે સત હો સુકરીત ગુરનર ગતસું આરાધો,
નહીંકા પસ્તાવો પડશે દુજી વાર. ૧.

જીરેભાઇરે જુગ માંહે તમે વણજણ આયા,
તો તમે ચાલો સતગુરજીકે વાયકે,
સતગુર જેસા ઘટ નિરમલ કીજે. ૨.

જીરેભાઇરે પિંડના પોખી, વીરા ધરમના નહીં લોભી,
તે જીવ આવાગમણના સંગાતી. ૩.

જીરેભાઇરે કાચ રતનના સાહેબ ઘરે વેરા હોયશે,
તિયાં થાયશે કાચ રતનના નિવેડા. ૪.

જીરેભાઇરે જીકર તણા વીરા જે જીવ લોભી,
તે ગુરની બેડીએ ચડશે સોહેલા. ૫.

જીરેભાઇરે અમર દીદારી વીરા તે જીવ કહીએ,
તે જીવ સત સંતોષી. ૬.

જીરેભાઇરે જીવડાને કારણ ગુર રતન વરસાયા,
રૂડા ગિનાન સુણાયા,
તે ગુરને હંસ રતન કરીને જાણો. ૭.

જીરેભાઇરે ઉત્તમ કરણી ગુરનર ગતસું કીજે,
તો એકોતેર માઇ બાપના વધાવો. ૮

જીરેભાઇરે નિત નિત ગત માંહે મિલી હાલ ગુજારે,
તો અમરાપૂરી નહીં દૂર પિયાણા. ૯.

જીરેભાઇરે થોડાને કાજે તમે બોહોત મ હારો,
નહીં તો નિશ્ચે મરણા હોયશે. ૧૦.

જીરેભાઇરે નરને પીરસાદે પીર સદરદીન બોલિયા,
ગુરનરને શ્રેવે તે દીદારી. ૧૧.

✶

# ગિનાન : ૫૮

## પીર સદરદીન (રહ.)

હો જીરેભાઇરે  ધીરો ધીરો મોમનો તમે થરજ રેજો,
જો થર રહેશો તો આગળ અમરાપૂરી પામશો. ૧.

હો જીરેભાઇરે માનસરોવરમાં મોતી રતન છે અપાર,
તે માંહે હંસલા મોતી ચૂણે. ૨.

હો જીરેભાઇરે આહાર પરનારીસું મન રાખો ઉપવાસ,
તો તમે શાહજીસું વાસો જઇ વસો. ૩.

હો જીરેભાઇરે સોનાનો કંચોલો તેનું અજબ છે રૂપ,
તેમાં હોઝ કઉસર શાહજીનાં અમી ભરિયા. ૪.

હો જીરેભાઇરે ભણે પીર સદરદીન ભાઇ એ તો સર્વે સાચું,
પૂરવના લિખિયા હોય તો વીરાભાઇ અમી પિયો. ૫.

★

# ગિનાન : ૫૯

## પીર સદરદીન (રહ.)

હો જીરેભાઇરે પડે ને બૂજે તેને શું શું કહીએ,
સેવા વીના ફલ કેમ કરી પામીએ. ૧.

હો જીરેભાઇરે મુગત મારગનો પંથ દોયલો રે હોજી,
આપણે કેમ કરી અમરાપૂરી પામીએ,
વીરાભાઇ કેમ પામીએ. ૨.

હો જીરેભાઇરે ગુરનરની સેવા કાંઇ કરતા હોજી,
એમ કરી અમરાપૂરી પામીએ. ૩.

હો જીરેભાઇરે આંખલડી માંહે દીજે ગુરજીને બેસણા હોજી,
શાહજીસું પ્યાર ઘણેરો કીજીયે. ૪.

હો જીરેભાઇરે માણેક મોતીની કાંઇ કંઠલડી હોજી,
તે વીચ હીરા રતન જડાવીએ હોજી. ૫.

હો જીરેભાઇરે થોડાને કારણે બહોત ન છોડીએ હોજી,
રૂડા રિખીસર શાહાજીસું નેહ ન તોડીએ. ૬.

હો જીરેભાઇરે દુ:ખ સુખ કાયા પિંડીને આવણા હોજી,
વીરાભાઇ જાવણા હોજી,
પણ રદેહ થકી સત ધરમ ન છોડીએ. ૭.

હો જીરેભાઇરે ભણે પીર સદરદીન તમે સુણો મોમન વીર,
દીધા કોલ ગિરભાવાસના તે સહી પાળીએ. ૮.

✶

## ગિનાન : ૬૦

# પીર સદરદીન (રહ.)

યારા શફાયત મહમદ કરશે,
મોમન બહેસ્ત લહંદા. ૧.

યારા અમરત ભોજન વસ્ત વરના,
લીણાં લાડ કરીંદા. ૨.

યારા સીર સોવન સીર રૂપે કેરી,
કસર કોટ અડાયેઆ. ૩.

યારા અવધ અમૂલ મોતી માંહે જડશે,
કે માણક મથા છાયા. ૪.

યારા મોતી માંહે ખટ જુલેશે,
કે સતરંગી પલંગ વીછાયા. ૫.

યારા હીરડા જડત્ર હીંડોલા ખાટે,
કે મોમન માંહે લુડંદા. ૬.

યારા તખત ફીરોઇયું શાહા આપો હી આપે,
કે મન વાચા ફલ લહંદા. ૭.

યારા ક્યિાડા કલાચી તાજી સેતા,
કે પાસે બુરાક બુરંદા. ૮.

યારા કાયમ કંકુ રેત રચેશે,
કે પુરખ પૂરા માણીંદા. ૯.

યારા સરો શરબત માંખીએ ખીર,
કે ચશ્મા ચારે જરંદા. ૧૦.

યારા રાતિયા કસ્તુરી વાહાજ વરશે,
કે અંબર ડીંઅ વસંદા. ૧૧.

યારા ધુપ ટાઢ મોમને ન લગશે,
જીંઅ ભાવન તીંઅ કંદા. ૧૨.

યારા અમર પીંડી અમરાપૂરી વાસો,
જે કે પંજ વારીંદા. ૧૩.

યારા અહંકારવાદ કામ હીરસા,
જે ભીતરસે નહીં લેંદા. ૧૪.

યારા તિ્નકે અનંત વાર એક મોહોલમેં,
કે સદા શાહા પસંદા. ૧૫.

યારા ચડે ચઉદે ભમણે જીવન જો સામી,
કે નૂરી પિંડ થીઅંદા. ૧૬.

યારા હેક હેક મોમન પીંજા હુરૂં,
કે સતિયું સરવે નારિયું. ૧૭.

યારા તેંખે હથે બીડા ને વર કંથ વિનોવે,
કે ફરી ફરમાન ધારિયું. ૧૮.

યારા તેંખે મથે મુગટ સોવન જા ઝલકે,
હુરૂં હંસા ધારિયું. ૧૯.

યારા તેંખે ફૂલ ફૂલેસર પોહોપ પરમલ,
હુરૂં પના ધારિયું. ૨૦.

યારા ભણે પીર સદરદીન શાહાજો પ્યારો,
મોમન શાહજા દીદારી. ૨૧.

✶

## ગિનાન : ૬૧

# પીર સદરદીન (રહ.)

જીરેવીરા સંસાર સાગર મધે વાણ,
આપણા સતગુરે નોરિયારે,
યાશા સંસાર લંધાએ વીખડો પાર,

હો દેશ દેલમમેં પછમ દિશજો,
આપણા સાહેબને આરાધજોજી,
વાયા વાય સુવાય સત ધરમ મારગે આવો,
આપણા શાહાને વાયકે ચાલો,
વીરાભાઇ ચાલજો ઉતાવળા,
નીકર આગલ જાઇ પસ્તાવા કરશો,
કરશો તે અતિ ઘણાં રે વીરા દેશ... ૧.

જીરેવીરા મોમન મોમન તે કહીએ રે,
યાશા જે પર અવગુણ દોષ ખમીજે,
પર અવગુણ દોષ ખમીને,
જે જીવ ગુણ કરે રે યાશા,
તેને હોજો આપણા સાહેબનો દીદાર દેશ... ૨.

જીરેવીરા હંસા તે માનસરોવર રે યાશા,
ઓલા બગલા તે કીચડ ખાય,
જનમ ગમાયો એણે બગલડે,
યાશા તે બગલા હંસ ન થાય દેશ... ૩.

જીરેવીરા ગિનાન સો રતન મારા મુનિવરના,
રિદામાંહે જોત ઝવેરિયારે,
યાશા જે કોઇ પરખે પરખણહાર દેશ... ૪.

જીરેવીરા ગિનાન ફરમાવે પીર સદરદીન,
યાશા ગુર બીના ગોડ અંધાર,
ગુરનરને વચને જે જીવ થર રહ્યારે વીરા,
તે પામે મોખ મુગત દીદાર દેશ... ૫.

✶

## ગિનાન : ૬૨

# પીર સદરદીન (રહ.)

એજી સામી રાજો આવે જંગી ઢોલ વજાવે,
ચઉદિસે ચાંદરૂણા હુઆ,

રે હો પ્રાણિયા કાયમજીને આરાધો,
અલખ પુરખને મ વિસારો,
શાહ પુરખને રે સંભારો,
રે હો પ્રાણિયા કાયમજીને આરાધો. ૧.

એજી નમણી ને ખમણી વીરા હસી હસી મિલણા,
કામ ક્રોધ દોએ તજો રે હો પ્રાણિયા... ૨.

એજી કાંય ધન સંચો વીરા સોના ને રૂપા,
માલ ધન હુઅડા એ બીરાના રે હો પ્રાણિયા... ૩.

એજી કાચી તેરી કાયા પ્રાણી ગાંઠ ગંઠાણી,
અન્નસે બાંધી તેરી કાયા રે હો પ્રાણિયા... ૪.

એજી કાયા નગરી માંહે એક ચોર ઢૂકે છે,
ઢૂકતા કેણે નવ દીઠા રે હો પ્રાણિયા... ૫.

એજી પહેલા લીધા કોટ વીરા નવ દરવાજા,
પછી લીધો કાયા કેરો હંસ રે હો પ્રાણિયા... ૬.

એજી લૂંટી તેરી નગરી વીરા હુઇરે ચોબારી,
ખેત્ર ખડસલા હુઆ રે હો પ્રાણિયા... ૭.

એજી માટી રે મિટડી માંહે રિડી ભિડી જાયશે,
કલર ખાયશે તેરી દેહા રે હો પ્રાણિયા... ૮.

એજી હાડકારે ઉપર વીરાભાઇ પવન જરેશે,
ઝાઝા વરસેગા મેઘ રે હો પ્રાણિયા... ૯.

એજી એ ગિનાન મહારસ પીર ભણાવે સદરદીન,
એ ગિનાન અમીરસ મીઠા રે હો પ્રાણિયા... ૧૦.

✶

## પીર સદરદીન (રહ.)

એજી ગત માંહે આવીને વીરાભાઇ કર જોડી રહીએ,
ગુરના વચન આપણા સીર પર ધરીએ. ૧.

એજી ગત માંહે આવીને વીરાભાઇ સનમુખ રહીએ,
નિંદા થાય ત્યાંથી ઊઠીને જઇએ. ૨.

એજી ગત માંહે આવીને વીરાભાઇ અમીરસ પીજે,
દસોંદ સુકરીત આપણા ગુર મુખે દીજે. ૩.

એજી એસો ગિનાન પીર ભણાવે સદરદીન,
આપણી નાત છોડીને પરનાત વહેવાર ન કીજે. ૪.

✶

## ગિનાન : ૬૪

# પીર સદરદીન (રહ.)

ગુન તેરા સામી રાજા, બક્ષીએ દોષ હમારા. ૧.

સંસાર માંહે જેણે ભાઇ, પરોણલો દિન ચાર. ૨.

પિંડ કાયા કાચી ભાઇ, પંભણ સધે આધાર. ૩.

જીસ માણક વણજ્યાં, ભાઇ લોહોની થિયા વણજારા. ૪.

જે ગુર હાલ નીવેડીન, ભાઇ સતગુર નૂર પ્યારા. ૫.

નૂરે નૂરજ મિલ્યા, ભાઇ નૂરે તા નૂર સમાયા. ૬.

ફલ તારીંદે મિલ્યા, શાહા લંઘાઇએ હુન પાર. ૭.

સેતું ખડીઅ બક્ષીયે, ભાઇ આવો હો મિલ હો પ્યારાજી. ૮.

અમરાપૂરી મેલા ભાઇ, મિલી સચા યાર તરંદા. ૯.

સે વર રયણ વિયાણી, ભાઇ જીતે અલી વર આયા. ૧૦.

સે વર રાત સભાગી, ભાઇ જીતેની મહમદ જાયા. ૧૧.

સુર ગટ વજંદા, ભાઇ હુરેજો સાહેબ આયા. ૧૨.

પટ સધણ તલાજુ, ભાઇ હીંડોલેમેં લૂડાયા. ૧૩.

સે સબ ઉમ્મત દુનિયા, ભાઇ કલમુતા પાક ભણાયા. ૧૪.

સે સબ અલી મૌલાને, જે આપણરે નામે લાયા. ૧૫.

એડા અંબરત જેવા, પીર સદરદીન ગિનાન સુણાયા. ૧૬.

✶

## ગિનાન : ૬૫

# પીર સદરદીન (રહ.)

એજી તમકું સધારે સો દિન બહોતજ હુઆરે પિયા,
મેં દેખું તુમારી વાટરે,

મહેરબાન મેરે, સાહેબ મેરે, દયાવંત મેરે,
યા શાહ તુજ બીના
સો દિન જાવેંગે કઇસા પિયાજી. ૧.

એજી વાચા દઇને શાહ મોરો ગામ સધાર્યા પિયા,
સો દીધી વાચા પ્રીતે પાળોરે મહેરબાન... ૨.

એજી એસા મેં જાણતી તો ચલણે ન દેતી પિયા,
મેં ભી ચલતી તુમારે સાથરે મહેરબાન... ૩.

એજી જીસકારે માઇ બાપ ગામ સધાર્યા પિયા,
ઉસકા ફરજંદ કયું કર રહેવે રે મહેરબાન... ૪.

એજી ઉસકારે ફરજંદ ઇયું પૂકારે રે પિયા,
જીયું થાન વીછુટા વાછરે મહેરબાન... ૫

એજી જલ વીછુટી જેમ માછલડીરે પિયા,
સો જીવેંગી કેટલીક વાર રે મહેરબાન... ૬

એજી પાનીકી ભીરમંડલ ફૂલોંકી છાયારે પિયા,
સો વરણા વરણ પિંડ નિપાયારે મહેરબાન... ૭.

એજી હઇડેકે ભીતર અગન જલતી રે પિયા,
સો તુંહી બુજાવણહાર રે મહેરબાન... ૮.

એજી દુ:ખ ને સુખ દોય હઝરત લિખીયારે પિયા,
સો દોષ કીસીકું ન દીજેરે મહેરબાન... ૯.

એજી ચરણ ભેટાડો યા શાહ નજર મિલાવો પિયા,
હઇડા માંહે મહેરજ આણોરે મહેરબાન...૧૦.

એજી એસો ગિનાન પીર ભણાવે સદરદીન,
સામી રાજો જંપુદિપ માંહે આવેંગો
નિરવાણરે મહેરબાન...૧૧.

✶

## પીર સદરદીન (રહ.)

એજી હેત ગુરનરસું કીજીયે,
અને સાચો મન પતિ લાય,
સાચો સતગુર સિરેવીએ,
તો જીવ અમરાપૂરી જાય. ૧.

એજી અમરાપૂરી તો પામીયે,
જો સતગુર સાથી હોય,
સતગુર વીના મુગતી ન પામીએ,
જો ઇલમ બહોત પડયા હોય. ૨.

એજી અઝાઝીલ ફિરસ્તો બુજરગ કહીએ,
અને ઇલમ પડયો અપાર,
તેણે ભેદ ન લિયો સતગુર તણો,
તો ગયો ગોડ અંધાર. ૩.

એજી સામી હરદમ હાજર છે,
અને નૂર અંતર આય,
જો સાન આવે સતગુર તણી,
તો પરતક સોહી પાય. ૪.

એજી પરતક દૂધ માંહે ગિરત છે,
પણ મંથીઓ પરગટ થાય,
સતગુર કહે મારા મુનિવરો,
ગુર વીના દોઝકે જાય. ૫.

એજી સતગુરસું નેહ કીજિયે,
તો સુખસું ઊતરી જાય,
ગુર બીના જે વાટે ચાલ્યા,
તે બૂડા સંસાર માંહે. ૬.

એજી સતગુર સાથી કીજિયે,
તો ટળે સરવે જંજાલ,
પીર સદરદીન એમ બોલ્યા,
તમે રાખો રિદામાંહે વિચાર. ૭.

✶

# ગિનાન : ૬૭

## પીર સદરદીન (રહ.)

જીરેભાઇ બાના તું સચોથી સચે શાહખે સિરેવે,
માનત થિયે વર ભલે. ૧.

જીરેભાઇ ઝાઝારે જીવણા જે પિંડ સો મેડો,
તાં દીઅણ મુંઅણ મુર મ મલો. ૨.

જીરેભાઇ ભાઇડા ભાઇડા આંહી સંચ વહેજા,
લેખો હુન ઘર દહી મિલો. ૩.

જીરેભાઇ જીવ ચાલંતા પિંડ પડંતા મિલો,
લન કે આંઇ ભર ભલો. ૪.

જીરેભાઇ જીવડો પિંડેડો જીતે ફુટદે,
તીતે થીંદો જર જલો. ૫.

જીરેભાઇ સેસે સૂઇઉતા એમઇ પૂછાઇ,
બઇઉં જમ જમ કહાએ દોહેલો. ૬.

જીરેભાઇ જાં જાં અમરાપૂરી આંહી અખીએંસે પસો,
તાંતાં આંહી મુર મ મેલો. ૭.

જીરેભાઇ અમરાપૂરી માંહે જે જણા પોતા,
તિની યારેખે લથો જર જલો. ૮.

જીરેભાઇ હેડો અમીરસ પીર ભણાવે સદરદીન,
અજ કલ વારે આંહી વલો. ૯.

✶

## ગિનાન : ૬૮

# પીર સદરદીન (રહ.)

એજી ખેડો ખેડો જેમાની નાવડી,
એસીરે નાવડીયે છે બહુ પરકાશ,
દોય તડ તરવું દોહેલું,
સંસાર સાગર માંહે ખેડો...૧.

એજી સોલે સોલે સહસ્ત્ર બેડલીરે,
સાંધેલા તેના કટકા ત્રણસો ને સાઠ,
વણ કરમે ઘણી જાજરી,
સુખદુખ લિખીયા નીલાટ ખેડો...૨.

એજી નગરીયે નવ બારણા,
એણે બારણે દશમો દુઆર,
સત દીત બેલી બે હાથિયા,
જ્યાં ઉપજે સૂર સ્થાન ખેડો...૩.

એજી બઉતેર કોઠા માંહે કોટડી,
તેમાં બહુ છે ચલાઓ નાર,
સકલ વસવા મન વસી રહ્યા,
તેને સુખે સુનકા દુખ કનકાને વાર ખેડો...૪.

એજી પ્રાણી આપણું આપજ રાખીજે,
મનરે મધુરી માંહી,
સમર લેજો સાથિયા,
સુખે ઊતરો પેલે પાર જાઇ ખેડો...૫.

એજી અઠોતેર સોહો માંહે માછલી,
તેમાં મોટા મોટા મગર બે ચાર,
ચારને ચોર તેમાં વસે,
પાંચમો છે હેરણહાર ખેડો...૬.

એજી પ્રાણી માયાનો ફાંધો છે મહા મોટો,
નાંખીયે તો સતગુર ઊતારે પેલે પાર,
છલ છલ ભેદનો ખાડી છે તેમાં,
લોભ છે વિખમોરે પાર ખેડો...૭.

એજી ગિનાન બોલિયા પીર સદરદીન,
વીરા સમર લેજો સાર,
વીરા સમર લેજો સાર,
તો આગળ પામશો પાર ખેડો...૮.

✶

## ગિનાન : ૬૯

# પીર સદરદીન (રહ.)

એજી પર ઘર પ્રીત ન કીજિયે,
એણી પ્રીતે હોય વિનાશ,
પ્રીત કીજે ગુરનરસું,
તો પહોંચે મનડાની આશ. ૧.

એજી પ્રીત કીજે ગુરનરસું,
જેમાં ઘાત ન લાગે કોએ,
નિંદાને તૃષ્ણા વારિયે,
તો ગુર પામીયે સોએ. ૨.

એજી કાયાની બેડી કીજિયે,
અને સતનું કીજિયે શણગાર,
દશોંદનું લંગર કીજિયે,
અને ક્રિયાની દોરી સાર. ૩.

એજી સુખાણ સાથી કીજિયે,
અને સુખાણ વીના ન હોવે કાજ,
ધરમનું સુખાણ કીજિયે,
તો ઊતરીએ પએલે પાર. ૪.

એજી ખુઓ બેડીનો ક્યાંથી આણીયે,
આ ઇંદરી પંજભુ વાર,
એવો જો ખુઓ ચડાવીએ,
તો ઊતરીએ પએલે પાર. ૫.

એજી નાખવો બેડીનો ક્યાંથી આણીયે,
ભાઇ કીંયા તેનું ઠાર,
આતમા પોતાનોને વારીયે,
એવો તે નાખવો સાર. ૬.

એજી દોરી દામણ ક્યાંથી આણીયે,
અને ત્રણસો સાઠ રગુ તાણ,
એવી દોરી દામણ ચડાવીએ,
તો કાયા હોવે નિરવાણ. ૭.

એજી દસ્તુર બેડીનું કીજિયે,
અને સતનું કીજિયે આણ,
અભિયાગતને આદર દીજિયે,
ભાઇ એવો તું દસતુર જાણ. ૮.

એજી ગુર હંકારી બેડી કીજિયે,
પીર કબીરદીન લીજે સાર,
પીર સદરદીન ગિનાન બોલ્યા,
તો તમે ઊતરશો પએલે પાર. ૯.

✶

# ગિનાન : ૭૦

## પીર સદરદીન (રહ.)

ગુર આપનડેલા, પગે લાગી મનાવો. ૧.

કલ સંધી અડેલા, કુછ લેખા લિખાવો. ૨.

લેખા લિખ ધણીએલા, મત પડોરે કુલેખે. ૩.

સામી આપે ભંન ઘડેલા, સાહેબ આપોહી વેખે. ૪.

મૂરખ સંચ ધરેલા, કહે વસત મેરી મેરી. ૫.

સા ન હોવે તેરી અડેલા, વસત સાહેબ કેરી. ૬.

સા ન હોવે તેરી અડેલા, ભાઇ બંધવ બેની. ૭.

સા ન હોવે તેરી અડેલા, ઘર ગરથ મહેરી. ૮.

સા ન હોવે તેરી અડેલા, જીવ ચલતે વાર. ૯.

સાડા ત્રણ હથેલા, બંદા હય ભોં તેરી. ૧૦.

ત્રાંબેદી મોર ઘડેલા, જુગ રાંધેસો ચીણાં. ૧૧.

એક પુડ છડ કરી અંગ ઉખડેલા, જેના મન માંહે કીના. ૧૨.

દો પુડ છડ કરી અંગ ઉખડેલા, જેણે ચિંત ન આણીયા. ૧૩.

તિન પુડ છડ કરી અંગ ઉખડેલા, જેકે કિરીઆદા હીણા. ૧૪.

ચો પુડ છડ કરી અંગ ઉખડેલા, જેકે જાણી ભૂલાણા. ૧૫.

તંધા વટ લડીએલા, એ પિંજે સો ટાણે. ૧૬.

ગોધડ છંડ સટેલા, ચડે ઉપર વાડે. ૧૭.

પંભણ છડ કરીયેલા, કૂડ આણે વીલોડે. ૧૮.

તાંતુ સહેજેથી સુભાવ ધરેલા, શાહા ખેતીજો રાઇ. ૧૯.

ફુલી ફલ ફલેલા, ફલ અનંત સવાઇ. ૨૦.

કારીયો હરણ વીડોલા, જેધા ઉજડ પેટ. ૨૧.

ચોરી ચરે મોહોલા, સો જા હણે ખેત્ર. ૨૨.

ચોરી ચરે ન ડરે મોહોલા, રખવાલા ન મને. ૨૩.

રયણ વિયાણી અડેલા, ત્રપે વાડી જો ભને. ૨૪.

એ માલી બાગ સીરેવો, ખડે શાહ પુકારે. ૨૫.

હય કોઇ એસો ભયોલા, જો મન મીરગને મારે. ૨૬.

કીસકી ધનક ચડેલા, કીસકા પંચબાણ. ૨૭.

સતકી ધનક ચડેલા, ગુરકા પંચબાણ. ૨૮.

મીરગ મારી લીઓલા, કોઇ સુઘડ સુજાણ. ૨૯.

મીરગ મારી લીઓલા, મત થીયોરે અજાણ. ૩૦.

પીર બોલીયા સદરદીન, પોત્રા શમસાણા. ૩૧.

✶

## પીર સદરદીન (રહ.)

એ વીરાભાઇ સાહેબ કેરો ભેદ ન બૂજેરે કોઇ,
જો મન ભાવે સો ફલ હોયજી. ૧.

એ વીરાભાઇ સચા યારા શાહકું નિરમલ સિરેવો,
વાંકી અમર જોત લિખાણીજી. ૨.

એ વીરાભાઇ સો સચા યારા શાહકું રિદેમેં ભાવે,
તાકું આવાગમણ ના આવેજી. ૩.

એ વીરાભાઇ નૂર ખલીફા ઇસ જુગ માંહે આયા,
ઉનકી અમર જોત લિખાઇજી. ૪.

એ વીરાભાઇ પીર સોઇ રૂડા ગિનાન સુણાવે,
ભાઇ ભૂલડાકું મારગ લાવેજી. ૫.

એ વીરાભાઇ પીર સોઇ રૂડા અજબ ભીગોવે,
તો તમે શરિયત રંગ મ રાચોજી. ૬.

એ વીરાભાઇ દીનસું દાવો મુનાફક લાવે,
સો તો દોઝખ હાથ સમારેજી. ૭.

એ વીરાભાઇ દીન હકીકત તમે સાબીત રાખો,
તો તમે દુનિયાના હીરસ વારોજી. ૮.

એ વીરાભાઇ જો આપસકી ખબર ન બૂજે,
સો તો અવરા કિયું સમજાવેજી. ૯.

એ વીરાભાઇ જીવ છોડાવણ જો સોહેલા હોવે,
તો જણ જણ જીવ છોડાવેજી. ૧૦.

એ વીરાભાઇ એસો ગિનાન પીર ભણાવે સદરદીન,
યારો સાચ વીના સુધ ન પાવેજી. ૧૧.

✶

## ગિનાન : ૭૨

# પીર સદરદીન (રહ.)

એ વીરાભાઇ પીરને પૂછી તમે પંથ સરેવો,
તો કાજ તમારા સરશેજી. ૧.

એ વીરાભાઇ માત પિતા અમરાપૂરી પહોંચે,
ભાઇ તરશે એકોતેર પૂરિયાજી. ૨.

એ વીરાભાઇ જીકર તણા વીરા જે જીવ લોભી,
તે શાહની બેડીયે ચડશે સોહેલાજી. ૩.

એ વીરાભાઇ આપ મતીલા જે મનના હઠીલા,
ભાઇ તે તોરણેથી પાછા વળશેજી. ૪.

એ વીરાભાઇ મોંહોના મીઠા જે દિલનારે ખોટા,
ભાઇ તે વાણે ચડીને વિગુતાજી. ૫.

એ વીરાભાઇ મોમન મોમન યારા સબ કોઇ કહાવે,
ભાઇ મોમન તે કોઇ કોઇ હોયશેજી. ૬.

એ વીરાભાઇ મોમન તે જે સહેજે રે સિયાણા,
ભાઇ જ્યું ચંદન પથર ઘસેજી. ૭.

એ વીરાભાઇ મોમન તે જે આપણો આપજ વારે,
ભાઇ કે સાથે વાદ ન કરેજી. ૮.

એ વીરાભાઇ એક મોમન કમાઇ જ કરશે,
એક તે મુળગા માંહે ખોયશેજી. ૯.

એ વીરાભાઇ ચંદર થાવર જે શાહા પીરને ન માને,
ભાઇ તે જીવે કેવા ફલ લેશેજી. ૧૦.

એ વીરાભાઇ ખારા મીઠાની તમે ખબર જ જાણો,
ભાઇ તો વખત વેળા કેમ ચૂકોજી. ૧૧.

એ વીરાભાઇ ભણે સુણે પીરના કહ્યા ન માને,
ભાઇ તે જીવ મહાદન માંહે રોયશેજી. ૧૨.

એ વીરાભાઇ મહાદનમાં રોયા કુછ કામ ન આવે,
આપણો પીર કહે પુકારીજી. ૧૩.

એ વીરાભાઇ પડદે બેઠા શાહ સહુને પીછાણે,
ભાઇરે ન જાણે તેથી અલગાજી. ૧૪.

એ વીરાભાઇ અલખ ખુદાવંદ તમે હાજર દેખો,
ભાઇ તો પીરકી દામન પકડોજી. ૧૫.

એ વીરાભાઇ એસો ગિનાન પીર ભણાવે સદરદીન,
ભાઇ ફલ સચા યારા મોમન લેશેજી. ૧૬.

★

## ગિનાન : ૭૩

# પીર સદરદીન (રહ.)

એ વીરાભાઇ તારેંગો મેડો શ્રીરંગ સામી રાજો,
હેકા કોઇ સાધ જનમ તારેંગોજી. ૧.

એ વીરાભાઇ ઘડે ભંજે દોય સમરથ સામી રાજો,
તેરા કીતા સએ હોસિયાજી. ૨.

એ વીરાભાઇ ભેણ કીસીદી, ભાઇ કીસીદા,
આપ કીસીદા હોવયસીજી. ૩.

એ વીરાભાઇ માઇ કીસીદી, બાપ કીસીદા,
કુછ કાયા નાહો કીતોયે સિયાજી. ૪.

એ વીરાભાઇ દો ચાર બાતિયાં વીરા દે નાલ કર ચલણા,
અખે બોર ન મિલણા હો વયેસીયાજી. ૫.

એ વીરાભાઇ જેડા સુકરીત તેડા સાથી,
કુછ હથા ધરમ કીતોયે સિયાજી. ૬.

એ વીરાભાઇ એ ગિનાન મહારસ પીર આખે સદરદીન,
ફલ સચે યારે મોમનેકુ સામી રાજો દેસિયાજી. ૭.

✶

## ગિનાન : ૭૪

# પીર સદરદીન (રહ.)

કાં બાંધો માયા પૂરવસે હો કાયા પૂર, એ મન ધિઆવતાં વારો. ૧.

તમે માંદલ મ હડો પખવાજ સવારો, ભીતર કૂડી રચાવો. ૨.

તમે થોડાકે કારણ બહોત માં હારો, એમ જાણી આપ ઠગાવો. ૩.

તમે જીવકે કારણ જગડા જગડો, એ દુજે પંચ રહાવો. ૪.

પડે ગાફલ સૂતા જાગે જો નાહી, મૂરખ ન લાધા ચેવો. ૫.

તમે જીવના સોવના એક કરી જાનો, યે જગ એમ હી હુવા. ૬.

જીવ પિંડ યે છૂટે નાહી, યે જગ એમ હી હુવા. ૭.

તમે દીનસું સેવો સેવોરે ભાઇ, ઇસ્લામશાહ નામ ભણાયા. ૮.

પીર સદરદીન એમ બોલિયા, સરેવો તો દીન સુજાના. ૯.

✶

# ગિનાન : ૭૫

## પીર સદરદીન (રહ.)

જોગકા પેંડા દોહેલા, સૂનો જોગી,
સુનો જોગીરે ભાઇ. ૧.

જોગીકું આવત જો કહે, તાકું લાખ,
તાકું લાખ વધાઇ. ૨.

જુગમાં જુગેસર એક હય, ઓર જાણો,
ઓર જાણો સો ચેલા. ૩.

સતગુર સાહેબજી સાંખીયા, જુગા જુગકા,
જુગા જુગકા સો મેલા. ૪.

ભભૂત ભૂસે સો જોગી નહી, જેણે મૂંડ,
જેણે મૂંડ મૂંડાઇ. ૫.

મૂંડ મૂંડાવે સો જોગી નહી, જેણે ભગવા,
જેણે ભગવા સો પહેર્યા. ૬.

ભગવા પહેરે સો જોગી નહી, પણ વાંકુ જોગી,
વાંકુ જોગી કહીયે. ૭.

જોગકી માયા માંહે રહે, અમર તેને,
અમર તેને રે લાધા. ૮.

વઇકુંઠ માંહે ભરપૂર રહ્યાં, અમર તેને,
અમર તેને રે લાધા. ૯.

પીર સદરદીન બોલીયા, ગાફલ મંઢી,
ગાફલ મંઢી મ છાંડો. ૧૦.

✶

## ગિનાન : ૭૬

# પીર સદરદીન (રહ.)

એજી ભરપૂર રાજા તખતે બેઠા,
સાહેબ સીરજણહારજી,
લાએ મુશકીલ થીઓ પરગટ,
અલખ ઇ કિરતારજી,

જુગ સઇઅણેમેં આવાજ હુવા,
તું તો ભૂલી મ જાઓ ગેમારજી,
જુગા જુગ આલમશાહ રાજા,
સેસટીના સીરજણહારજી. ૧.

એજી ગિયાન ધિયાન ફરમાન,
પાંચ રતન સવારજી,
પાંચ પાપી વસ જ રાખો,
પાપને દૂર કરાએજી જુગ... ૨.

એજી સત ધરમસે આરાધ કીજે,
વખર એહી વોરો સારજી,
હલત્ર સોણું પલત્ર વણજો,
પલત્ર વાટ સવારજી જુગ... ૩.

એજી જુગા જુગ શાહજીસું આરાધ કીજે,
કિરિયાસું વેવારજી,
પીર પૂછી અવતાર જપો,
અપરમપર કિરતારજી જુગ... ૪.

એજી મુખ પાછમ સેંતર દિપ,
તિંયા સાહેબજીનું અવતારજી,
શાહા સિરેવંતા તે અમર હુવા,
તેને અમરાપૂરીનો વાસજી જુગ... ૫.

એજી સતે હીણા દીતે હીણા,
તે નર નિસટે નિકારજી,
આપ ન વારીન પાત્ર ન પીછાણીન,
હુન સે પલત્ર ખુવારજી જુગ... ૬.

એજી અલી સતગુર અલખ સરેવો,
સાહેબ એ અવતારજી,
પીર ભણે સદરદીન,
ગતિયું શરણાગત કિલતારજી જુગ... ૭.

✶

## ગિનાન : ૭૭

# પીર સદરદીન (રહ.)

એ વીરાભાઇ મોમન મન ચંચલ કરી મન માંહે ધરો,
આજ કલજુગમાં જીવડાની ચિંતા કરોજી. ૧.

એ વીરાભાઇ ત્રણ ત્રણ જુગના ભૂલીયા કલજુગ માંહે,
ને કલજુગના ભૂલા તે દોઝકે જાયજી. ૨.

એ વીરાભાઇ કાચી કાયા તારી ઢળી ઢળી પડશે,
આગલ જીવડાનો શિયો થાશે હવાલજી. ૩.

એ વીરાભાઇ હું તું કરી ખોયા મૂરખ અંધ,
આજ કલજુગ છેલી સંધજી. ૪.

એ વીરાભાઇ આ કલજુગ માંહે શાહ પીર
દોય અવતરિયા,
તેનું રૂપ દેખીને મૂરખ ડરિયાજી. ૫.

એ વીરાભાઇ એ રૂપ આદ અંત હોયશે નિરવાણ,
અને ગુર વીના તું છૂટકો મ જાણજી. ૬.

એ વીરાભાઇ પુરણ સચે જીને શાહ પીર મિલીયા,
તેના ભવસાગરના ફેરા ટળિયાજી. ૭.

એ વીરાભાઇ શાહ પીર મિલીયા તે રાખો ઇમાન,
એક મન એક ચિત કરો સાહેબજીનો ધિયાનજી. ૮.

એ વીરાભાઇ જુગા જુગ તમે માનખા
દેહી અવતરિયા,
પણ જીવડાની ચિંતા કાંઇ ન કરિયાજી. ૯.

એ વીરાભાઇ પીર સદરદીન બોલ્યા એણે વિચાર,
ગત માંહે મિલે તેની કીજે વારજી. ૧૦.

✶

## ગિનાન : ૭૮

## પીર સદરદીન (રહ.)

જીરેભાઇ સેવા કારણ સબ જુગ સરજિયા,
નિરમલ પંચ રહાવો. ૧.

જીરેભાઇ ગુરને પૂછી તમે કરણી કમાવો,
તો ઉત્તમ રંગ રંગાવો. ૨.

જીરેભાઇ રંગ પતંગ એ તમે રાતા,
એ રંગ નેચલ નાહી. ૩.

જીરેભાઇ આછે કરો હો અનામત રાખો,
ગુર વચને નીરવાહીયે. ૪.

જીરેભાઇ ધુરત મુખે અમરૂત બોલો,
હુરદે બેખ નિશાની. ૫.

જીરેભાઇ આપ ગમતા અવરોકું ખોવે,
સોવે પાપી મૂરખ અંધા. ૬.

જીરેભાઇ સતગુર બહેડી સુધા કીજે,
તો સાચેથી સુધ જો પાહીયે. ૭.

જીરેભાઇ ત્રણ જુગ માંહે સુધા જાનો,
આજ કલ ભાવે આરાધો. ૮.

જીરેભાઇ એહી પસતાવો મન માંહે રહેશે,
હંસા સત ન કીયા. ૯.

જીરેભાઇ અમી મહારસ બોલીયા પીર સદરદીન,
સામી રાજા આગલ હોશે. ૧૦.

✶

## ગિનાન : ૭૯

# પીર સદરદીન (રહ.)

અબુજ ન બૂજે તેને કેમ કહીયે,
તો ગુરનર વીના કેમ ધિઆઇએ. ૧.

ગુરનર સેવા કારણ તણે,
તો ગઢ અમરાપૂરી જાઇએ. ૨.

થૂલને કેમ કહેરે કેસરા,
તો ગુરનર વીના કેમ રહીયે. ૩.

મુગતા મારગનો પંથ આગલો,
તો પ્રેમ તંતવ એમ પાઇયે. ૪.

આતમા હેડીને દીજે સામીને બેસણું,
તો વીરાભાઇ પીર તણા હોઇયે. ૫.

સુખ દુખ બેઉ બની આવશે,
પણ રદેહથી ધરમ ના છોડીયે. ૬.

માણક મોતીની ગાંઠ જો વાળો,
તો વીચ વીચ હીરડા જડાઇયે. ૭.

ગિનાન અમી મહારસ ભણે પીર સદરદીન,
તો ગરભાવાસની વાચા સંભારીયે. ૮.

✶

## ગિનાન : ૮૦

# પીર સદરદીન (રહ.)

એજી જમીન આસમાન સાહેબે જુગતે જડિયા,
તેણે દીધા છે ગિરભાવાસ હો,
સુધો કરી શાહને શ્રેવજો,
તો પામો મોખ દીદાર હો,

દૂધ મ દેખો વીરા કારમું,
એણે દૂધે તો પડશો જંજાળ હો,
દાગ દેખો વીરા અલી તણો,
સચે શાહ તણો. ૧.

એજી કુટુંબ પરિવાર જીવડે ઘણા કરિયા,
જીવડો આવીને પડિયો જંજાળ હો,
કાચી કાયા પિંઢ ઢળી પડે,
તેનો લેખો તે સાહેબજીને હાથ હો દૂધ...૨.

એજી અન્ન પાણીના પરબ જ્યારે સુકશે,
ત્યારે સ્ત્રી રોતા મેલે બાળ હો,
બાપ બેટો દોય જગડશે,
એવો થાયસે ખોટો કલિકાળ હો દૂધ...૩.

એજી સામીના દળ જ્યારે ચાલશે,
ત્યારે સત ધરમનું થાયસે વહેવાર હો,
ઉણીઆચારી તિંયા ઊભા રોશે,
ફલ લેશે સચા યાર હો દૂધ...૪.

એજી આલ અલી નબીજીની ઓળખીને સિરેવજો,
જેણે કીધી છે સતપંથની સાર હો,
પીર સદરદીન બોલિયા,
મારા મોમનભાઇ તમે રહેજો હુશિયાર હો દૂધ...૫.

✶

# પીર સદરદીન (રહ.)

એજી અવિચલ અલ્લાહ અવિચલ ખાલક,
અવિચલ કાયમ દયાલ એજી. ૧.

એજી અવિચલ રહેણા અવિચલ રહેમત,
અવિચલ દુરસ્ત દીવાન એજી. ૨.

એજી હફત ચીઝ મેરે ખાલક સીરજી,
સો બી અવિચલ રહેણાં એજી. ૩.

એજી એક અરશ ને દુજા કુરસ,
ત્રીજા તોલ મીઝાન એજી. ૪.

એજી ચોથા લોહા પંજમા કલમ,
છઠા દોઝખ જાણો એજી. ૫.

એજી સાતમા બહેસ્ત સુણો મેરે ભાઇ,
સો અમર થાન વખાણું એજી. ૬.

એજી ચલંતે લક્ષ્મી ચલંતે પ્રાણ,
ચલંતે રૂપ ધન જોબન એજી. ૭.

એજી ચલંતે ચારા સરવે સંસાર કેરા,
ધરમ તો રહેશે નેચલ એજી. ૮.

એજી ઇયાં તમે દેશો આગલ જાઇ લેશો,
કરતવ સાથી તેરા એજી. ૯.

એજી જીભ સવાદ કાયા રસ લીઅણા,
ઇતના ખાવણ તેરા એજી. ૧૦.

એજી ઇતને ખાવણ તમે જીવડા ફિરાવો,
એ નહીં ભલ ભલેરા એજી. ૧૧.

એજી ભલેરે ભાઇ તમે કર લિયો કમાઇ,
મતરે ખાઓ દુજા ફેરા એજી. ૧૨.

એજી ભણે પીર સદરદીન સુણો ગતીયું મોમનો,
અથર વેદ ભણે સો મેરા એજી. ૧૩.

✶

# ગિનાન : ૮૨

## પીર શમ્સ (રહ.)

એજી હમદિલ ખાલક અલ્લાહ સોહી વસેજી,
જેણે કાયમ કુદરત ચલાઇ એભી અલ્લાહ. ૧.

એજી સુનબે મુલ્લા સુનબે કાઝી,
એ સેષ્ટ કેણે રચાઇ એભી અલ્લાહ. ૨.

એજી ઇસરે માટી માંહેથી સારી દુનિયા નીપાઇ,
ઇસમેં કોણ હિન્દુ કોણ મુસલમાન એભી અલ્લાહ. ૩.

એજી હિંદુ સોહી જે અડસઠ તિરથ જાવે,
મુસલમાન મસીતા એભી અલ્લાહ. ૪.

એજી મેરે શાહકું હિંદુ ન જાણે, મુસલમાન ન બુજે,
શાહ બેઠા નિરંજન હોઇ એભી અલ્લાહ. ૫.

એજી મન મેરા મુસલ્લા અલ્લાહ મેરા કાઝી,
કાયા હમેરી મસીતા એભી અલ્લાહ. ૬.

એજી અંદર બયઠ મેં નમાઝ ગુજારૂં,
મૂરખ કિયા જાને તાઅત હમારી એભી અલ્લાહ. ૭.

એજી આવે તો રોઝી નહીં તો રોઝા,
એસા એસા ધ્યાન મેરે સાહેબજીસું ધરના
એભી અલ્લાહ. ૮.

એજી મોમન સોહી જો સબ મરમજ જાણે,
એલમ રાહાસર ચલણા એભી અલ્લાહ. ૯.

એજી ગિનાન ધિઆન માંહે સરવે સુધ પાઇ,
ખોજ ખોજ કર મિલના એભી અલ્લાહ. ૧૦.

એજી બોલિયા પીર શમસ સુણો મોરા ભાઇ,
પીર બીના પાર કીઉ તરણા એભી અલ્લાહ. ૧૧.

★

# ગિનાન : ૮૩

## પીર શમ્સ (રહ.)

એજી લાઓ તો આંહી લોણિયો,
એ સુણો ભાઇઅમજી હો યારાજી,
પરબોધ દિયો દિલ આપણે,
વીરા આપણે. ૧.

એજી સચી દિલ યારા આંહી દિયો,
એ સુણો ભાઇઅમજી હો યારાજી,
અનલ પંખી જીંઅ મેડા મિલો,
વીરા મેડા મિલો. ૨.

એજી દાવે દીન યારા આંહી કરિયો,
એ સુણો ભાઇઅમજી હો યારાજી,
વિમરસ જેડાએ મોમનભાઇ જે થિયો,
વીરાભાઇ જે થિયો. ૩.

એજી તેણે જીવડે કારણ આપણે,
એ સુણો ભાઇઅમજી હો યારાજી,
તેણે આપ સીર દિયા કાટિયા,
વીરા સીર કાટિયા. ૪.

એજી મનદા ભાણા આંહી ભન્યો,
એ સુણો ભાઇઅમજી હો યારાજી,
તો લોણિયો અમરાપૂરી,
વીરાભાઇ અમરાપૂરી. ૫.

એજી હી પરાયો દેહડો,
એ સુણો ભાઇઅમજી હો યારાજી,
તું નાઠી દોય ડીઅણાં,
વીરા દોય ડીઅણાં. ૬.

એજી પુઠિયા લગડા આંહી વીન્યો,
એ સુણો ભાઇઅમજી હો યારાજી,
જીં ઊંઠ કતારે નથડી,
વીરાભાઇ નથડી. ૭.

એજી પલે લગડા આંહી હલો,
એ સુણો ભાઇઅમજી હો યારાજી,
ગુર ચલાવે મોમનભાઇ ત્યું ચલો,
વીરા ત્યું ચલો. ૮.

એજી હી શબ્દ યારા આંહી સુણિયો,
એ સુણો ભાઇઅમજી હો યારાજી,
પીર શમસ બોલિયા મોમનભાઇ વેનતી,
વીરાભાઇ વેનતી. ૯.

★

## ગિનાન : ૮૪

# પીર શમ્સ (રહ.)

જીરેવીરા મીઠડું આંઇ બોલો,
વીરા નમી ખમી હો યારા ચાલો,
મત છોડિયો સત ધરમસું નેહ હો જીઓજી. ૧.

જીરેવીરા અંતસ માહેલો પીતડો,
પીતો કાઢી હો યાર નાખૌ,
તો સાહેબે અલા રાજિયા મન ઘણું ભાવે હો જીઓજી. ૨.

જીરેવીરા કાચી હી કાયા,
તેંજો ગિરભ ન હો યાર કીજે,
સો તો આજ કલ ઢળી ઢળી પડશે દેહ હો જીઓજી. ૩.

જીરેવીરા માટી હી મિટડી,
મિટી રિડી ભીડી હો યાર જાએસે,
એ તો જાયસે હો કંકું વરણી હી દેહ હો જીઓજી. ૪.

જીરેવીરા જીવડો આકાશી,
તેંજો પિંડીઅડો એ પઇયાર,
એ તો દોયરે હો દિનકા કમલસું નેહ હો જીઓજી. ૫.

જીરેવીરા મોમન તે જે,
મોમન આપજ હો યાર વારે,
અવરા હો વારણા ભાઇ તુજે કયસા હો જીઓજી. ૬.

જીરેવીરા મોમન તે જે, મોમન ત્રુટી હો યાર સાંધે,
મોમન છિનિ હો યાર સાંધે,
એ તો સરગે હો જાયસે તેનો જીવ હો જીઓજી. ૭.

જીરેવીરા શ્રી સતપંથી,
તેં જો પડદો હો જે યાર ખોલે,
એ તો નરગે હો જાયસે તેનો જીવ હો જીઓજી. ૮.

જીરેવીરા નરજે પરસાદે,
પીર શમસ હો યાર બોલિયા,
એ તો જીવડે હો પિંડડે સગપણ કેસા હો જીઓજી. ૯.

✶

## ગિનાન : ૮૫

# પીર શમ્સ (રહ.)

એજી અછડા ખોજો આંહી અછડા ખોજો,
લાગો તે સતકે ધાગેજી. ૧.

એજી અછડા કેરો આંહી નિરમલ હીંડો,
તુસા જીવડેકું મેલ ન લાગેજી. ૨.

એજી કસોટીયે જેમ કંચન કસિયે,
તુસા આપકું આપ કસાવોજી. ૩.

એજી ચોડ મજીઠ હયબી કપડા,
તુસા આપકું આપ રંગાવોજી. ૪.

એજી જો બીચ મિલણા સો પખ બીચ મિલણા,
તુસા ભિતર જગન રચાવોજી. ૫.

એજી જીસદા ગુર પૂરા ભરદે પિયાલા,
સો ચેલા પીવે પીવે માચેજી. ૬.

એજી ગિનાન કંથે પીર શમસ દાતા,
પાંચ મારો તોસા અરજ ધરાવોજી. ૭.

✶

## ગિનાન : ૮૬

## પીર શમ્સ (રહ.)

એજી સાહેબ દેઆકુ દે ગુસાઇયાં મોરો તું ભી દે,
ભાઇ કોણ કીસીકું મનએ મનએ મ કરો. ૧.

એજી ચિંત હમારા તીસી ચોખા કરો,
ભાઇ હમને તમને જેણે સિરજ્યા ધરે. ૨.

એજી ભાગો વરશે નૂર, નૂર સદા સાહેબ ભરપૂર,
અમરત પાત્ર ભરે. ૩.

એજી એ જમીં પૂછે આસમાન ભાઇઓ,
એઓદે મુનિવરા કોણ ગયા. ૪.

એજી લાગા મેરે શાહને દીદાર,
ભાઇ એઓદે મુનિવર વઇકુંઠ ગયા. ૫.

એજી બોલિયા પીર શમસ શાહ દિલ દરિયા,
ઊઠડા ટુઠડા હંસેદા રાજા નવે ખંડમે શાહ મહેર કરો. ૬.

✶

## ગિનાન : ૮૭

# પીર શમ્સ (રહ.)

તમે જપજો દિનને રાત કે, મંડલ માંહે મિલજોરે લોલ. ૧.

જાકી સુરતી લાગી ભ્રરમંડ કે, અમરત રેલજોરે લોલ. ૨.

જેવા તાણ ન ત્રુટે તાર કે, સુરતી બાંધજોરે લોલ. ૩.

અનહદ વાજા વાજે સાર કે, નિત સોહંગ ઊઠેરે લોલ. ૪.

માંહે બેઠા સુરતિયા સાર કે, દુરિજન શું કરેરે લોલ. ૫.

જાંકી સુરતી લાગી ભ્રરમંડ કે, નૂર માંહે ખેલજોરે લોલ. ૬.

ભેદ ન જાણે પડેરે પુરાણ કે, મુંઢ મતી શું કરોરે લોલ. ૭.

તમે પરખો તે પરખણહાર કે, ચિત માંહે ચેતજોરે લોલ. ૮.

ભ્રરમંડ આખો કરજો હાથ કે, જ્યાં રવ ચમકાર છે રે લોલ. ૯.

સીર આલ્યાથી આવે હાથ કે, તોય સોંઘો જાણજોરે લોલ. ૧૦.

પુરવ જનમના હોય સંસ્કાર કે, તો ફળ પામશોરે લોલ. ૧૧.

શૂરા હો કર લડો સનમુખ કે, સીર સોંપી વળોરે લોલ. ૧૨.

તમે ગુરજી સાથે હેત કે, રિદા માંહે રાખજોરે લોલ. ૧૩.

તારે અમર ખેત્ર પાકે સાર કે, હરખે ઢાલજોરે લોલ. ૧૪.

હિરા મુમન કરજો હાથ કે, ફેરા શું ફરોરે લોલ. ૧૫.

જોઇ જોઇ ભગતી કરજો સાર કે, તો ફળ પામશોરે લોલ. ૧૬.

છાની ચોરી ન કરીએ વીર કે, દશોંદ આલજોરે લોલ. ૧૭.

કે જાણી લેજો દુનિયા માંહે કે, પુસ્તક પાળજોરે લોલ. ૧૮.

તમે ચિતમાંહે ચેતો મુનિવરભાઇ કે, મુગતીયે મહાલજોરે લોલ. ૧૯.

તમે જુવો જુવો ગુરના ગિનાન કે, ભૂલા શું ફરોરે લોલ. ૨૦.

જે ચાલ્યા ગુર ગિનાન પ્રમાણ કે, તે અમર હુવારે લોલ. ૨૧.

એમ બોલ્યા ગુરજી શમસ પીર કે, મનસું માનજોરે લોલ. ૨૨.

✶

## ગિનાન : ૮૮

## પીર શમ્સ (રહ.)

ભૂલો ભૂલો તે ભૂલો ભમરડોરે લોલ. ૧.
કીયાં ભૂલે મેરા પ્રાણિયારે લોલ. ૨.
અગન જટન તારે તન જાગિયારે લોલ. ૩.
અબહી ભૂલે સોહી પ્રાણી હારસેરે લોલ. ૪.
એવા આગે તો ભવ જે લંઘણારે લોલ. ૫.
તમે કીસ બીધ લંઘશો પારિયારે લોલ. ૬.
આગે પતણ નહીં કોઇ બેડિયારે લોલ. ૭.
નહીં વંજ નહીં કોહે તુલહારિયારે લોલ. ૮.
સત કેરી બાંધો તમે પાળિયારે લોલ. ૯.
તમને ધરમ લંઘાવે પારિયારે લોલ. ૧૦.
ગુર જામીન તમારા ભાઇ હો ચલેરે લોલ. ૧૧.
તમે ઇસ બીધ લંઘશો પારિયારે લોલ. ૧૨.
જે કોઇ હોલે હોલે ભાઇ તરી ગયારે લોલ. ૧૩.

બુડે સોહી કે જીન સીર ભારીઆરે લોલ. ૧૪.

આગે નહીં કોઇ હાટ વાણિયારે લોલ. ૧૫.

નહીં વણજ નહીં વેપારિયારે લોલ. ૧૬.

આગે નહીં કોઇ ભેણ નહીં ભાઇયારે લોલ. ૧૭.

ત્યાં નહીં કોઇ બાપ નહીં માઇયારે લોલ. ૧૮.

ભાઇ એકલડા ઊઠ કર જોએંગેરે લોલ. ૧૯.

કુછ ધરમ લિયો તમે સાથીયારે લોલ. ૨૦.

એમ ગિનાન શમસ ગુર બોલિયારે લોલ. ૨૧.

કુછ સુકરીત કરો ધરમ સાથીયારે લોલ. ૨૨.

✶

# ગિનાન : ૮૯

## પીર શમ્સ (રહ.)

તારે વાગા તે ગિનાનના વાજારે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧.

આવી ઊભા તે સરવે રૂખી રાજરે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૨.

ત્યારે વાજી છે જંત્રી ધરમની રે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૩.

છૂટી તાલ તે સઘળી કરમનીરે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૪.

આવી નાચે તે મોટા ભૂપાલરે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૫.

ઊભા છે તે છોડી પઇયાલરે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૬.

ત્યારે આનંદ અતિ ઘણો થાયરે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૭.

ત્યારે હતો જે નગરનો રાયરે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૮.

તેને ગરબીની થઇ છે જાણ રે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૯.

આવ્યા ગરબીમાં સતગુરરાયરે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૦.

રાય ચાલી આવ્યા તેણે ઠાંઇરે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૧.

સરવે પરધાન તેને સાથરે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૨.

દીઠી કળા કુદરત ગુરનીરે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૩.

મલી રઇયત સરવે નગરનીરે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૪.

સહુને અચરત અતિ ઘણો થાયરે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૫.

આવી ગુરજીને લાગા છે પાયરે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૬.

એમ બોલ્યા છે શમસ પીરરે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૭.

તમે સતપંથ આરાધો વીરરે મા,
ખેલ કીધા તે ગુર શમસેરે મા. ૧૮.

✶

# ગિનાન : ૯૦

## પીર શમ્સ (રહ.)

ગુરે કાઢી છે પાલવ હાથે, અમીજલ ભરિયારે. ૧.

પાવે સહુ સહુને મેળવી સાથે, પીર મહેર ધરિયારે. ૨.

સરવે સતપંથે પાવન કીધા, અમીરસ પાઇનેરે. ૩.

નરે દીધો છે આપે દીદાર, કાસમશાહ આવીનેરે. ૪.

ત્યાં નગરમાંહે આનંદ થાય, કે સહુ ઓચરે ગિનાનનેરે. ૫.

મુખી ગતમાં થાપ્યા સાર, આપે છે સરવે દાનરે. ૬.

સરવે દાન દસોંદે સુધા, મુનિવર થયારે. ૭.

ગુરે આપે કરી છે બહુ મહેર, અનંત માહે લાવિયારે. ૮.

ત્યાં સરવે નગર તણા, કે સિધ્યા કાજરે. ૯.

તે તો કરશે અમરાપૂરી માંહે, ભાઇ અવિચલ રાજરે. ૧૦.

જે કોઇ જાણી જોઇ ભૂલ્યા, તે ઠામ ન પાવેરે. ૧૧.

ભૂલી મૃગતીથી થયા છે બહાર, તે ઘરો ઘર ભમેરે. ૧૨.

જેણે લાં[illegible] સતપંથ ધરમ, કે મૂરખ નહીં પાળેરે. ૧૩.

તેને માથે ચડે છે બહુ કરમ, કે નરક માંહે ઘાલેરે. ૧૪.

તમે ધરમ આરાધો મોરા ભાઇ, કે પામો પેલે પારરે. ૧૫.

હોવે સાચી તમારી કમાઇ, જાશો સરગ દુવારરે. ૧૬.

એવી ગરબી ગાય છે આપે, કે ગુર શમસ પીરરે. ૧૭.

જાશે મુમન ભાઇયુના પાપ કે, તમે કરજો દીદારરે. ૧૮.

✶

## ગિનાન : ૯૧

# પીર હસન કબીરદીન (રહ.)

એજી શાહજી ચડે ગજ ગેમર ગુરજે,
ભાઇ મારા તુરી ઉપર તંબલ વજેસે,

રૂડા મોમન ભાઇજી,
જાગો જાગોરે મત સુમિયો,
ઘડીએ ઘડીએ દિન પોતા. ૧.

એજી પાછમ દેશથી સામી રાજો ચડશે,
ભાઇ મારા ફલ સચા યારા મોમન લેશે રૂડા...૨.

એજી પીરને વચન તમે ઊભા રહેશો,
તો તમે અનંતના લેખે લખાશો રૂડા...૩.

એજી કસ સહીને કસોટી સહેજો,
ભાઇ મારા જીવડાને દાગ મ દેજો રૂડા...૪.

એજી ચંદર થાવર શાહ પીરને ન માને,
તે જીવ વાણે ચડીને વગુતા રૂડા...૫.

એજી દેણાં દઇ મુમન લેણાં લેશો,
ભાઇ મારા હઇડાના હીરસને વારો રૂડા...૬.

એજી આગે પીસતાલીસ કરોડી ઘોર અંધાર,
સરવણે સુણિયાને ન આરાધ્યા રૂડા...૭.

એજી એસો ગિનાન પીર ભણાવે હસનશાહ,
ફલ સચા યારા મોમન લેશો રૂડા...૮.

*

## ગિનાન : ૯૨

# પીર હસન કબીરદીન (રહ.)

એજી ઇસ દુનિયામેં તું ભૂલી કેમ જાવે,
વે મેડે ભાઇડા એ ન જાવે,
હી જુગ સપનાતર વીર સો જાણીયે. ૧.

એજી રાહાલે તું મુનિવર રાહાલે,
વે મેડે ભાઇડા તું રાહાલે,
આગે ન મિલસી વીર સો રોહણા. ૨.

એજી હાથ મલ મલ કર તું આહાવે,
વે મેડે ભાઇડા એ આહાવે,
ઇથઇ ભલાઇ વીર તું સમજણા. ૩.

એજી પાંધી જીવ તું સરાવે,
વે મેડે ભાઇડા એ સરાવે,
વખર વણજણ ભાઇ તું આવીઓ. ૪.

એજી એક ગયો તે મૂલ વિન્યાઇ,
વે મેડે ભાઇડા એ શરમાઇ,
એક રાહો ધરમી જીલીઆ. ૫.

એજી એક ગયો તે રાધન ઉજાડવે,
વે મેડે ભાઇડા એ ઉજાડવે,
એક રાહો સંગ ન લુણિયા. ૬.

એજી તેરો ઇંયુઇ જનમ ગયો,
વે મેડે ભાઇડા એ જનમ ગયો વે,
મન હઠી વીરા ખોટ ઘણેરિયા. ૭.

એજી ઇસ ટોબે તું ચિત ન લાવે,
વે મેડે ભાઇડા એ ન લાવે,
ટોબા સુકસી સમુદ્ર ખોજણા. ૮.

એજી સબ સાથ લથો વીરખાદે છાઇઅડે,
વે મેડે ભાઇડા એ છાઇઅડે,
ચલણ વિસારીયો વીર કુસાથીયા. ૯.

એજી કુછ ઓર હી ઓર કીતોવે,
વે મેડે ભાઇડા એ કીતોવે,
ઓર હાલી ઓર મોખા. ૧૦.

એજી મન ચિંત અખિયા ઉથઇ તું લાવે,
વે મેડે ભાઇડા એ તું લાવે,
જીથ્થે રૂહ એકલા ચાલણા. ૧૧.

એજી ગોફતે પીર હસન કબીરદીન,
જીથ્થે અલી મહમદ મકાનવે,
વે મેડે ભાઇડા એ મકાનવે,
ઉથઇ મીલો આંહી વીર મુનિવરો, ૧૨.

★

# પીર હસન કબીરદીન (રહ.)

એજી નૂરે તે ખાક નીપાયા,
વણ થંભે રચ્યો આસમાનજી. ૧.

એજી કુદરત આપણી જાહેર કીધી,
પ્રગટિયા દીનકા ઇમામજી. ૨.

એજી પંજતન પાક કેરે પંથે ચાલો,
સતપંથસું રાખો ઇમાનજી. ૩.

એજી સતે હાલો મોમન સતે ચાલો,
સતપંથસું રાખો ચિત ધ્યાનજી. ૪.

એજી ગાફલ દુનિયા દેખ મત ભૂલો,
જો રાહ સીધે મારગે ચાલોજી. ૫.

એજી અનંત જીવત મૂરખ બાપડે,
તેણે અંધલે જનમ ગમાયાજી. ૬.

એજી પીર હસનશાહ ગિનાન સુણાયા,
યારા જેણે ઢુંઢિયા તેણે શાહ પાયાજી. ૭.

★

## ગિનાન : ૯૪

# પીર હસન કબીરદીન (રહ.)

એ વીરા પરબ સરેવો, નિત લોણીને લીજે. ૧.

એ વીરા કંધ ધરોજી, જેમ ઊડીને રહીયે. ૨.

એ વીરા ગિનાનસું બંધ કરોજી, નથ તોડી ન જઇયે. ૩.

એ વીરા પાત્ર પીછાણ કરોજી, કર જોડીને રહીયે. ૪.

એ વીરા રૂપ મ રાચો ગેમાર, ગુણ લોણીને રહીયે. ૫.

એ વીરા રૂપ પીછાણ કરોજી, ફલ વીણીને લીજે. ૬.

એ સામી આપનડેલા, પગે લાગી મનાવો. ૭.

એ નેહ રાખો સાહેબજીસું, શાહને લેખે લખાવો. ૮.

એ લેખા લખાવોજી, મત પડો કુલેખે. ૯.

એ સાહેબ આપે ભન ઘડેલા, સાહેબ આપે વેખે. ૧૦.

એ મૂરખ સંચ ધરેજી, કહે વસ્ત મેરી મેરી. ૧૧.

સા ન હોવે તેરી અડેલા, વસ્ત સાહેબ કેરી. ૧૨.

એ સા વસ્ત તેરી અડેલા, જો આપણા ગુર મુખે દીજે. ૧૩.

હય કોઇ એસો પ્રાણીજી, જો એ માણક રાખે. ૧૪.

એ ચોરે ચોરી બનાઇ, રખવાળ ન મંજે. ૧૫.

સો કાળો મિરગ બનિયોજી, ગટ ઉજડ બેઠો. ૧૬.

હય કોઇ એસા પ્રાણીજી, જે મન મિરગકું મારે. ૧૭.

કાય કેરી ધનક લિયોજી, કાયકે પંચ બાણ. ૧૮.

સત કેરી ધનક લિયોજી, આપણે પીર ફરમાઇ. ૧૯.

મારે મિરગ સહીજી, નવ ખંડે જણાયા. ૨૦.

ટોકતે હંસ ચલિયોજી, જેમ કમલ વિકાસ્યા. ૨૧.

એ જંપુદિપ મુનેરી, પીર હસનશાહ ગિનાન સુણાયા. ૨૨.

★

## ગિનાન : ૯૫

# સૈયદ ઇમામશાહ (રહ.)

એજી હેતે મિલીને સતે ચાલજો,
અને જૂઠ કરજો સરવે દૂર,
સતપંથ સરેવીઆ તો ફલે,
જો નિરમલ થઇ પિયો નૂર. ૧.

એજી નૂર પિયો ને નામ લીઓ,
તો મન લરજીને ઉજળારે થાઓ,
લોભ સવારથને વારીએ,
તો ગઢ અમરાપૂરી જાઓ. ૨.

એજી કામ ક્રોધે શહેર લૂંટિયા
અને લૂંટિયાં ગિરથ ભંડાર,
હીરા રતન ઝવેર લૂંટિયા,
અને લૂંટી વસ્તુ અપાર. ૩.

એજી તોય મૂરખ હૃદય માંહે નવ જાગિયો,
તેણે ખોયો સરવે માલ,
આગલ રોઝ કયામત દાડો આવશે,
તારે કેમ કરી દેશો જવાબ. ૪.

એજી તેને ચોર કહીને સાહેબ બાંધશે,
અને દેશે તે ઘણ કેરી માર,
તેના હઇડા માંહેથી અગન ઊઠાડશે,
તારે જીવડો તે કરશે પૂકાર. ૫.

એજી સતપંથ લઇને ઊતડીયા,
તેને લાગો તે નીલનું પાસ,
વસાણા હતા તે લૂંટાઇ ગયા,
પછે ખાલી તે રહ્યો રે હાટ. ૬.

એજી સતિ હોકર અસતિ કહાવે,
તેણે ખોયો પુરવ જન્મનું મૂલ,
તે તો ઇમાન વોણા ઉખડી ગયા,
તેને મોઢે પડશે ધુળ. ૭.

એજી કરમે કાળા તે સદાય કાળા,
મોમનભાઇ તમે ગિનાન વિચારીને જુઓ,
દૂધે ધોઇએ કોયલા,
તે કબહી ન ઉજળા હોય. ૮.

એજી સતપંથ લઇ અલગા રહ્યા,
તે તો પાકી હાંડીને તોલ,
તેને ટાંકણ મારી ટુકડા હુઆ,
તેનું કાંઇ ન ઉપજેરે મૂલ. ૯.

એજી ભણે સૈયદ ઇમામશાહ સુણો મુનિવરો,
તમે રાખો તે આપણું આપ,
સતગુર વચને જે નહીં ચાલશે,
તેને ખાશે વીછું ને સાપ. ૧૦.

✶

# ગિનાન : ૯૬

## સૈયદ ઇમામશાહ (રહ.)

એજી પિયું પિયું કીજીએ,
તો રદેહ ઉપજે ગિનાન,
રદેહ નિરમલ તો થાય,
જો રાખો સાહેબજીસું ધિયાન. ૧.

એજી ધિયાન એક ચિત રાખીએ,
તો દિલ માંહે ઉપજે હેતસું નેહ,
એમ સાસ ઉસાસે આરાધીએ,
ભાઇ તે કદી ન દીજીએ છેહ. ૨.

એજી છેહ ન દીજે સાચા સાઇંયાકું,
અને દેહી જો ટૂકડા થાય,
દમો દમ અલીને જંપીએ,
ભાઇ એક દમ એળે ન જાય. ૩.

એજી જો દમ જાવે આપણા શાહ વીના,
ભાઇ સો દમ જાણો મુરદાર,
એવા સાહેબને કેમ છોડીએ,
તિલ ન કીજીએ વાર. ૪.

એજી ગફલત દિલથી વારીએ,
કૂડ કપટ સરવે કરો દૂર,
એ દૂરમત નિંદા તમે પરહરો,
તો રહેશો શાહને હજૂર. ૫.

એજી હાજર શાહજીને જાણીએ,
અને હરફ ન કાઢીએ બહાર,
એવી રહેણી રહીએ સાચસું,
અને જપીએ તે સીરજણહાર. ૬.

એજી સીરજણહાર સહુનો દાતાર છે,
તે સહુની પૂરે આસ,
તે ઘટ ઘટ વ્યાપક સાઇંયા હય,
ભાઇ જેમ ફૂલો માંહે વાસ. ૭.

એજી દૂધ માંહે જેમ ગિરત હય,
અને તેસા તુજ માંહે પ્રાણ,
તેસા તુજ માંહે સાઇંયા હય,
તે ઘટ ઘટ વ્યાપક જાણ. ૮.

એજી જબ લગ ઘટ માંહે પ્રાણ હય,
તબ લગ ચેતો મારા વીર,
નિત નિત ઝીકરે જાગીએ,
એમ બોલિયા સતગુર પીર. ૯.

એજી ભણે સૈયદ ઇમામશાહ સુણો મુનિવરો,
તમે સાચી રાખો મન માંહે ધીર,
શાહસું નેહ રદેહ માંહે રાખીએ,
તો નિરમલ થાય શરીર. ૧૦.

✶

## ગિનાન : ૯૭

# સૈયદ ઇમામશાહ (રહ.)

એજી કલજુગ પુરણ પરવરિયો,
ભાઇ સતિયુંનું ચૂકશે સત,
તે સાચા તો જૂઠું બોલશે,
તેની હેરી તે લેશે સરવે મત. ૧.

એજી મુનિવર મુનિવર સહુ કોઇ કહાવશે,
પણ મુનિવરનો ભેદ ન જાણે કોઇ,
જો આપ ગાળી ગુરની વાચા પાળે,
ભાઇ સાચા મુનિવર સોહી. ૨.

એજી મુનિવર મુનિવરની નિંદા કરશે,
માંહે માંહે ઊઠાડશે ધંધ,
તે કુટુંબ માંહે કલેશ ઊઠાડશે,
ભાઇ તે જાણો કલજુગના છંદ. ૩.

એજી માડી જાયા બે બંધવા,
તે પોતામાં કરશે વેર,
માઇ બાપની પ્રગતના નહી પાળશે,
ભાઇ એવો વરતશે કહેર. ૪.

એજી તિયાં પાપ છલીને પૂરે વહેશે,
તારે ધરમ તણાણો જાય,
બાવા બેનીને વિરોધ જ બોલશે,
માઇ બાપ સર દેશે પાએ. ૫.

એજી એવી વિખડી વેળા આવી ઉતાવળી,
તમે મુનિવર રહેજો હુશિયાર,
ભાઇ કાલ કરતાં આજ કરો,
હવે શાહ અલી થાય અસવાર. ૬.

એજી મુનિવર સુકરીત તમે સમર લેજો,
અને દેજો તે સતગુરને હાથ,
તેનું ઇમાન સાચું ચાંદરણું છે,
જેવી પૂનમ અજવાળી રાત. ૭.

એજી રહેણી તે સોહાય ચાંદસું,
અને સોળ કળા ભરપૂર,
તેમ ઇમાન સોહાયરે સાચસું,
ભાઇ તો ઝીકરે વરસે નૂર. ૮.

એજી નૂર વરસે હેત ઉપજે,
અને મેહેર મોહબત આએ,
ઇમાન સરીખો ચાંદરૂણો,
તે માંહે ભેદ ન કરશે પાએ. ૯.

એજી ભણે સૈયદ ઇમામશાહ સુણો મુનિવરો,
જીવને કાંઇ પાંડો છો જંજાળ,
ચેતી સગો તમે ચેતજો,
પછે પૂનની તૂટશે પાળ. ૧૦.

★

## ગિનાન : ૯૮

# સૈયદ ઇમામશાહ (રહ.)

કલજુગના જીવ કઠણ છે,
અને કેમ ઊતરશો પાર,
સામીજી આવિયા નસિહત દેવા,
સાંભળો રિખીસર વીર. ૧.

વીખડી તે વેળા આવી છે,
સામીજી આપે આપ,
કરણીના ફળ વીરા પામશો,
તો સિરેવો નૂર શાહ. ૨.

એક મન એક ચિત સિરેવશો,
તો સામીજી દેશે દીદાર,
કૂડ કપટ જો દિલ માંહે રાખશો,
તો સામીજી પૂછે નિરવાણ. ૩.

ધરમ ઉજાલો દેખશો,
સામીજી તો હોશે ખુશાલ,
દિલના દગા દૂર કરો,
તો સાહેબ દેવે દીદાર. ૪.

સતપંથ જો સરેવશો,
તો ઘર અમરાપૂરી લેશો,
ભણે સૈયદ ઇમામશાહ,
એહી શબદ સત કરી માનજો. ૫.

# સૈયદ ઇમામશાહ (રહ.)

જીરેભાઇરે અમરાપૂરી માંહે અનંત છે સુખ,
એવા સુખ છોડી દુનિયાસું મ રાચો. ૧.

જીરેભાઇરે પર સ્ત્રી મા બેન કરી જાણો,
તો નરની પાસે તમે આવો. ૨.

જીરેભાઇરે પર પુરૂષ ભાઇ બાપ કરી જાણે,
તે નારી હુર કહેવાશે. ૩.

જીરેભાઇરે એવી રીતે તમે દુનિયા માંહે જ ચાલો,
તો નજર નિરમલસું નીરખો. ૪.

જીરેભાઇરે નિરમલ થઇને ગુરનરને આરાધો,
હેત પ્રીત વીના કાંઇ નવ સૂજે. ૫.

જીરેભાઇરે કહે સૈયદ ઇમામશાહ તમે જોતને માનો,
તો ગુરનરને નજરે દેખો. ૬.

જીરેભાઇરે સતગુર સાહેબ તમે રદયે પીછાણો,
તે નજરા નજરે મિલાવો. ૭.

જીરેભાઇરે વઇકુંઠ માંહે ગુર આપે બેઠા,
તમે કરજો તે ભગતી ભાવ. ૮.

જીરેભાઇરે ભગત તે જે ગુરનરને આરાધે,
આપણી કાયા પિંડી કસાવે. ૯.

જીરેભાઇરે કાયા પિંડીમાં જેણે કસણી કરી,
તે જીવ મુગતી ફલ પામે. ૧૦.

જીરેભાઇરે હેત પ્રીત માંહે સબ ગુણ દેખો,
તો આવો શાહને હજુર. ૧૧.

જીરેભાઇરે શાહના હજુરમાં સરવે સુખ જ માણો,
પામો સુખ અનંત અપાર. ૧૨.

જીરેભાઇરે અમે તમે તિયાં એકઠા રહેશું,
એકાંતે કરશું તે શાહાજીસું વાતું. ૧૩.

જીરેભાઇરે ભણે સૈયદ ઇમામશાહ અમે કહી સમજાયા,
તમે કરજો એવી પેરે કમાઇ. ૧૪.

✶

## ગિનાન : ૧૦૦

## સૈયદ ઇમામશાહ (રહ.)

એજી માના માના માના માંહે રહેણા,
તો મન વાચીતા ફલ લેણા

એબી તઇએ તમે. ૧.

એજી થોડે બોલે કૂછ ગિનાન ન હોવે,
પામે રાજ મન હારે એબી... ૨.

એજી સરવે ખોલો તમે દિલકા તાળા,
કૂંચી ગિનાનની લેણા એબી... ૩.

એજી ગિનાન ધિયાનકા જેણે વિચાર કીના,
તિનકું તો નહિ જંજાલ એબી... ૪

એજી એણે નરે કંઇક ગુરૂને છેતરિયા,
તે અમારો છેતરિયો ન જાય એબી... ૫

એજી મુનિવરભાઇ તમે ચેતીને ચાલો,
એ તમ થકી છેતરિયો ન જાય એબી... ૬

એજી સરવે ગત મલીને માનો,
ડરો તો ડૂલી મ જાઓ એબી... ૭.

એજી મરતબા નરથી કસ્તુરી કેરા પામો,
જો મારગ મનોરથ ઝાલો એબી... ૮.

એજી એવા મારગ કોઇ વીરલા જાણે,
તેને અઉઠ કરોડે અમે બેઠા એબી... ૯.

એજી ઇમાનકી વાચા સાચે મન લીણા,
આખર એ નર બેસશે એબી...૧૦.

એજી એ નર બેસીને રાજ કરેશે,
તારે દઇતુંને મારી ટંગાવે એબી...૧૧.

એજી એસો ગિનાન આપ કથંતા આપ,
તે ઇમામ નામ કેવલાસી એબી...૧૨.

એજી સૈયદ ઇન્દ્ર ઇમામદીન ગિનાન જ બોલિયા,
તે ગિનાનસું મન રાખો એબી...૧૩.

✶

# ગિનાન : ૧૦૧

## સૈયદ ઇમામશાહ (રહ.)

આદ ન હોતા અનાદ ન હોતા,
ન હોતા અખરા અતિતજી,
શબદાતીત તારે જોગમાં રેતા,
પછે કરિયા અહુંકાર,

જુગેસર જોગની રીતો અનેરીજી. ૧.

તેજ ન હોતા પંજર ન હોતા,
તારે હોતા તેજ બંબ સરૂપીજી,
તે મધે ધિઆન ધરીને,
તારે બંબમાં રહ્યા અરૂપી જુગેસર... ૨.

સામી તેજ ના હોતા તારે ક્યિાં થકી સીરજીઆ,
તે પંજર વીના કેમ નીપાઇજી,
જુગત વીના જોગ કેમ સીરજીઆ,
તો જોત વીના કેમ સરજાઇ જુગેસર... ૩.

ધામ મધે જોને ધિઆન ધરીને,
તો નિરીંજન મધે નિરાકારજી,
બંબ રૂપ બંબ જો હોતા,
પછે કીધો અહુંકાર જુગેસર... ૪.

અહુંકાર મધે જોને આશા જો ઉપની,
અતિત આદ સરવે સરજિયાજી,
પીંડ મધે જોને ધિયાન ધરીને,
તો ભેદ વેદ સરવે સરજિયા જુગેસર... ૫.

શબદ સુણી જોગી પાયે લાગા,
આપી દસોંદ ને ગુર પરમાણિયાજી,
ધામ નીજ ધામ તણા ગુણ ગરહીને,
સૈયદ ઇમામશાહ પીછાણિયા જુગેસર... ૬.

✶

# ગિનાન : ૧૦૨

## સૈયદ ઇમામશાહ (રહ.)

પ્રાણ સરજી સામી પિંડ નીપાયા,
 પ્રાણ તણી એ છે કાયાજી,
કાયા મધે કરમ જો મેલિયા,
 તો રિખીયા માંહે સમાયા,

 જુગેસર એવા જોગ જુગેસર કમાયાજી. ૧.

જુગેસર તે જે કોઇ જીવને ઓધારે,
 તે જરણ મરણના સેસા ટાળેજી,
વઇકુંઠની વાટમાં ઊભા રહીને,
 નરગે જાત જીવને વારે જુગેસર... ૨.

ધિયાન ધરી ધરી ધંધુકારથી દેખો,
 ને જરણ મરણ રાખે લેખોજી,
નિગમ જાણીને અગમ પીછાણો,
 તો સોળ કળા માંહે સરવે દેખો જુગેસર... ૩.

આસણ રાખી જે કોઇ અસતલ પૂજાવે,
 એણી જુગતે જીવોના તારણ સોહીજી,
ભણે સૈયદ ઇમામશાહ તે જુગેસર ખરા,
 તેને હાજર મીજલસમાં લેજો જોઇ જુગેસર... ૪.

★

## ગિનાન : ૧૦૩

## સૈયદ ઇમામશાહ (રહ.)

પરથમ જોગ કેરા મૂલ વખાણું,
તેમાં પાંચ તત્વના છે પિંડજી,
પિંડ નિરમલ કરી રાખો સંભાળી,
સતપંથની રીત અખંડ,

જુગેસર જુગત જાણે સો નર જોગીજી. ૧.

અગમ જોગી ધંધુકાર જો હોતા,
નોતા મોહ માયા સોહી,
પાંચ તત્વના પિંડ નિપાયા,
તે અલખ વિના• ન દુજા કોઇ જુગેસર... ૨.

આસણ વાણી તે ગુર મુખે જાણી,
સુધ પરમાણો શાહ આયાજી,
એમ ભણે સૈયદ ઇમામશાહ તમે સુણો જુગેસર,
સત સંતોખ બેઉ કિલાયા જુગેસર... ૩.

આવા વેદ વિચારીને ગુરનરને શ્રેવો,
સત કરીને તમે સોજોજી,
સતપંથ માંહે સુધા રહીને,
આપણાં પિંડને ખોજો જુગેસર... ૪.

આજના ભૂલા પરલે જાશે,
તમે સતપંથ આદ પરમાણોજી,
ભણે સૈયદ ઇમામશાહ સુણો જુગેસર,
તમે પિંડ ભરમંડ પીછાણો જુગેસર... ૫.

★

## ગિનાન : ૧૦૪

## સૈયદ ઇમામશાહ (રહ.)

આદ ઉણાદે અહુંકાર ઉપના,
તારે શબદમાં સરવે સમાયાજી,
આદેથી ઉપના તે અંતે સમાયા,
તેજ મધે બાંધી કાયા,

જુગેસર જોગના મારગ ન જાણે કોઇજી. ૧.

જોગી તે જે જુગત જાણે,
શબદ તણા લાવે ગિનાનજી,
ગિનાન સાધેને મંડલ પરકાશે,
તો સુરતા મધે રાખે ધ્યાન જુગેસર જોગના...૨.

સિધને જાણી શબદને ઓળખે,
ને જોગની કિરીયા સાધેજી,
અગની પરકાશે ને વાણી પરજાલે,
ને ગગન પાતાળ સુરતા બાંધે જુગેસર જોગના...૩.

તાલ તામસ બેઉ જોડે પરકાશે,
સિધ તણી કિરીયા જાણેજી,
સૈયદ ઇન્દ્ર ઇમામશાહ ઉપદેશ દીધા,
તે જોગીએ જુગત પરમાણી જુગેસર જોગના...૪.

✶

## ગિનાન : ૧૦૫

## સૈયદ ઇમામશાહ (રહ.)

ઇંડ મધે જ્યારે ધિયાન ધરીને,
તો ધિયાન મધે સરવે ઇછીયુજી,
દસ કળા સાહેબે દેહીમાં સીરજી,
તો કલા માંહે સરવે પરછું,

જુગેસર જોગના મારગ દોહેલાજી. ૧.

પિંડ ભરમંડના સામીએ કીધા નીવેડા,
તારે પ્રથમ પર પ્રીત સામીએ બાંધીજી,
નૂર તજલેથી હેત જો ધરિયા,
તારે પવન પાણી રહ્યા સાધી જુગેસર...૨.

નર અલી સામીએ શબદ ઉપાયા,
તો સુન છેદી ને ચકર લીધાજી,
આપો આપ અલગા રહીને,
તારે મન માંહે ચલત્ર કીધા જુગેસર...૩.

રતન પ્રકાશી સામીએ તેજ દેખાડિયા,
તારે નાભી થકી નૂર જડિયાજી,
ભણે ઇન્દ્ર ઇમામશાહ ભેદ દેખાડિયા,
તેમાં અદબદ નૂર ભરિયા જુગેસર...૪.

✶

# સાંકળિયું
## ગુજરાતી મૂળાક્ષર પ્રમાણે


| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૩. | અબ તેરી મહોબત લાગી | ૩ |
| ૮૫. | અછડા ખોજો આંહી અછડા ખોજો | ૧૫૫ |
| ૪૮. | અજબ શહેર મેડે ખાલક સીરજ્યા | ૮૧ |
| ૭૯. | અબુજ ન બૂજે તેને કેમ કહીયે | ૧૪૪ |
| ૯૯. | અમરાપૂરી માંહે અનંત છે સુખ | ૧૮૦ |
| ૩૮. | અલખ સિરેવો બાના આપણું | ૬૨ |
| ૮૧. | અવિચલ અલ્લાહ અવિચલ ખાલક | ૧૪૭ |
| ૧૦૪. | આદ ઉણાદે અહુંકાર ઉપના | ૧૮૯ |
| ૧૦૧. | આદ ન હોતા અનાદ ન હોતા | ૧૮૪ |
| ૨૫. | આનંદ આનંદ કરિયો રિખીસરો | ૩૯ |
| ૨૩. | આવો મારા સામી રાજા | ૩૫ |
| ૮. | આહીં કરેઓ મોમન મન ધીરારે | ૧૩ |
| ૯૨. | ઇસ દુનિયામેં તું ભૂલી કેમ જાવે | ૧૬૮ |
| ૧૦૫. | ઇંડ મધે જ્યારે ધિયાન ધરીને | ૧૯૦ |
| ૧૧. | ઉથી અલ્લાહ ન ઘુરેં બંદા | ૧૭ |
| ૧૨. | ઊઠ બએઠ બંદા તું કાંય સૂતો | ૧૮ |
| ૩૩. | ઊંચથી આયો બંદે નીચ કીયું ધિયાવે | ૫૫ |
| ૯૭. | કલજુગ પુરણ પરવરિયો | ૧૭૭ |
| ૯૮. | કલજુગના જીવ કઠણ છે | ૧૭૯ |
| ૧૭. | કાએમ આયા શાહાજીઉ | ૨૭ |
| ૫. | કાચી કાયા મિટકી, બંદે ભીંજે (સવાબે આખિરત) | ૬ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૪. | કાયમ દાયમ તું મોરો સામી | ૫ |
| ૧૩. | કાંયરે મોમનભાઇ તમે સોવોરે નચિંતા | ૨૨ |
| ૭૪. | કાં બાંધો માયા પૂરવસે હો કાયા પૂર | ૧૩૫ |
| ૩૫. | કેસરી સિંહ સરૂપ ભુલાયો | ૫૭ |
| ૧૬. | ખડિયા પડિયા લેટિયા બેઠિયા | ૨૫ |
| ૬૮. | ખેડો ખેડો જેમાની નાવડી | ૧૨૩ |
| ૨૦. | ગત લોકાંજીએ ઉમાયો શાહ | ૩૧ |
| ૬૩. | ગત માંહે આવીને વીરાભાઇ કર જોડી | ૧૧૪ |
| ૪૭. | ગટ ગુરૂજી ગટ ગુરૂજી, ધરમ સંચ | ૭૯ |
| ૬૪. | ગુન તેરા સામી રાજા, બક્ષીએ દોષ હમારા | ૧૧૫ |
| ૭૦. | ગુર આપનડેલા, પગે લાગી મનાવો | ૧૨૭ |
| ૯૦. | ગુરે કાઢી છે પાવલ હાથે | ૧૬૪ |
| ૪૬. | ચેત ચેત બાના મન ચંચલ કરી | ૭૮ |
| ૮૦. | જમીન આસમાન સાહેબે જુગતે | ૧૪૫ |
| ૪૨. | જ્યારે તું ગિરભાસ્થાન વસંતો | ૭૦ |
| ૧૫. | જાગો જાગો હો મ સૂમીયો | ૨૪ |
| ૩૪. | જુગત જોલ સંતોષ પાત્ર કરો | ૫૬ |
| ૩૯. | જૂઠીરે દુનિયા તમે કાંઇ ભૂલો | ૬૪ |
| ૭૫. | જોગકા પેંડા દોહેલા, સૂનો જોગી | ૧૩૬ |
| ૫૩. | ટાઢું ટાઢું મીઠડું બોલિયે | ૯૩ |
| ૬૫. | તમકું સધારે સો દિન બહોતજ | ૧૧૭ |
| ૮૭. | તમે જપજો દિનને રાત કે | ૧૫૭ |
| ૨૨. | તારીએ તું તારણહાર ખુદાવંદ | ૩૪ |
| ૪૪. | તારે પુઠીઅડે છે પાંચ, સાચલો સમર | ૭૪ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૮૯. | તારે વાગા તે ગિનાનના વાજારે મા | ૧૬૧ |
| ૭૩. | તારેંગો મેડો શ્રીરંગ સામી રાજો | ૧૩૪ |
| ૩૭. | તિલભાર તુલણા ખનેકી ધાર ચલણા | ૬૧ |
| ૧૦. | દીવડા બતી માંહે જીઉ તેલ | ૧૬ |
| ૪૩. | દુનિયા ચલીત્ર દેખકે બંદે મત તું | ૭૨ |
| ૫૪. | દુનિયા સીરજીને શાહ મોરે | ૯૫ |
| ૫૮. | ધીરો ધીરો મોમનો તમે થરજ રેજો | ૧૦૪ |
| ૨૭. | નવરોજના દિન સોહામણા (નવરોઝ) | ૪૨ |
| ૧૪. | નિંદ કરતા નિંદ ગઇરે | ૨૩ |
| ૨૧. | નૂર વેળા નૂર પીયો | ૩૩ |
| ૯૩. | નૂરે તે ખાક નીપાયા | ૧૭૦ |
| ૫૯. | પડે ને બૂજે તેને શું શું કહીએ | ૧૦૫ |
| ૬૯. | પર ઘર પ્રીત ન કીજિયે | ૧૨૫ |
| ૪૯. | પરતક વીલોણીને ફાંસ માંડી | ૮૪ |
| ૧૦૩. | પરથમ જોગ કેરા મૂલ વખાણું | ૧૮૭ |
| ૨. | પહેલોરે નામ ખુદાજીકો લીજે | ૨ |
| ૫૬. | પહેલો રે નામ સાહેબજો વડો લીજ | ૧૦૦ |
| ૧૦૨. | પ્રાણ સરજી સામી પિંડ નીપાયા | ૧૮૬ |
| ૯૬. | પિયું પિયું કીજીએ | ૧૭૫ |
| ૭૨. | પીરને પૂછી તમે પંથ સરેવો | ૧૩૨ |
| ૬૭. | બાનાઃ તું સચોથી સચે શાહખે સિરેવે | ૧૨૧ |
| ૩૨. | બીંદ્રારે વનમાં સુખ ચરેરે ગાવંત્રી | ૫૩ |
| ૭૬. | ભરપૂર રાજા તખતે બેઠા | ૧૩૮ |
| ૧૮. | ભાઇ તિની વીરેજીઉ ઉમેદું | ૨૮ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૮૮. | ભૂલો ભૂલો તે ભૂલો ભમરડોરે લોલ | ૧૫૯ |
| ૧૦૦. | માના માના માના માંહે રહેણા | ૧૮૨ |
| ૮૪. | મીઠડું આંઇ બોલો, વીરા નમી ખમી | ૧૫૩ |
| ૭૭. | મોમન મન ચંચલ કરી મન માંહે ધરો | ૧૪૦ |
| ૪૫. | યા અલ્લાહરે તમને શ્રેવું મારા હંસાજીના | ૭૫ |
| ૨૬. | યા અલી ખૂબ મજાલીસ | ૪૦ |
| ૯. | યારા અનત કરોડીએ વધાઇઉ | ૧૪ |
| ૬૦. | યારા શફાયત મહમદ કરશે | ૧૦૭ |
| ૮૩. | લાઓ તો આંહી લોણિયો | ૧૫૧ |
| ૭. | વેનતી કરું છું સાહેબ મોરાને | ૧૧ |
| ૯૪. | વીરા પરબ સરેવો, નિત લોણીને લીજે | ૧૭૧ |
| ૫૦. | શ્રી ઇસ્લામશાહ અમને મલિયા | ૮૭ |
| ૯૧. | શાહજી ચડે ગજ ગેમર ગુરજે | ૧૬૬ |
| ૪૧. | શેઠ કહે તમે સાંભળો વાણોતર | ૬૭ |
| ૩૦. | સખી મારી આતમના ઓધાર | ૫૦ |
| ૨૯. | સખી માહાપદ કેરી વાત | ૪૮ |
| ૫૭. | સત હો સુકરીત ગુરનર ગતસું આરાધો | ૧૦૨ |
| ૨૪. | સતના ઘટ વીરા શ્રેવીએ | ૩૭ |
| ૧૯. | સતના સરોવર સરાસર ભરિઆ | ૩૦ |
| ૩૬. | સમુદર બહોતણ બાનું વણજણ | ૫૯ |
| ૬૧. | સંસાર સાગર મધે વાણ | ૧૧૦ |
| ૨૮. | સાઇં સિરેવો મ ઢીલ કર | ૪૪ |
| ૫૫. | સાચલો મારગ સામીજીએ સીરજીઆ | ૯૭ |
| ૬૨. | સામી રાજો આવે જંગી ઢોલ વજાવે | ૧૧૨ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૪૦. | સામી રાજો આવશે વીરાભાઇ તંબલ | ૬૬ |
| ૭૧. | સાહેબ કેરો ભેદ ન બૂજેરે કોઇ | ૧૩૦ |
| ૫૧. | સાહેબ બડા જેણે સબ જુગ સિરજિયા | ૮૯ |
| ૮૬. | સાહેબ દેઆકુ દે ગુસાઇયાં મોરો | ૧૫૬ |
| ૭૮. | સેવા કારણ સબ જુગ સરજિયા | ૧૪૨ |
| ૧. | હક તું પાક તું બાદશાહ | ૧ |
| ૮૨. | હમદિલ ખાલક અલ્લાહ સોહી વસેજી | ૧૪૯ |
| ૫૨. | હું બલિહારી ગુર આપણે | ૯૦ |
| ૬. | હુંરે પિયાસી પિયા તેરે દરશનકી | ૭ |
| ૬૬. | હેત ગુરનરસું કીજીયે | ૧૧૯ |
| ૯૫. | હેતે મિલીને સતે ચાલજો | ૧૭૩ |
| ૩૧. | હો જીરે મારા હંસા કરણી કમાવો તો | ૫૧ |

# સાંકળિયું

## જુદા જુદા પીરો અને સૈયદોના રચેલા ગિનાનો પ્રમાણો


| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| | પીર શમ્સ (રહ.) | |
| ૧. | હક તું પાક તું બાદશાહ | ૧ |
| ૩. | અબ તેરી મહોબત લાગી | ૩ |
| ૪. | કાયમ દાયમ તું મોરો સામી | ૫ |
| ૩૩. | ઊંચથી આયો બંદે નીચ કીયું ધિયાવે | ૫૫ |
| ૩૪. | જુગત જોલ સંતોષ પાત્ર કરો | ૫૬ |
| ૩૫. | કેસરી સિંહ સરૂપ ભુલાયો | ૫૭ |
| ૪૪. | તારે પુઠીઅડે છે પાંચ, સાચલો સમર | ૭૪ |
| ૪૭. | ગટ ગુરૂજી ગટ ગુરૂજી, ધરમ સંચ | ૭૯ |
| ૪૮. | અજબ શહેર મેડે ખાલક સીરજ્યા | ૮૧ |
| ૮૨. | હમદિલ ખાલક અલ્લાહ સોહી વસેજી | ૧૪૯ |
| ૮૩. | લાઓ તો આંહી લોણિયો | ૧૫૧ |
| ૮૪. | મીઠડું આંઇ બોલો, વીરા નમી ખમી | ૧૫૩ |
| ૮૫. | અછડા ખોજો આંહી અછડા ખોજો | ૧૫૫ |
| ૮૬. | સાહેબ દેઆકુ દે ગુસાઇયાં મોરો | ૧૫૬ |
| ૮૭. | તમે જપજો દિનને રાત કે | ૧૫૭ |
| ૮૮. | ભૂલો ભૂલો તે ભૂલો ભમરડોરે લોલ | ૧૫૯ |
| ૮૯. | તારે વાગા તે ગિનાનના વાજારે મા | ૧૬૧ |
| ૯૦. | ગુરે કાઢી છે પાવલ હાથે | ૧૬૪ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| | પીર સદરદીન (રહ.) | |
| ૮. | આહીં કરેઓ મોમન મન ધીરારે | ૧૩ |
| ૯. | યારા અનત કરોડીએ વધાઇઉ | ૧૪ |
| ૧૦. | દીવડા બતી માંહે જીઉ તેલ | ૧૬ |
| ૧૧. | ઉથી અલ્લાહ ન ઘુરેં બંદા | ૧૭ |
| ૧૨. | ઊઠ બએઠ બંદા તું કાંય સૂતો | ૧૮ |
| ૧૩. | કાંયરે મોમનભાઇ તમે સોવોરે નચિંતા | ૨૨ |
| ૧૭. | કાએમ આયા શાહાજીઉ | ૨૭ |
| ૧૮. | ભાઇ તિની વીરેજીઉ ઉમેદું | ૨૮ |
| ૧૯. | સતના સરોવર સરાસર ભરિઆ | ૩૦ |
| ૨૦. | ગત લોકાંજીએ ઉમાયો શાહ | ૩૧ |
| ૨૧. | નૂર વેળા નૂર પીયો | ૩૩ |
| ૨૨. | તારીએ તું તારણહાર ખુદાવંદ | ૩૪ |
| ૨૩. | આવો મારા સામી રાજા | ૩૫ |
| ૨૫. | આનંદ આનંદ કરિયો રિખીસરો | ૩૯ |
| ૨૮. | સાઇં સિરેવો મ ઢીલ કર | ૪૪ |
| ૨૯. | સખી માહાપદ કેરી વાત | ૪૮ |
| ૩૦. | સખી મારી આતમના ઓધાર | ૫૦ |
| ૩૧. | હો જીરે મારા હંસા કરણી કમાવો તો | ૫૧ |
| ૩૨. | બીંદ્રારે વનમાં સુખ ચરેરે ગાવંત્રી | ૫૩ |
| ૩૬. | સમુદર બહોતણ બાનું વણજણ | ૫૯ |
| ૩૭. | તિલભાર તુલણા ખનેકી ધાર ચલણા | ૬૧ |
| ૩૮. | અલખ સિરેવો બાના આપણું | ૬૨ |
| ૩૯. | જૂઠીરે દુનિયા તમે કાંઇ ભૂલો | ૬૪ |
| ૪૦. | સામી રાજો આવશે વીરાભાઇ તંબલ | ૬૬ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૪૧. | શેઠ કહે તમે સાંભળો વાણોતર | ૬૭ |
| ૪૨. | જ્યારે તું ગિરભાસ્થાન વસંતો | ૭૦ |
| ૪૩. | દુનિયા ચલીત્ર દેખકે બંદે મત તું | ૭૨ |
| ૪૫. | યા અલ્લાહરે તમને શ્રેવું મારા હંસાજીના | ૭૫ |
| ૪૬. | ચેત ચેત બાના મન ચંચલ કરી | ૭૮ |
| ૪૯. | પરતક વીલોણીને ફાંસ માંડી | ૮૪ |
| ૫૦. | શ્રી ઇસ્લામશાહ અમને મલિયા | ૮૭ |
| ૫૧. | સાહેબ બડા જેણે સબ જુગ સિરજિયા | ૮૯ |
| ૫૨. | હું બલિહારી ગુર આપણે | ૯૦ |
| ૫૩. | ટાઢું ટાઢું મીઠડું બોલિયે | ૯૩ |
| ૫૪. | દુનિયા સીરજીને શાહ મોરે | ૯૫ |
| ૫૫. | સાચલો મારગ સામીજીએ સીરજીઆ | ૯૭ |
| ૫૬. | પંહેલો રે નામ સાહેબજો વડો લીજ. | ૧૦૦ |
| ૫૭. | સત હો સુકરીત ગુરનર ગતસું આરાધો | ૧૦૨ |
| ૫૮. | ધીરો ધીરો મોમનો તમે થરજ રેજો | ૧૦૪ |
| ૫૯. | પડે ને બૂજે તેને શું શું કહીએ | ૧૦૫ |
| ૬૦. | યારા શફાયત મહમદ કરશે | ૧૦૭ |
| ૬૧. | સંસાર સાગર મધે વાણ | ૧૧૦ |
| ૬૨. | સામી રાજો આવે જંગી ઢોલ વજાવે | ૧૧૨ |
| ૬૩. | ગત માંહે આવીને વીરાભાઇ કર જોડી | ૧૧૪ |
| ૬૪. | ગુન તેરા સામી રાજા, બક્ષીએ દોષ હમારા | ૧૧૫ |
| ૬૫. | તમકું સધારે સો દિન બહોતજ | ૧૧૭ |
| ૬૬. | હેત ગુરનરસું કીજીયે | ૧૧૯ |
| ૬૭. | બાના તું સચોથી સચે શાહખે સિરેવે | ૧૨૧ |
| ૬૮. | ખેડો ખેડો જેમાની નાવડી | ૧૨૩ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૬૯. | પર ઘર પ્રીત ન કીજિયે | ૧૨૫ |
| ૭૦. | ગુર આપનડેલા, પગે લાગી મનાવો | ૧૨૭ |
| ૭૧. | સાહેબ કેરો ભેદ ન બૂજેરે કોઇ | ૧૩૦ |
| ૭૨. | પીરને પૂછી તમે પંથ સરેવો | ૧૩૨ |
| ૭૩. | તારેંગો મેડો શ્રીરંગ સામી રાજો | ૧૩૪ |
| ૭૪. | કાં બાંધો માયા પૂરવસે હો કાયા પૂર | ૧૩૫ |
| ૭૫. | જોગકા પેંડા દોહેલા, સૂનો જોગી | ૧૩૬ |
| ૭૬. | ભરપૂર રાજા તખતે બેઠા | ૧૩૮ |
| ૭૭. | મોમન મન ચંચલ કરી મન માંહે ધરો | ૧૪૦ |
| ૭૮. | સેવા કારણ સબ જુગ સરજિયા | ૧૪૨ |
| ૭૯. | અબુજ ન બૂજે તેને કેમ કહીયે | ૧૪૪ |
| ૮૦. | જમીન આસમાન સાહેબે જુગતે | ૧૪૫ |
| ૮૧. | અવિચલ અલ્લાહ અવિચલ ખાલક | ૧૪૭ |
| | **પીર હસન કબીરદીન (રહ.)** | |
| ૨. | પહેલોરે નામ ખુદાજીકો લીજે | ૨ |
| ૧૪. | નિંદ કરતા નિંદ ગઇરે | ૨૩ |
| ૧૫. | જાગો જાગો હો મ સૂમીયો | ૨૪ |
| ૧૬. | ખડિયા પડિયા લેટિયા બેઠિયા | ૨૫ |
| ૯૧. | શાહજી ચડે ગજ ગેમર ગુરજે | ૧૬૬ |
| ૯૨. | ઇસ દુનિયામેં તું ભૂલી કેમ જાવે | ૧૬૮ |
| ૯૩. | નૂરે તે ખાક નીપાયા | ૧૭૦ |
| ૯૪. | વીરા પરબ સરેવો, નિત લોણીને લીજે | ૧૭૧ |
| | **સૈયદ ઇમામશાહ (રહ.)** | |
| ૨૪. | સતના ઘટ વીરા શ્રેવીએ | ૩૭ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૯૫. | હેતે મિલીને સતે ચાલજો | ૧૭૩ |
| ૯૬. | પિયું પિયું કીજીએ | ૧૭૫ |
| ૯૭. | કલજુગ પુરણ પરવરિયો | ૧૭૭ |
| ૯૮. | કલજુગના જીવ કઠણ છે | ૧૭૯ |
| ૯૯. | અમરાપૂરી માંહે અનંત છે સુખ | ૧૮૦ |
| ૧૦૦. | માના માના માના માંહે રહેણા | ૧૮૨ |
| ૧૦૧. | આદ ન હોતા અનાદ ન હોતા | ૧૮૪ |
| ૧૦૨. | પ્રાણ સરજી સામી પિંડ નીપાયા | ૧૮૬ |
| ૧૦૩. | પરથમ જોગ કેરા મૂલ વખાણું | ૧૮૭ |
| ૧૦૪. | આદ ઉણાદે અહુંકાર ઉપના | ૧૮૯ |
| ૧૦૫. | ઇંડ મધે જ્યારે ધિયાન ધરીને | ૧૯૦ |
| | **સૈયદ ફાઝલ શાહ (રહ.)** | |
| ૫. | કાચી કાયા મિટકી, બંદે ભીંજે | ૬ |
| | **એક સૈયદ (રહ.)** | |
| ૨૬. | યા અલી ખૂબ મજાલીસ | ૪૦ |
| | **સૈયદ ફતેહઅલીશાહ (રહ.)** | |
| ૨૭. | નવરોજના દિન સોહામણા (નવરોઝ) | ૪૨ |
| | **સૈયદ અબ્દુલ નબી (રહ.)** | |
| ૭. | વેનતી કરું છું સાહેબ મોરાને | ૧૧ |
| | **મીરા સૈયદ ખાન (રહ.)** | |
| ૬. | હુંરે પિયાસી પિયા તેરે દરશનકી | ૭ |

ફક્ત શીઆ ઇમામી ઇસ્માઈલીઓ માટે

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

પ્રકાશક :
પ્લેટિનમ જ્યુબિલ્લી પબ્લીકેશન્સ લિમીટેડ.
મુંબઈ-૪૦૦ ૦૨૦.